
ફાર્બસ

# ગુજરાતી સભા



ત્રૈમાસિક

પુસ્તક ૮૫ અંક ૨



વાસ્તવ, સંશોધન, કર્તવ્ય : કલા

ફાર્બસ

# ગુજરાતી સભા

ત્રૈમાસિક

(પુસ્તક ૮૫, અંક ૨)
એપ્રિલ–જૂન
૨૦૨૦

સંપાદક

**સિતાંશુ યશશ્ચન્દ્ર**

**હેમન્ત દવે**

આવરણ-સંકલ્પનાઃ પીયૂષ ઠક્કર

મુદ્રણ-અંકનઃ
મહેશ ચાવડા
**દિયા અક્ષરાંકન**
ચાવડા નિવાસ, વાસણા (બોરસદ) ૩૮૮ ૫૪૦
મો. ૯૯૦૯૧ ૦૦૧૨૭

મુદ્રણસ્થાનઃ
**જવનિકા પ્રિન્ટર્સ**
કારેલીબાગ, વડોદરા ૩૯૦ ૦૧૮
ફોનઃ ૦૨૬૫–૨૪૬૧૨૪૪

પ્રકાશક-મુદ્રકઃ
**સિતાંશુ યશશ્ચન્દ્ર**

પ્રકાશન-સ્થળઃ
**૩૦૨ બી, શ્રવણ રેસિડેન્સી, કોસ્મિક એન્કલેવ,**
**સમા, વડોદરા ૩૯૦ ૦૨૪**

લવાજમ તથા અવલોકન માટેનાં
પુસ્તકો મોકલવાનું સરનામુંઃ
**ફાર્બસ ગુજરાતી સભા**
**કીર્તન કેન્દ્રને ત્રીજે માળે**
**ઉત્પલ સંઘવી સ્કૂલ સામે, સંત જ્ઞાનેશ્વર માર્ગ, જૂહુ,**
**મુંબઈ ૪૦૦ ૦૪૯**

લેખો મોકલવાનું સરનામુંઃ
**પ્રકાશન સ્થળે**

**ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક લવાજમઃ**
એક વર્ષ માટેઃ રૂ. ૩૫૦   પાંચ વર્ષ માટેઃ રૂ. ૧૫૦૦   છૂટક અંકઃ રૂ. ૧૦૦

ISSN 0559-9253   યુજીસી કેર લિસ્ટ ક્રમ ૧૫૩

# સાંકળિયું


| | | |
|---|---|---|
| સંશોધન વિશે થોડુંક | હેમન્ત દવે | ૦૩ |
| • | | |
| આપણે કરીશું શું? (ગાંધી-સંગોષ્ઠી) | ઇલા ૨૦ ભટ્ટ | ૦૬ |
| વિશ્વના નાટ્યસિદ્ધાંતોઃ બેર્ટોલ્ટ બ્રેશ્ટ | એસ૦ ડી૦ દેસાઈ | ૦૯ |
| મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તથા સંતસાહિત્યની હસ્તપ્રતોનાં સંશોધન તથા સંપાદન – નવી પેઢીના સંશોધકોને એક આહ્વાન | નિરંજન રાજ્યગુરુ | ૧૬ |
| રણમલ્લ છંદઃ કેટલાંક નિરીક્ષણો | પ્રફુલ્લ રાવલ | ૨૬ |
| નાથ સંપ્રદાયની વાણી | દર્શના ધોળકિયા | ૩૫ |
| ગાંધીયુગીન રાનીપરજ પરિષદો (૧૯૨૩–૧૯૪૧): સંસ્થાનિર્માણ અને સમાજપરિવર્તનના સંદર્ભમાં | અરુણ વાઘેલા | ૪૭ |
| ભીલસમાજના ગાંધીયુગીન સુધારક અને ઉદ્ધારક સુખદેવભાઈ ત્રિવેદી | વિજય નિનામા | ૬૩ |
| આ અંકનાં લેખકોનાં સરનામાં | | ૬૨ |


**લૉકડાઉનના આ સમયમાં આ અંકનું મુદ્રણ અને વિતરણ અગાઉ મુજબ કરવું શક્ય ન જણાતાં, ફાર્બસ ગુજરાતી સભાના પ્રમુખ શ્રી નવીનભાઈ દવેની અનુમતિ સાથે આ અંક હાલ ઇલેક્ટ્રોનિક માધ્યમથી પ્રકાશિત કર્યો છે.**

# સંશોધન વિશે થોડુંક

હેમન્ત દવે

સામયિકના ૮૪(૩) અંકમાં આપણે 'સંશોધન વિશે થોડું' એ શીર્ષક નીચે સંશોધનની કાર્યપ્રણાલિ કેવી હોય અથવા હોઈ શકે એ વિશે થોડી પ્રારંભિક ચર્ચા કરી હતી. એ ચર્ચાને હવે આગળ ધપાવીએ.

## સંશોધનની આવશ્યકતા:

આપણે આગળ જોયું તેમ સંશોધન સંશયમાંથી જન્મે છે અને એ સંશયના નિરાકરણ માટે સંશોધક પ્રવૃત્ત થાય છે. પણ આ સંશયની માહિતી સંશોધકના વાચકને હોય નહીં માટે એણે આ સંશોધનની આવશ્યકતા શાથી ઊભી થઈ એની સ્પષ્ટતા કરવી જોઈએ. સામાન્ય રીતે એની માહિતી લખાણના પ્રથમ પ્રકરણમાં અથવા સંશોધનલેખ હોય તો એના પ્રારંભિક પરિચ્છેદોમાં આપવામાં આવે છે. અહીં સંશોધક પોતાના કામ માટે તર્ક અથવા ઉપપત્તિ (argument અથવા rationale) આપે છે. આપણે અગાઉ લીધેલું ઉદાહરણ આગળ ચલાવીએ તો ભારતીય જ્ઞાનમીમાંસા શા માટે અને કઈ રીતે પુરાતત્ત્વના પ્રશ્નો કે સમસ્યાઓને ઉકેલવામાં મદદરૂપ થઈ શકે તેની જાણકારી આપવી. સાથે જ સંશોધકે પોતાના સંશોધનના હેતુઓ કે ઉદ્દેશોની તેમજ પોતે સ્વીકારેલી મર્યાદાઓની માહિતી આપવાની રહે છે. સંશોધક પોતાના કાર્યને અંતે એમાં હજુ કઈ બાબતો આવરી લઈ શકાઈ નથી એ વિશે પ્રકાશ ફેંકે તો એ આવકાર્ય બને.

## શોધગ્રંથનું માળખું:

શોધગ્રંથનું સામાન્ય માળખું આ પ્રમાણે હોય છે:

૧. શોધગ્રંથનું શીર્ષક
૨. (જો પીએચ૦ડી૦ માટેનો નિબંધ હોય તો) જરૂરી પ્રમાણપત્ર
૩. અર્પણપત્રિકા

૪. અભિલેખ (ગ્રંથ કે પ્રકરણ કે લેખના આરંભે જે અવતરણ મૂકવામાં આવે છે તે અભિલેખ કહેવાય છે. સામાન્ય રીતે એમાં સંદર્ભ આપવાનો ચાલ નથી.)

૫. અનુક્રમણિકા

૬. કોષ્ટક, ચિત્રો, આકૃતિઓની સૂચિ

૭. આમુખ (વિષયના તજ્જ્ઞ પાસે કરાવડાવેલું પ્રબંધ વિશેનું લખાણ)

૮. લેખકનું નિવેદન/સ્વકથ્ય/બે બોલ/પ્રસ્તાવના

૯. ઋણસ્વીકાર

૧૦. ટૂંકાક્ષરો (જો લખાણમાં પ્રયોજ્યા હોય તો)

૧૧. ઉપોદ્‌ઘાત

૧૨. પ્રકરણવ્યવસ્થા

૧૩. ઉપસંહાર

૧૪. પરિશિષ્ટ

૧૫. સંદર્ભસૂચિ

૧૬. શબ્દસૂચિ

**પૂર્વકાર્યઃ**

પ્રારંભે પ્રસ્તાવનામાં પોતાની સમસ્યાની જાણકારી આપ્યા બાદ એ સમસ્યા શાને કારણે છે તેની તથા પહેલાના સમયમાં કયા પૂર્વસૂરિઓએ એ વિશે કામ કર્યું છે એની જાણકારી આપવી જોઈએ, અને પૂર્વસૂરિઓના તદ્વિષયક કામ છતાં શાથી એની જરૂરિયાત ઊભી થઈ છે તે સ્પષ્ટ કરવું જોઈએ. પોતાને અભિમત વિષય અંગે પૂર્વસૂરિઓનું શું કહેવાનું છે એના ઊંડા અભ્યાસ વિના કોઈ પણ સંશોધક પોતાના સંશોધનની શરૂઆત કરી શકે નહીં. પોતાના લખાણમાં એણે આ સંશોધનોની સવિગત ચર્ચા પણ કરવી પડે. કમનસીબે, આપણે ત્યાં ગુજરાતમાં પહેલાં થયેલાં કામો વિશે માંડીને વાત કરવાની કોઈ પરિપાટી નથી, પરિણામે છેડાયેલો વિષય જે-તે સંશોધકથી જ જાણે ન શરૂ થયો હોય તેવી છાપ પડે છે. આ પરિપાટી ન ઊભી થવાનું કારણ એ પણ છે કે આપણને સંશોધનની પ્રક્રિયાની જાણકારી નથી હોતી અને આપણે ઉત્તમ સંશોધકોનાં લખાણોનું અધ્યયન—જે કોઈ પણ સંશોધક માટે અનિવાર્ય પૂર્વશરત કહેવાય—નથી કર્યું હોતું. પૂર્વેનાં સંશોધનોની જાણકારી માટે પણ સંશોધનની આવશ્યકતા તો રહે જ છે. આદર્શ રીતે, સંશોધકે પહેલાં થયેલાં કામોની વિશેષતાઓ, એમની મર્યાદાઓ તેમજ એમનાં પ્રદાનોની ચર્ચા કરવી પડે. અથવા તો, જો કોઈએ કામ ન કર્યું હોય તો શાથી એ પરત્વે કશો વિચાર થયો નથી એની ચર્ચા કરવી જોઈએ. કોઈએ આ પ્રકારના સંશોધન અંગે દિશાસૂચન કર્યું હોય તો તે બાબતનો પણ ઉલ્લેખ કરવો ઘટે.

પૂર્વસૂરિઓના કાર્યની ચર્ચા કરતું એક પ્રાચીન ઉદાહરણ આપણે જોઈએ. વેદોના અઘરા શબ્દોનો સંચય *નિઘંટુ* નામક કોશમાં કરવામાં આવ્યો છે. આ શબ્દોની સમજૂતી આપવા માટે મહર્ષિ યાસ્કે (લગ૦ ઈ૦પૂ૦ ૭–૬મી સદી) એમનો ટીકાગ્રંથ *નિરુક્ત* રચ્યો. યાસ્કાચાર્યનો પોતાનો સંપ્રદાય

નૈરુક્તનો છે, એટલે કે શબ્દની સમજૂતી તેઓ મોટે ભાગે એના ધાતુને આધારે આપે છે. પણ સાથે જ તેઓ જણાવે છે કે બધા શબ્દો ધાતુમાંથી જ ઊતરી આવ્યા હોય એમ હોતું નથી. અસ્તુ. આચાર્ય યાસ્ક એમના *નિરુક્ત*માં પોતાને અભિપ્રેત અર્થ આપતાં પહેલાં વૈયાકરકણોના, ઐતિહાસિકોના, નૈદાનોના, કર્મકાંડીઓના મત આપે છે, એમની સમીક્ષા કરે છે ને જરૂર પડ્યે ટીકા પણ કરે છે. યાસ્કાચાર્ય જ્યારે પોતાના વિચારો રજૂ કરે છે ત્યારે એ માટે તેઓ એમના સમયની દૃષ્ટિએ આશ્ચર્યકારક એવાં તાર્કિક કારણો અને પુરાવાઓ રજૂ કરે છે. દા૦ત૦ કૌત્સ નામના વિદ્વાન વેદમન્ત્રોને અર્થ વિનાના, અનર્થક માને છે અને એ મતના સમર્થનમાં પોતાની દલીલો રજૂ કરે છે. આગમપ્રામાણ્યમાં માનતા અને શબ્દોને અર્થ હોય છે એવા પૂર્વગૃહિત સાથે કામ કરતા યાસ્કાચાર્યને આવો મત માન્ય ન હોય એ સમજી શકાય. આચાર્ય પોતાના સંપ્રદાયને અનુકૂળ અર્થ બીજાના મતની ચિંતા કર્યા વિના પણ આપી જ શક્યા હોત, પણ તેઓ આ બીજા, બલકે વિરોધી, મતોની ઝીણવટપૂર્વક પરીક્ષા કરી પોતાનો મત સબળ રીતે મૂકી આપે છે. કૌત્સની વેદાર્થવિરોધી વિચારણાને તેઓ બહુ જ સન્માનપૂર્વક, અને બેશક ધારદાર દલીલો અને તર્ક વડે, તોડી પાડે છે. લક્ષ્મણ સ્વરૂપ આ વિશે જે લખે છે તે આપણી ચર્ચાને સમર્પક હોઈ લંબાણે ઊતારું છે:

> *નિરુક્ત*માં કૌત્સ નામના વિદ્વાનને યાસ્ક ટાંકે છે. કૌત્સે વેદના પ્રામાણ્ય સામે તો પ્રશ્ન ઉપસ્થિત કરે જ છે પણ સાથે જ એમ માને છે કે વેદના મંત્રોનો કોઈ અર્થ નથી. પોતાના આ મતના સમર્થનમાં તેઓ દલીલો પણ આપે છે. યાસ્કના મતે વેદો અપૌરુષેય છે અને એનું અધ્યયન ખૂબ કાળજીપૂર્વક થવું ઘટે. આચાર્યનો પોતાનો ગ્રંથ આ અધ્યયનને મદદરૂપ થવા માટે છે. નિરુક્ત ષડ્વેદાંગોમાંનું એક છે એથી યાસ્ક શા હેતુસર આવા વેદવિરોધી વિદ્વાનને પોતાના ગ્રથમાં ચર્ચી એમના મતને ઉથલાવે છે એ સમજવું થોડું મુશ્કેલ છે. કેમ કે, સ્વતઃપ્રામાણ્યને માનતા ગ્રંથમાં એ ધર્મના નિષ્ણાત વિદ્વાન એ ધર્મના સૌથી આધારરૂપ મનાતા મતનો વિરોધ કરતા વિવાદને વિગતે રજૂ કરે એ કાંઈ બહુ મગજમાં ઊતરે એવી વાત નથી. યાસ્કે કરેલી કૌત્સ-વિવાદની આ ચર્ચા સ્પષ્ટ કરે છે કે યાસ્ક પોતે ચિકિત્સક બુદ્ધિવાળા હતા, કોઈ પ્રકારના ધાર્મિક કટ્ટરતાવાદથી મુક્ત હતા સાથે જ પ્રાચીન કાળમાં આ પ્રકારની વિવાદગ્રસ્ત ચર્ચા સહિષ્ણુતાથી કરવી શક્ય હતી. બીજું એ પણ ખરું કે કૌત્સ એમના સમયના એક મહાપંડિત હતા, અથવા કોઈ મોટી વિભૂતિ હતા, અથવા કોઈ દાર્શનિક વિચારધારાના પ્રવર્તક હતા, અને એમના મતની ઉપેક્ષા કરવાનું શક્ય નહોતું. (*ધ નિઘંટુ ઍન્ડ ધ નિરુક્ત*, ૧૯૨૦–૧૯૨૯/૨૦૦૨: ૧.૭૧–૭૨; સ૨૦ પૃ૦ ૫૬)

પૂર્વસૂરિઓના કાર્યની ચર્ચા હંમેશાં કાલાનુક્રમે કરવી જોઈએ; એમનું અધ્યયન એ રીતે ન કરાયું હોય તો પણ. એમ કરવાથી વાચકને, તો સંશોધક સ્વયંને પણ, વિષયના વિકાસનો ખ્યાલ આવે છે. કયા પ્રશ્નોના ઉકેલ આવ્યા છે અને કયાના નહીં, કયા નિર્ણયો અંગે એકમતિ સધાઈ છે અને કયા વિશે નહીં, કયા મુદ્દા હજુ ધ્યાનમાં આવ્યા જ નથી, કયાં નવાં તથ્યો પ્રકાશમાં આવ્યાં છે— આ તમામનો ખ્યાલ આવે છે. પોતાના વિષયમાં થયેલાં સંશોધનોનો અભ્યાસ ન કરવામાં આવ્યો હોય તો જે વસ્તુ સિદ્ધ થઈ ચૂકી હોય તેની પુનરાવૃત્તિ થાય એમ બને, જે સમય, શ્રમ અને બુદ્ધિ ત્રણેનો બગાડ છે.

(ક્રમશઃ)

# આપણે કરીશું શું?
# (ગાંધી-સંગોષ્ઠી)

**ઇલા ર૦ ભટ્ટ**

કોરોનાની મહામારીનો સૌથી જબરજસ્ત કોઈ સંદેશ કહો કે સલાહ કહો – જે છે તે એ કે તમે માનવો સહુ કોઈ સમાન છો. વસુધૈવ કુટુંબકમ્. વન હ્યુમન કોમ્યુનિટી. તમે ભલે અનેક પ્રકારના ભેદભાવ પર જોર લગાવતા હો – નાતજાત, ઊંચનીચ, રાયરંક, ધોળાકાળા, દેશીપરદેશી, સ્ત્રીપુરુષ, શહેરના ગામડાના... પણ કોરોના તો ગમે તેનો સંગ સાધે ને ચાહે તો તેનો સાથ ઉપાડી જાય. કોરોના ગાઈ-ગજાવીને કહે છે કે તેને મન 'હમ સબ એક હૈ!' આ છે મહામારીનો સંદેશ.

આનું નામ જીવનકળા.

'જીવનકળા શીખીએ, શીખવીએ' – આ છે ગાંધીજીના શબ્દો... ગાંધીજીએ કહ્યું કે લખ્યું જે મેં વાંચ્યું તે અદ્‌ભુત છે! તેમના જ શબ્દોમાં,

> 'આજે તો આપણને નથી ચોક્ખું પાણી મળતું, નથી ચોક્ખી હવા, નથી ચોક્ખી માટી મળતી. આપણે સૂર્યથી સંતાઈને રહીએ છીએ. આ બધાનો વિચાર (તથા) યોગ્ય ખોરાક યોગ્ય રીતે લઈએ તો કેટલાય યુગોનું કામ થયું સમજો. તેનું જ્ઞાન મેળવવા માટે નથી ડીગ્રી જોઈતી, નથી કરોડો રૂપિયા, કેવળ ઈશ્વર ઉપર શ્રદ્ધા, સેવાની ધગશ, અને પંચમહાભૂતોનો થોડો પરિચય તથા યુક્તાહારનું જ્ઞાન જોઈએ'.

(લ્યો, આ તો ગૂજરાત વિદ્યાપીઠનો પાંચ વરસનો અભ્યાસક્રમ મળી ગયો!)

જો કે આ કોઈ નવી વાત નથી કરતી હું! કે, હવા અને પાણીની માફક જ્ઞાન પણ માનવને મબલખ અને વિનામૂલ્ય આપ્યું છે. માનવે શું કર્યું તેનું? પહેલાં, જ્ઞાનને પ્રદૂષિત કર્યું અને પછી બજારમાં વેચવા મૂક્યું... આવું કર્યું છે માનવજાતે. શું આપણે પણ તેવું જ કરીશું? શું કરીશું?

મહામારીનો ઊંચે ચઢેલો તાવ હજુ નોર્મલ થયો નથી. જાણવા મળે છે કે હજુ ઉપર ચઢી રહ્યો છે. વહેલો મોડો નીચે ઊતરશે, નોર્મલ થશે એવી આશા રાખી શકીએ? હા? કે ના? નોર્મલ લાવવા માટે શું કરવું તેની દવા પણ હજુ હાથમાં આવી નથી.

પણ, સવાલ મુખ્ય એ છે કે આપણે કેવું 'નોર્મલ' જોઈએ છે? જેણે કરોડો પ્રામાણિક મજૂરી કરતાં નાગરિકોને ઘડીના છઠ્ઠા ભાગમાં શહેરમાંથી પહેરેલે લૂગડે હાથેપગે કરીને ભગાડી મૂક્યા તેવું જ નોર્મલ પાછું જોઈએ છે? શહેરોને હિંસક થવા દેવાં છે? દમનકારી? આવા હિંસક વિકાસને અંતે મળનારી સમૃદ્ધિનું નોર્મલ જોઈએ છે? પ્રદૂષણ શહેરનું ઘટવાનું મને નથી લાગતું. હું બોલવા જતી હતી કે ('હોપ આઇ એમ રોંગ') પણ ત્યાં તો સંદેશ સાંભળ્યો કે મેટ્રોનું કામ શહેરમાં ચાલુ કરી દો.

નોર્મલતા આપણે જ લાવીશું. નોર્મલ થયે જ છૂટકો છે. તો, આપણે કરીશું શું? મારા વિચારો આપ સૌને જણાવું છું. બહુ જ ટૂંકમાં, ગંભીરતાપૂર્વક, નમ્રતાપૂર્વક આપના સમક્ષ મૂકું છું.

પહેલું તો, મેં પહેલાં જ કહ્યું તે 'હમ સબ એક હૈ'. સજીવમાત્રનો ભેદભાવ હટાવીએ, કુદરત અને માનવનો સંબંધ અતૂટ રાખીએ.

બીજું, સ્થાનિક ધંધાવેપાર, ઉત્પાદનને ઉત્તેજન આપીએ. આપણો મહેનતનો પૈસો મહેનત કરનાર પાસે જાય, આપણો પ્રામાણિક પૈસો પ્રામાણિક પાસે જાય તેવું વિચારીને ખર્ચ કરીશું.

ત્રીજું, પ્રવાસનું પ્રમાણ ઘટાડીએ.

વાહનનો ઉપયોગ લાંબા અંતર માટે જ કરીએ. સાઇકલ વાપરીએ. ચાલતાં જવાય ત્યાં ચાલતાં જઈએ. લાંબા અંતરના કારભાર ટાળીએ, જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં આમ સ્થાનિકતા લાવીએ.

આમ કરીને, કમ સે કમ આપણા પોતાના કાર્બન ફૂટપ્રિન્ટ તો ઘટાડીએ.

ચોથું, સફાઈની કાળજી આજ કરતાં વધુ રાખીએ. સફાઈ કરવામાં કેમિકલ, દવા, પાઉડર, સ્પ્રે જેવાનો ઉપયોગ ઘટાડતા જઈએ. વિકલ્પો શોધીએ, કુદરતી વિકલ્પો.

ઉપરાંત, સફાઈ માટે હજુય ઘણાં બધાં રહેઠાણોમાં પાણીની ખોટ છે, નહિવત્ છે.

સફાઈ માટે જ્યાં પાણીનો અભાવ યા ખોટ હોય તે દૂર કરવા ઝુંબેશ ચલાવીશું.

પાંચ, વેસ્ટ તથા કચરાનો નિકાલ ખૂબ જવાબદારીપૂર્વક કરીએ. મૂળે તો, વેસ્ટ-કચરો પેદા કરીએ જ શા સારું? વેસ્ટ થવા જ ન દઈએ.

'વાપરો વિચારીને', આ સૂત્ર બહુ પ્રચલિત કરવાની જરૂર છે.

ઉપરાંત, રિસાઇકલિંગનો ઉદ્યોગ અપનાવીએ, વપરાયેલી વસ્તુને ભસ્મ ન કરીએ, પણ પુનર્જન્મ આપીએ.

છઠ્ઠું, ઊર્જા. ઊર્જામાતા જય હો!? એના વિના ઘડી નથી રહેવાતું! માટે છઠ્ઠું એ કે ઘરમાં વપરાતી ઊર્જાનો હિસાબ રાખીએ, તેની ઓડિટ-તપાસ આપણે જાતે કરીએ. વીજળી, ગેસ, કોલસાનો

ઉપયોગ ઘટાડીએ, વાપરવામાં સંયમ રાખીએ – તાકીદ રાખીએ. તેની ઉપરાંત, વરસાદી પાણીને ઘરમાં તેમજ બહાર આપણી જમીનમાં સંઘરીએ. આપણા પર વરસેલી એ પ્રભુકૃપાને આપણી પાસે જ રાખીએ ને. તેનો સદુપયોગ – થોડીક પણ લીલોતરી, ખાદ્ય ચીજ ઉગાડીએ – ભાજી, શાક, ઔષધ, કંદમૂળ, ફળ, કઠોળ, સૂકવણી, ઇત્યાદિ. કૂંડામાં, ક્યારામાં, અગાસી પર, ઝરૂખામાં, ઓરડામાં...

સાતમું? તે ટેક્નોલોજી. સમુચિત, સંપોષક તેવી ટેક્નોલોજીને વિકસાવીએ. આપણા કાબૂમાં રહે તેવી, નહિ કે આપણે તેના ગુલામ બની જઈએ. આમ થશે ત્યારે જ આપણા કારીગરોને માટે અનુકૂળ 'ટૂલ' ઓજારો બનાવી શકીશું. તે માટે સ્થાનિક સ્તરે આર ઍન્ડ ડી સેન્ટર મતલબ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ કેન્દ્રો ઊભાં કરીએ. હું ટેક્નોલોજીની વિરુદ્ધ નથી. આખરે તો આપણને સ્થાનિક સંશોધન જ સાચું ઉપયોગી તથા ઉત્પાદક થશે. ટૂંકમાં, સૌ યુવાન સ્ત્રી-પુરુષ કોમ્પ્યુટરની આવડત મેળવે. કોમ્પ્યુટરમાં ડિજિટલથી પૂરા વાકેફ થઈએ, શીખીએ, શીખવીએ. નહિ તો ફરી આપણે ગુલામ બની રહીશું. નહીં તો આસપાસની વાસ્તવિકતાથી અજાણ અને અબુધ રહી જઈશું. હા, અવશ્ય ખાતરી રાખીએ કે યંત્ર કહે તેમ નહિ પણ યંત્ર આપણે કહીએ તેમ ચાલે તેવું આયોજન કરીએ. આ અઘરું હશે, પણ શક્ય છે જો આપણે સ્થાનિકતામાં દઢ માનતા હોઈશું.

કરીશું શું?

પરિવર્તન. પરિવર્તન એવું કે જે ટકાઉ – સસ્ટેઇનબલ પરિવર્તન... આપણે એવી પરિવર્તનમય નોર્મલતા લાવીએ કે જે સમજણપૂર્વક તથા જાતે વિચારેલ હોય. 'કોપીકેટ' તો નહિ જ. હરગિજ નહિ.

આજના સપ્લાય અને ડિમાન્ડના અર્થતંત્રની દમનકારી જાળમાંથી તો બહાર નીકળવું જ છે. આપણે, સહુ કોઈ સજીવસૃષ્ટિ તમામને સંપોષણ દે તેવી અર્થવ્યવસ્થા સર્જીશું. એમ થાય તેવું કરીશું.

આવી હોય જીવનકળા. 'નવા નોર્મલ'ની આવતી કાલની ગાંધીચીંધ્યા માર્ગે આજની મહામારીના યુગમાં નિત્યજીવનની આવી રીત શીખીએ, આચરીએ.

ગાંધીચીંધ્યા કામ કરવાનું આપણે શીખ્યા છીએ. આપણા પ્રત્યેક કામ – કર્મ જે સત્ય, સચ્ચાઈને પ્રકાશિત કરે, જે પ્રેમ અને કરુણાના માર્ગે લઈ જાય એ સર્વ કર્મો આપણાં, ગાંધીમાર્ગે જ ચાલતાં કામો છે. આગળ જતાં જે, સૌને પોતાની જાત, સમાજ અને પ્રકૃતિ માંહ્યના અનુબંધને સજાગ કરવા તરફ લઈ જાય, જે ગુલામીમાંથી મુક્તિ અપાવે એ બધાંય ગાંધીનાં જ કામો છે જે આપણે કરીએ પણ છીએ... તેવાં કામો આપણે કરીશુંઃ પછી ભલે ને ગાંધીનો 'ગ' પણ લખાયો ન હોય... મારાથી કહેવાઈ જાય છે કે વધુ પડતું ગાંધી-ગાંધી કરીશું તો ગાંધી નામ ક્યાંક અબખે ન પડી જાય!

યાદ તો રહે કે હમ સબ એક હૈ!

# વિશ્વના નાટ્યસિદ્ધાંતો: બેર્ટોલ્ટ બ્રેશ્ટ

એસ૦ ડી૦ દેસાઈ

## પ્રાસ્તાવિક

સ્વયંભૂપણે શરીરનાં અંગઉપાંગોની ચેષ્ટાઓ અને વાણીની સંજ્ઞાઓ વડે રોજબરોજના વ્યવહારો સરળ બનતા ગયા એ જોઈને માણસને ધીરેધીરે શારીરિક સંજ્ઞાઓની અસીમિત ક્ષમતા સમજાઈ હશે. સમાજની સાથોસાથ વ્યક્તિગત વિકાસ સાધતા રહીને તેણે સામાન્ય વ્યવહારો ઉપરાંત ભાવ અને વિચારની અભિવ્યક્તિની અને વ્યક્તિસમૂહો સાથે તેની આપ-લેની શક્યતાઓ નિહાળી. પરિણામે, એમ લાગે છે, રંગભૂમિ(theatre)નો ઉદ્ભવ થયો. રંગભૂમિના વિકાસના કેન્દ્રમાં વ્યક્તિ અને સમાજ બંને રહ્યાં. બંનેએ તેને ઘડી. વ્યક્તિગત મનોરંજનથી ઉપર ઊઠી સામાજિક આવશ્યકતા અને ઉત્તરદાયિત્વ પણ એણે સાચવ્યાં.

નાટ્યાત્મક અભિવ્યક્તિ આદિમાનવના કઢંગા લાગતા પ્રયાસો, આદિ પ્રજાઓનાં સામાજિક-ધાર્મિક રીતરિવાજો, પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક ધાર્મિક ક્રિયાઓથી માંડીને સાંસ્કૃતિક વિકાસના તબક્કાઓ દરમ્યાન રમતગમતો, સભાસરઘસો, વિજ્ઞાપનના પ્રકારો, ઉત્સવોની ઉજવણી વગેરેમાં જે રીતિ ડોકાય છે તે વિસ્તૃત સંકલિત સંશોધનનો વિષય છે. દરેક દેશની રાષ્ટ્રીય અને પ્રાદેશિક ખાસિયતો સાથે નોખી પડતી રંગભૂમિ ઉપર પુસ્તકો લખાયાં છે અને લખાતાં રહેશે. અને વળી સમય, સ્થળ અને સંદર્ભે વિકસેલી રંગભૂમિ પરત્વે સૈદ્ધાંતિક પ્રતિપાદન પણ થયું છે અને થતું રહેશે.

ભારતીય નાટ્યનું વીગતે વ્યવસ્થિત પ્રતિપાદન ભરતમુનિના *નાટ્યશાસ્ત્ર*માં છે. સમય ચોવીસસો જેટલાં વર્ષો પૂર્વનો. પ્રસ્તુત નાટ્યપરંપરા એથી પણ પ્રાચીન. એમાં સાધનસંપન્ન અને અકિંચન, ભદ્ર અને કહેવાતો અભદ્ર વર્ગ, વિજેતા અને પરાજિત, પુરુષ અને સ્ત્રી સમેત વિશ્વસમસ્તને મનોરંજન આપી સુગ્રથિત એકમ તરીકે સ્થાપિત કરવાની શક્તિ નાટકમાં હોવાનું કહેવાયું છે. નાટકની ઉત્પત્તિ સમયે 'રાક્ષસો'એ – અર્થાત્ એક અથવા બીજા કારણે દબાયેલા-કચડાયેલા

અલ્પસંખ્યકોએ – બીકના માર્યા વિઘ્નો ઊભાં કર્યાં. તેમને ઉદ્દેશીને બ્રહ્માએ આશ્વાસન આપ્યાની નોંધ છે કે त्रैलोक्यस्यास्य सर्वस्य नाट्यं भावानुकीर्तनम् નાટ્ય તો સમગ્ર ત્રિલોકના ભાવોનું અનુકીર્તન છે. એમાં નથી કોઈ અપવાદ કે નથી કશો પૂર્વગ્રહ.

પોતાના સમયનાં વલણો અને અગાઉ થઈ ગયેલી સર્જક પ્રતિભાઓની કૃતિઓના તુલનાત્મક અભ્યાસને આધારે પશ્ચિમમાં ઍરિસ્ટોટલે કલાને લગતું સૌંદર્યશાસ્ત્ર નિર્માણ કરવાની આવશ્યકતા અનુભવી. પોતાના જ ગુરુ એવા પ્લેટોને 'કલ્પના-કથાઓ' આદર્શ નાગરિકના ઘડતર આડે આવતી લાગેલી. વૈજ્ઞાનિક અને સૌંદર્યલક્ષી દૃષ્ટિ ધરાવતી આ પ્રતિભાએ 'પોએટિક્સ' દ્વારા જે સૌંદર્યશાસ્ત્રનું નિર્માણ કર્યું તે પાશ્ચાત્ય સંસ્કૃતિ માટે અસરકારક રીતે પ્રભાવક રહ્યું છે. સમય, સ્થળ અને કાર્ય એ દરેકની એકાત્મકતા ઉપરાંત વિશેષે ટ્રેજિડી અને કૉમેડીના માર્ગદર્શક સિદ્ધાંતો ઍરિસ્ટોટલે સ્થાપ્યા. પોતાના સમયના અને તે પછીના સર્જકો અને ચિંતકો એ સિદ્ધાંતોને વખતોવખત યાદ કરે છે અને તેનું અર્થઘટન અને મૂલ્યાંકન કરે છે. ટ્રેજિડીનાં કમનસીબ પરંતુ ઉદાત્ત નાયકમાં સામાન્ય વ્યક્તિથી વધુ ઉમદા ગુણો અને કૉમેડીના કેન્દ્રમાં રહેલા પાત્રમાં સામાન્ય વ્યક્તિથી ઊણી ઊતરતી લાગતી ખાસિયતો અંગેના તેના સિદ્ધાંતો આજપર્યંત સર્વસ્વીકૃત છે.

કલામાં સૌંદર્યની સમજનો પાયો નાંખનાર પાશ્ચાત્ય સૌંદર્યશાસ્ત્ર અને ભારતીય સૌંદર્યશાસ્ત્રની નોંધપાત્ર બાબત એ છે કે ઍરિસ્ટોટલ સમગ્ર કલાસર્જનના સ્વરૂપ અને સંવિધાનની વીગતે ચર્ચા કરે છે, જ્યારે ભારતીય સૌંદર્યશાસ્ત્ર આ ઉપરાંત, વિશેષે રંગમંચલક્ષી કલાઓમાં, કલાનિર્માણના કેન્દ્રરૂપ રસનિષ્પત્તિની અને તે સાથે ભાવકને સક્રિયરૂપે જોડતી સંક્રમણની પ્રક્રિયાની વીગતે સમજ આપે છે. એ મુજબ, એ કલાઓમાં સૌંદર્યનું પ્રાગટ્ય કલાકારના સંવેદનાતંત્ર સાથે સંકળાયેલું છે, જેમાં હૃદય કેન્દ્રમાં છે. પાશ્ચાત્ય કલામીમાંસામાં આજ સુધી મહદંશે બુદ્ધિનું પ્રાધાન્ય રહ્યું છે. ઉલ્લેખ પાત્ર છે કે પશ્ચિમના ચિંતકો બુદ્ધિ અને હૃદય, એટલે કે વિચાર અને લાગણી, વચ્ચે વિષમતા જુએ છે. ભારતીય દર્શકો જુએ છે કે વિશ્વચૈતન્ય જેનાથી ધબકી રહ્યું છે તે આનંદથી છે, જે અ-મૃત છે. મૃત્યુ જીવનનો કરુણાન્ત નથી. વિશ્વવ્યાપ્ત અને અંતરસ્થ આનંદતત્ત્વનો એટલે કે તે સાથે એકત્વનો જેણે અનુભવ કર્યો છે તેને મૃત્યુનો પણ ભય નથી. ભય તો તેને હોય જે બે વચ્ચે વિષમતા જુએ.

## તદ્રૂપતાનો સિદ્ધાંત

આદિમ તબક્કે, જોઈ-સાંભળી શકાય એવી જાડી વાસ્તવિકતાનું નિરૂપણ, કઢંગી રીતે પણ, કલામાં અનુકરણ દ્વારા થયું. એ કલાની પ્રકૃતિમાં હતું એટલે, ઉત્તરોત્તર જે છે તેની સામે માત્ર અરીસો ધરવાના પ્રયાસમાં તેને કૃતકૃત્યતા ન લાગી. ક્ષમતાની સાથે તેની સહજ ઇચ્છા અને આવશ્યકતા એ હતી કે વાસ્તવિકતાને કલ્પનાથી તે નવો ઘાટ આપે. એ નવો ઘાટ આવતી કાલની વાસ્તવિકતા તો બને ત્યારે, પરંતુ આ પ્રક્રિયામાં કલાસર્જકોને સર્જનલક્ષી આનંદ મળતો રહ્યો છે. પ્રફુલ્લ સૌંદર્યભર્યા દર્શન-સર્જનની પ્રક્રિયાના ભાગરૂપે જે ધાર્મિક ક્રિયાકાંડો, પુનરાવર્તિત પ્રાકૃત ક્રિયાઓ, પારંપરિક કથાઓ, દંતકથાઓ, કિંવદંતી, વગેરે જોયાં તેમાં સર્જકોને અર્થસભરતા દેખાઈ અથવા તેમાં તે મૌલિકતાથી આરોપી. તરંગકથા અને કલ્પનાસર્જનના પ્રયાસો વચ્ચેની રેખા પાતળી બને છે.




વાસ્તવિકતાથી સૂક્ષ્મ કલા તરફની અને તરંગથી સર્જન તરફની આ ગતિના સંક્રમણ દરમ્યાન વિવિધ સીમાસ્થંભો આવ્યા, જેનો અભ્યાસ રસસ્પદ છે. સમયાનુક્રમ બાજુએ રાખીને કલાક્ષેત્રના એકબીજા સાથે સંકળાયેલા છતાં વિભિન્ન સિદ્ધાંતો તરફ નજર કરીએ. આરંભે વાત રશિયાના સ્તાનિસ્લાવસ્કી (૧૮૬૩–૧૯૩૮) અને જર્મનીના બ્રેશ્ટના પ્રસિદ્ધ સિદ્ધાંતોની કરવી છે. બંનેનું પ્રદાન ઐતિહાસિક છતાં સ્તાનિસ્લાવસ્કી અહીં સંદર્ભગત, બ્રેશ્ટને સરળતાથી સમજી શકાય એટલા માટે, આવે છે. એમની સર્વાંગી ચર્ચા નથી. બ્રેશ્ટની વાત થોડા વિસ્તારથી છે.

રંગભૂમિને સમર્પિત અને તેમાં જડમૂળથી પરિવર્તન લાવવાની દૃષ્ટિ તથા ક્ષમતા ધરાવતી મેધાવી પ્રતિભા સ્તાનિસ્લાવસ્કીએ અસાધારણ સિદ્ધિઓ હાંસલ કરી. બીજા એક સાથી સાથે ૧૮૯૮માં તેમણે પ્રસિદ્ધ મોસ્કો આર્ટ થિયેટરની સ્થાપના કરી. તખ્તા પર શારીરિક ચેષ્ટા અને વાણી તથા અવાજોની અતિશયોક્તિભરી કૃત્રિમતાની બોલબાલા હતી. સ્તાનિસ્લાવસ્કીએ પ્રવર્તમાન અતિરંજકતાને સ્થાને પૂર્વસંશોધન, નિર્ધારિત વાતાવરણના અભ્યાસ અને અભિનેતાની વ્યાવસાયિક સજ્જતા તથા સમર્પિત તૈયારીનો આગ્રહ રાખ્યો. આ નૂતન અભિગમ સાથે તેણે ચેખવ, ગોર્કી અને ઇબ્સન જેવા નાટ્યકારોનાં નાટકોનું કલાત્મક નિર્માણ કર્યું અને તે લઈને યુરોપ અને અમેરિકાની યાત્રા કરી. રશિયા ઉપરાંત વિશ્વભરની રંગભૂમિની કાયાપલટ કરનારું આ યુગવર્તી સાહસ હતું.

સ્તાનિસ્લાવસ્કીની પ્રતિભાનો પરિચય અધૂરો રહે જો એ નોંધ ન લેવાય કે રંગભૂમિના ઇતિહાસમાં નામાંકિત બ્રિટિશ ડિઝાઇનર અને દિગ્દર્શક એડવર્ડ ક્રેઇગ સાથે તેણે શેક્સપિઅરના *હૅમ્લેટ*નું ઐતિહાસિક નિર્માણ કર્યું હતું. ક્રેઇગની પત્ની પ્રસિદ્ધ નૃત્યાંગના ઈઝડોરા ડંકને બંનેનો મેળાપ કરાવ્યો. સહયોગ માટે બંનેની નજર *હૅમ્લેટ* પર ઠરી. બંનેના અભિગમ જુદા. ક્રેઇગ નાટકનું વિશિષ્ટ શૈલીમાં ઢાળેલું અમૂર્ત (abstract) અર્થઘટન કરવા ઉત્સુક સ્તાનિસ્લાવસ્કી પાત્રનું મનોવૈજ્ઞાનિક ચાલક બળ જોઈને અભિનેતા પાત્રના મનની અભિવ્યક્તિ કરે એ રીતે હૅમ્લેટકેન્દ્રી નાટકને મૉનોડ્રામા તરીકે જુએ. બેના સહયોગથી *હૅમ્લેટ*નું એક અદ્વિતીય અર્થઘટન કરતું ઐતિહાસિક સર્જન થયું.

અભિવ્યક્તિ માટે અભિનેતા પાસે બે માધ્યમો છે. એનું શરીર અને એનો અવાજ. એક દૃશ્યમાન,

બીજું શ્રવણગ્રાહ્ય. હર્ષ, વેદના અને અન્ય ભાવો તે આ માધ્યમો દ્વારા વ્યક્ત કરે છે. અભિનેતા અને દિગ્દર્શક સ્તાનિસ્લાવસ્કીએ જોયું કે તેની મહત્તમ સફળતા માટે તેમને તાલીમ દ્વારા કેળવી શકાય. અભિનેતા તખ્તા પર રહી પાત્રનિર્માણ કરવા માટે પોતાની રીતે પ્રયત્ન કરતો રહે છે. એ પ્રયત્ન અમુક અંશે સ્વાભાવિક રહીને પછી, જાણકારીના અભાવે, કઢંગો પણ બને. પ્રેક્ષકને આનંદપ્રદ રીતે સ્વાભાવિક રહી પૂરી સફળતા પ્રાપ્ત કરે તે માટે સ્તાનિસ્લાવસ્કીએ અભિનેતાનાં શરીર અને અવાજને પદ્ધતિસર કેળવવાનું આયોજન કર્યું.



તેણે સૌ પ્રથમ નાટ્યપ્રતના અભ્યાસની આવશ્યકતા પર ભાર મૂક્યો. એ અભ્યાસથી પોતાની નથી એવી, પાત્રની પરિસ્થિતિથી તે વધુ ને વધુ પરિચિત થતો જાય અને એ પરિસ્થિતિમાં પાત્રના પ્રતિભાવલક્ષી (ઇમોશનલ) બળની લગોલગ હોય. છેવટે એવો તબક્કો આવે જ્યારે તેણે એ પરિસ્થિતિ આત્મસાત્ કરી હોય. પાત્રમાં તેણે પ્રવેશ કર્યો હોય. તે 'સ્વ'ને ભૂલી 'તે'ના વતી પ્રતિભાવ આપતો થઈ જાય. આ પ્રક્રિયામાં તેણે સંવેદનશીલતાથી આસપાસના માનવવ્યવહારોનું બારીક અવલોકન કરેલું હોય તે ઉપયોગી બને. એવું પણ બને કે ઊર્મિતંત્ર તત્કાળ જે તે સંવેદના સાથે એકસૂર ન બની શકે અને અભિવ્યક્તિ ઊણી પડે. આમ થાય ત્યારે, કદાચ તેનું અજ્ઞાત મન જાદુઈ રીતે ઊંડાણમાંથી પોતાના અગાઉના અનુભવમાંથી પ્રેરણાનો ધક્કો મેળવે અને સહજ રીતે 'તે'નો પરિસ્થિતિજન્ય પ્રતિભાવ આવે. સ્તાનિસ્લાવસ્કીએ એને ઇમોશન મેમરી કહી છે. (આ સૂક્ષ્મ પ્રક્રિયા મૂલતઃ વર્ડ્ઝ્વર્થના કાવ્યસિદ્ધાંતના અંશ 'પુનઃગૃહિત ઊર્મિ' emotion recollectedની સહોદરા છે!)

આ પ્રક્રિયા દરમ્યાન વાસ્તવની જેમ અભિનેતા તખ્તા પરની પરિસ્થતિ સ્વયંભૂ (spontaneous) હોય એ રીતે વર્તે છે. પરિસ્થિતિ સાથેની તેની એકાત્મકતા, એટલે કે તદ્રૂપતા, સંપૂર્ણ બને છે. 'હું જો એ પાત્ર હોઉં તો...'માંથી સરીને તે હવે એ પાત્ર બની જાય છે. સ્તાનિસ્લાવસ્કી આ સિદ્ધાંત વધુ ને વધુ અણીશુદ્ધ બનાવતા રહ્યા અને છતાં કલાદૃષ્ટિએ આવશ્યક એવા ફેરફારો માટે તૈયારી બતાવી હતી.

### અળગાપણા(alienation)નો સિદ્ધાંત

બેર્ટોલ્ટ બ્રેશ્ટ (૧૮૯૮–૧૯૫૬) આપણા સમયની ઘણા નજીકના નાટ્યલેખક અને નૂતન નાટ્યસિદ્ધાન્તના પ્રતિપાદક. જન્મે જર્મન પરંતુ એમનાં સર્જનો, નાટ્યવિચાર અને કાર્યને કારણે વૈશ્વિક પ્રતિભા. કવિ પણ હતા અને સમાજ સાથે હંમેશાં નિસબત હતી તેમને. જે છે તે સ્વીકારી લેવાની મધ્યમવર્ગી માનસિકતા તેમને બાળપણથી અકળાવતી. તબીબી વિજ્ઞાનના અભ્યાસ પછી બે વિશ્વયુદ્ધો વચ્ચે હૉસ્પિટલમાં ફરજ બજાવવાનું થયું ત્યારે નિવારી શકાય એવી માનવીય




યાતનાઓનો તેમને અનુભવ થયો. યાતનાનાં મૂળ રાજકીય નાત્સી હકૂમત અને મૂડીવાદી સમાજરચનામાં હોવાનું સમજતાં તેમને સમય ન લાગ્યો. જીવનની અસ્વીકાર્ય વિષમતા વ્યક્ત કરવા તેમણે ક્રાંતિકારી રંગભૂમિના સિદ્ધાંતો વિકસાવ્યા, જે એક કે બીજી રીતે આધુનિક રંગકર્મીઓને આકર્ષક રહ્યા છે. સાથોસાથ તેમણે નાના અને મોટા કદનાં ત્રીસ ઉપરાંત નાટકો લખ્યાં અને દિગ્દર્શિત કર્યાં. ઘટનાઓ, વિષયવસ્તુ અને રજૂઆતની નૂતન શૈલીને કારણે તે લોકપ્રિય બન્યાં.

બ્રેશ્ટનાં વિશ્વભરમાં લોકચાહના પામનાર નાટકોમાં એક *ધ કૉકેશ્યન ચૉક સર્કલ*. વિપ્લવના સમયે પોતાનો જીવ બચાવવા નાસી છૂટનારી રાણીએ દીકરાને બચાવીને સાથે લેવાની પરવા ન કરી. તેને બચાવીને ઉછેર્યો તેની દાસી ગુશાએ. શાંતિ સ્થપાતાં પતિની જાગીર અને દીકરા પર હક જમાવવા રાણી પાછી આવી. તે અદાલતમાં ગઈ. ન્યાયાધીશ અઝદક બાળકને ચૉકથી દોરેલા વર્તુળમાં મુકાવે છે અને બંને સ્ત્રીઓને એકએક હાથ પકડાવે છે. જે બાળકને વર્તુળ બહાર ખેંચી લે તેનું બાળક. રાણી બળપૂર્વક તેને ખેંચે છે ત્યારે લાગણીવશ ગુશા તેનો હાથ છોડી દે છે. દેખાવમાં ચક્રમ જેવો લાગતો અઝદક યોગ્ય ચુકાદો આપે છેઃ બાળકને જીવની જેમ જેણે સાચવ્યો તે તેની માતા. પર્વતાળ ખેડુ જીવનમાં પ્રચલિત વાર્તાને આધારે લખાયેલા નાટકમાં બ્રેશ્ટે સત્તા અને બળને સ્થાને હૃદયની નિઃસ્વાર્થ લાગણીની મહત્તા સ્થાપી.

*ધ ગુડ વૂમન અવ્ સેત્ઝુઍં*માં ત્રણ દેવો સેત્ઝુઍં ગામમાં એવી વ્યક્તિની શોધમાં છે જે ગુણવાન હોય, નખશિખ ભલી હોય. એમનું સ્વાગત કર્યું એક ગરીબ વારાંગના સુનતેએ. બદલામાં દેવોએ એનું નસીબ ફેરવી નાંખ્યું. એની સમૃદ્ધિમાં ભાગ પડાવવા સ્વજનો ફૂટી નીકળ્યા. વેશપલટો કરીને તે એનો કહેવાતો પિતરાઈ ભાઈ બનીને બચવા પ્રયત્ન કરે છે. દુનિયામાં તકસાધુઓનો તોટો નથી. કેવી રીતે બચવું? તે પ્રણયમાં પણ છેતરાય છે. તે સગર્ભા છે અને માથે દેવું છે. ફરી પિતરાઈ બની તે નવો ધંધો શરૂ કરે છે. બીજી તરફ સુનતે અદૃશ્ય થઈ ગઈ છે, એટલે ખૂનના આરોપ સાથે 'પિતરાઈ'ની ધરપકડ થાય છે. મુકદ્દમામાં ત્રણ દેવો ન્યાયાધીશ. સુનતેની ફરિયાદ છે કે આ નઠોર દુનિયામાં ભલા થઈને જીવવું શી રીતે? દેવો તેને નિર્દોષ જાહેર કરે છે અને ભલી રહીને જ જીવવાનું કહે છે!

આ સડી ગયેલા સમાજમાં માનવીય ગુણોની સ્થાપના રાજકીય સ્તરે પરિવર્તનથી આવી શકે અને તે માટેની જાગૃતિ રંગભૂમિ મારફતે આવી શકે, એવી પ્રતીતિ સાથે બ્રેશ્ટે નાટકો લખ્યાં અને તે

માટે પ્રણાલીથી વિરુદ્ધના નાટ્યસિદ્ધાંતો સ્થાપ્યા. આ સિદ્ધાંતોને અનુસરીને નાટ્યપ્રયોગો અને આનુષંગિક સંશોધન કરતા રહેવા માટે તેમની બીજી પત્ની અને પ્રસિદ્ધ જર્મન અભિનેત્રી હેલેના વાઇગલ સાથે Berliner Ensemble કંપનીની સ્થાપના કરી, જે સિત્તેરથી વધુ વર્ષોથી આજ સુધી કાર્યરત છે.



જે એપિક થિયેટર તરીકે ઓળખાયું છે, તે તેની નવીનતમ પ્રકારની રંગભૂમિ શૈલીમાં બ્રેશ્ટની ઓળખાણ છે. દૃષ્ટાન્તરૂપ બંને નાટકોમાં ઘટનાઓ અને તેમાંથી પ્રગટ થતા વિષયનો વ્યાપ એવો બૃહદ્ છે કે તે એપિક થિયેટર નામને સાર્થક બનાવે છે. રંગમંચ ઉપર એ કૌશલ્યપૂર્વક રજૂ થયેલાં જોયાં ત્યારે ઘટનાઓની આસપાસનું પેનોરેમિક એટલે ચોતરફનું સર્વાંગિક દૃશ્ય જોવા મળ્યું છે અને વિષયના વૈશ્વિક વ્યાપની ઝાંખી થઈ છે. એ સાથે બ્રેશ્ટે પ્રેક્ષકને અભૂતપૂર્વ ઉત્તરદાયિત્વ સોંપ્યું. અપેક્ષા હતી કે તે વ્યક્તિગત મનોરંજન ન શોધે. સમાજનો હિસ્સો બની તેણે રચનાત્મક અભિગમ કેળવવાનો છે, જેનાથી સમાજને વિકૃતિમુક્ત કરી શકાય. બ્રેશ્ટનો આશય દિનાન્તે કે સપ્તાહાંતે હસાવી-રડાવી દોઢેક કલાકનું પલાયનવાદી મનોરંજન આપીને તેને ફરીથી એના એ જ અસ્વીકાર્ય સામાજિક વાસ્તવ વચ્ચે મૂકી 'જીવન આવું જ હોય' એવા આશ્વાસન સાથે જીવન જીવતો રહે એ ન હતો. પ્રથમ વિશ્વયુદ્ધ પછીની સ્થિતિ વિશેષે એવી અસહ્ય હતી.

વિષમતાભર્યા જીવન વચ્ચે પણ તંદ્રાની સ્થિતિમાં રહેતા પ્રેક્ષકને તેણે ઢંઢોળીને જગાડવો હતો. ન ગમતી આર્થિક અને સામાજિક સ્થિતિ સામે તે નિર્ભીક બની પ્રશ્નો પૂછતો થાય એવી એની અપેક્ષા હતી. આથી તેને તેણે સીધું સંબોધન કરવાનું પણ ટાળ્યું નહીં અને એનાં ઉત્તમ નાટકોમાં અન્ય કલાત્મક અંશોની સાથે રાજકીય વિચારસરણીને પ્રચાર લાગે એ હદે વણી લેવામાં એને બાધ ન હતો. આ માટે તેણે નાટ્યઆલેખ સહિતની નાટ્યની રજૂઆતની પદ્ધતિમાં verfremdumg અથવા alienation એટલે અળગાપણાનો મૌલિક સિદ્ધાંત વણી લીધો, ઍરિસ્ટોટલના પ્રચલિત સિદ્ધાંતથી બિલકુલ વિરુદ્ધનો.

બ્રેશ્ટે લખ્યું, "કલા અરીસો નથી જે વાસ્તવનું પ્રતિબિંબ ઝીલે. તે હથોડો છે જેનાથી તેણે વાસ્તવને ઘડવાનું છે." વળી  તે કહે છે, "અભિનેતા (શેક્સપિઅરનો) લિઅર નથી, તે લિઅરને બતાવે છે." અભિનેતાએ પાત્ર સાથે તદ્રૂપ થઈ જવાનું નથી, પાત્રથી અળગા રહી તેને રજૂ કરવાનું છે. પ્રેક્ષક સતર્ક રહે તે માટે દૃશ્યો વચ્ચે બ્રેશ્ટ સળંગસૂત્રતા ચાહીને ટાળે છે. જે તે દૃશ્ય સુઘટ્ટ બને, પરંતુ બે દૃશ્યો વચ્ચે ગીત આવે, વર્ણન આવે, આડકથા આવે, (દેખાવકારો ઝાલીને ફરે તેવા) પ્લેકાર્ડ અને સૂત્રોચ્ચાર પણ આવે. વળી, પ્રકાશ આયોજન, સંગીતરચના, મંચસજ્જા, વગેરેએ કેન્દ્રસ્થ વિષયને સંવર્ધતા રહી પોતે તેમાં ઓગળી જવાનું નથી. તે સૌએ એકબીજાથી અળગા રહેવાનું

છે. આ અળગાપણું પ્રેક્ષક સાથેનું અળગાપણું (alienation) વધુ તીવ્ર બનાવે છે અને નાટક બહારનું વાસ્તવ જેને તેણે સ્વીકારી લીધું છે તેના તરફ ટીકાત્મક રૂપે તેને જોતો કરે છે.

## ઉપસંહાર

બ્રેશ્ટના સિદ્ધાંતોમાં રાજકીય માર્ક્સિસ્ટ ઉદ્દેશનો દેખીતો પ્રવેશ છે. બુદ્ધિલક્ષી વિચારો છે, ઉદ્દેશ ઉમદા છે અને સદીઓથી વિશ્વભરમાં પ્રતિષ્ઠા પામેલી પ્રણાલીથી તદ્દન ઊલટી દિશાના વિચારો છે તે, અને દેશેદેશની સામાજિક અને આર્થિક વિષમતા સામેનો સમાજવાદી વિચારસરણી પ્રેરિત અવાજ છે. સર્વત્ર રંગકર્મીઓએ એમાં દિલચશ્પી દાખવી છે. વિષમતા જેમને સ્પર્શે છે તે મોટી બહુમતીના અવાજને એમાં પોતાનો પડઘો સંભળાય છે. પરંતુ, કલા તરીકે એની દેખીતી મર્યાદાઓ છે. માર્ટિન એસ્લિન કહે છે તેમ આ સિદ્ધાંતોમાં પ્રેક્ષકને આંચકો આપી શૉક થેરપી દ્વારા જાગૃત કરવાનો પ્રયાસ છે, જે સફળ રહ્યો નથી. વાસ્તવમાં, બ્રેશ્ટનાં પોતાનાં મૂળ પણ રંગભૂમિની કલામાં એટલાં ઊંડાં છે તથા એનાં પાત્રોમાં અને એની નાટ્યબાંધણીમાં એવાં સમર્થ તત્ત્વો છે કે જે પ્રેક્ષકને લાગણીથી જકડી રાખે છે. ત્યાં સંપૂર્ણ અળગાપણું ક્યાંથી સંભવે?

*A Short Organum for the Theatre*માં બ્રેશ્ટે પોતાના સિદ્ધાંતો વ્યવસ્થિત દર્શાવ્યા છે. વખત જતાં એના પરિશિષ્ટરૂપે તેણે જે ઉમેર્યું છે તે નોંધપાત્ર છેઃ 'રજૂઆત (representation) અને અનુભવ (experience) વચ્ચે જે વિરોધાભાસ છે તે પૂરી જાણકારી વિનાની વ્યક્તિને એમ માનવા પ્રેરે છે કે તખ્તા પરના અભિનેતામાં એ બેમાંથી એક પ્રગટ થાય છે. ખરેખર તો એકબીજા પ્રત્યે આક્રમક રીતે વિરુદ્ધ પ્રક્રિયાઓ અભિનેતાના કાર્યમાં એક થાય છે. અભિનેતાની અસરકારકતાનું મૂળ આ બે વિરોધો અને તેમના ઊંડાણ વચ્ચેની ખેંચતાણ અને તણાવમાં છે.

## આધાર


1. Brecht, Bertolt. *Short Organum for the Theatre*. Switzerland: 1948. Accessed on internet through Tensta konsthall (est. 1998), Stockholm.
2. Brockett, Oscar G. *History of the Theatre*, Boston: Allyn and Bacon, Inc, 1987.
3. Desai, S. D. *Happenings: Theatre in Gujarat in the Eighties*. Gandhinagar: Gujarat Sahitya Akademi. 1980.
4. Esslin, Martin. *The Theatre of the Absurd.* London: Pelican, 1980.
5. Josephson, *Leonard and O'Brien*, Robert (Ed). McGraw-Hill Encyclopaedia of World Drama Volume 1. New York: McGraw-Hill, Inc. 1972.
6. Kumar, Pushpendra (ed.), Ghosh, M. M. (tr.) *The Natyashastra of Bharata Muni and Commentary of Abhinava Bharati by Abhinavaguptacharya*. Delhi: New Bharatiy Book Corporation, 2006.
7. McKeon, Richard. *Introduction to Aristotle*. New York: Random House, Inc. 1947.

૮. પટેલ, ચી૦ ના૦ *ટ્રૅજડીઃ સાહિત્યમાં ને જીવનમાં.* અમદાવાદઃ ગુજરાતી સાહિત્ય પરિષદ. ૧૯૭૮.

૯. પરીખ, રસિકલાલ છો૦ *સંસ્કૃત નાટક સાહિત્ય.* અમદાવાદઃ ગૂજરાત વિદ્યાપીઠ. ૧૯૮૦.

૧૦. પુરેચા, સંધ્યા વીરસિંહ. *ભરતમુનિ વિરચિતં નાટ્યશાસ્ત્રમ્.* અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ૨૦૧૮.

# મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તથા સંતસાહિત્યની હસ્તપ્રતોનાં સંશોધન તથા સંપાદન – નવી પેઢીના સંશોધકોને એક આહ્‌વાન

નિરંજન રાજ્યગુરુ

પ્રેમાનંદ સાહિત્ય સભા દ્વારા કવિવર પ્રેમાનંદ વિશે જે ગ્રંથ તૈયાર થયો છે તેના સંદર્ભે આ લેખ.

કવિ પ્રેમાનંદ આપણા મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તથા મધ્યકાલીન ગુજરાતી સમાજનો એવો લોકપ્રિય કવિ છે કે એમની તથા અન્ય આખ્યાનકવિઓ અને સંત/ભક્ત કવિઓની અનેક રચનાઓની હસ્તપ્રત નકલો આજે પણ ગામડે ગામડે સચવાયેલી જોવા મળે. ખરેખર તો આપણે ત્યાંની કોઈ સાહિત્ય સંસ્થાએ હજુ આવી હસ્તપ્રતો શોધવાનું કાર્ય નથી કર્યું.

કવિ પ્રેમાનંદનાં જીવન-કવન વિશે *ગુજરાતી સાહિત્ય કોશ–મધ્યકાળ* તથા *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ* ગ્રંથ-૨, ખંડ-૨ (શોધિત–વર્ધિત બીજી આવૃત્તિ) જે વિગતો આપે છે તે મુજબ પ્રેમાનંદનો જીવનકાળ – ઈ૰સ૰ ૧૬૪૦થી ઈ૰સ૰ ૧૭૦૦ એટલે કે વિક્રમ સંવત ૧૬૯૬થી વિક્રમ સંવત ૧૭૫૬ સુધીનો ગણાવ્યો છે. જયંત કોઠારીના જણાવ્યા મુજબ જેમાં રચનાનાં તિથિ-વારનો વિગતે ઉલ્લેખ હોય અને એ ઉલ્લેખ પૂરેપૂરો સાચો હોય એવી પ્રેમાનંદની પહેલામાં પહેલી કૃતિ *મદાલસા આખ્યાન* (ઈ૰ ૧૬૭૨) છે અને છેલ્લામાં છેલ્લી કૃતિ *નળાખ્યાન* (ઈ૰ ૧૬૮૬) છે. પ્રમાણિત ન કરી શકાય પણ રચ્યા વર્ષના ઉલ્લેખો ધરાવતી આની આગળપાછળની કૃતિઓ છે *ઓખાહરણ* (સંભવતઃ ઈ૰ ૧૬૬૭), *અભિમન્યુ આખ્યાન* (ઈ૰ ૧૬૭૧), *ચન્દ્રહાસ આખ્યાન* (ઈ૰ ૧૬૭૧) અને *રણયજ્ઞ* (સંભવતઃ ઈ૰ ૧૬૯૦). આ સમયગાળો આજ સુધીમાં પ્રાપ્ય હસ્તપ્રતોના આધારે નક્કી થયો છે. ઈ૰ ૧૮૮૪થી હરગોવિંદદાસ કાંટાવાળા-સંપાદિત *પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક* અને *પ્રાચીન કાવ્યમાળા*નું પ્રકાશન શરૂ થયેલું, જેમાં પ્રેમાનંદરચિત મૂળ પ્રમાણભૂત કૃતિઓ ઉપરાંત પ્રેમાનંદના નામે ચડાવવામાં આવેલી બનાવટી કૃતિઓ પણ પ્રકાશિત થયેલી. એટલે ઈ૰ ૧૮૮૪/ વિ૰ સં૰ ૧૯૪૦ પહેલાં લખાયેલી હોય એવી હસ્તપ્રતો કોઈ પણ હસ્તપ્રત ભંડારમાંથી પ્રાપ્ત થાય તો તેને આપણે પ્રેમાનંદની કૃતિ તરીકે સ્વીકારવી પડે. હા, કોઈ લહિયાએ પાછળના સર્જકોની રચના પ્રેમાનંદના નામે ચડાવી હોય તો એની આંતરતપાસ કરીને નિઃસંદેહપણે પ્રેમાનંદની જ કૃતિ છે એ પુરવાર કરવું પડે. પણ નવલરામ, ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ, અંબાલાલ જાની તથા કાંટાવાળા

દ્વારા નોંધાયેલી પણ જેની હસ્તપ્રતો જોવા નથી મળી એવી અપ્રકાશિત કૃતિઓની ભાળ કદાચ આજના યુગમાં અન્યત્ર સચવાયેલી હસ્તપ્રતો સુલભ થાય તો મળી શકે.

હવે આજ સુધીમાં આપણા વિદ્વાનોને ન જોવા મળેલી છતાં જુદી જુદી જગ્યાએ સચવાયેલી/ નોંધાયેલી હસ્તપ્રતોમાં પ્રેમાનંદની કેટલીક રચનાઓ વિશે નોંધ આપવા ધારી છે. જેથી ભવિષ્યના સંશોધકો એ મૂળ હસ્તપ્રતો સુધી પહોંચે અને પ્રેમાનંદના સર્જનસમય તથા પાઠાંતરો વિશે વિગતે અભ્યાસ કે પુનર્વિચાર કરી શકે.

**(૧) રાજસ્થાન ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, જોધપુરના હસ્તપ્રતભંડારની સૂચિ *રાજસ્થાન પુરાતન ગ્રંથમાળા*, ભાગ–૧, ઈ૰ ૧૯૫૯, જોધપુર(રાજસ્થાન)માં પ્રેમાનંદકૃત–**

(૧) *ઓખાહરણ* હસ્તપ્રત ક્ર૰ ૭૧/૯૦૫ (લેખન સંવત ૧૯૦૩), (૨) *ઓખાહરણ* હસ્તપ્રત ક્ર૰ ૭૨/૩૨૮૯, (૩) *મામેરું* (લેખન સંવત ૧૮૯૧) હસ્તપ્રત ક્ર૰ ૨૦૩/૮૮, (૪) *મામેરું* (લેખન સંવત ૧૮૭૪) હસ્તપ્રત ક્ર૰ ૩૨૩/૩૨૨૨, (૫) *રાધા વિલાપ બારમાસ* (લેખન સંવત ૧૮૨૦) હસ્તપ્રત ક્ર૰ ૩૭૬/૧૦૦૬ સચવાયેલી છે.

**(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ચારણી સાહિત્ય હસ્તપ્રતભંડાર તથા ગુજરાતી ભાષાસાહિત્યભવન હસ્તપ્રતભંડારમાં પણ પ્રેમાનંદની નિમ્નલિખિત કૃતિઓ સચવાયેલી છે.**

(૧) *મામેરું* (રચનાસંવત ૧૭૨૨/ઈ૰ ૧૬૬૬) લેખન સંવત ૧૮૯૨–લહિયા ગોવિંદ ભટ્ટ, હ૰પ્ર૰ ૧૩૪/૩૧૮૦, (૨) *મામેરું* લેખનસંવત ૧૭૩૯ હ૰પ્ર૰ ૨૩૨/૩૩૭૩, (૩) *મામેરું* લહિયા બાપુજી બારોટ હ૰પ્ર૰ ૨૩૮/૩૪૮૫, (૪) *મામેરું* રચના સંવત ૧૭૩૯, લેખન સંવત ૧૮૦૭, હ૰પ્ર૰ ૩૮/ ૩–૮૨, (૫) *સુદામાચરિત્ર* લેખનસંવત ૧૮૯૨ લહિયા ગોવિંદ ભટ્ટ, હ૰પ્ર૰ ૧૩૪/૩૧૮૧, (૬) *સુદામાચરિત્ર* હ૰પ્ર૰ ૨૧૫/૩૩૩૦, લેખનસંવત ૧૯૧૯. (૭) *સુદામાચરિત્ર* લેખનસંવત ૧૯૦૩, હ૰પ્ર૰ ૨૯/૨–૧૪ (ગુજરાતીભવન), (૮) *રણયજ્ઞ* લેખનસંવત ૧૭૩૯, હ૰પ્ર૰ ૨૩૨/૩૩૭૨, (૯) *રણયજ્ઞ* હ૰પ્ર૰ ૨૩૮/૩૪૮૭, (૧૦) *રણયજ્ઞ* ૨૫ કડવાં, રચનાસંવત ૧૭૪૧, હ૰પ્ર૰ ૨/૨–૮ (ગુજરાતીભવન), (૧૧) *ઓખાહરણ* હ૰પ્ર૰ ૩૪૫/૫૨૨૨, (૧૨) *પ્રહલાદની પાટી* (*પ્રહલાદાખ્યાન!*) લહિયા અંબારામ સુખદેવ, લેખનસંવત ૧૮૮૨ બાવન કડવાંમાં, પૂર્ણ. હ૰પ્ર૰ ૧/૨–૨ (ગુજરાતીભવન), (૧૩) *નળાખ્યાન* ૭૫ કડવાં. હ૰પ્ર૰ ૧/૫–૫ (ગુજરાતીભવન), (૧૪) *નળાખ્યાન* હ૰પ્ર૰ ૨/૧–૭ રચનાસંવત ૧૭૩૨, લહિયા ભટ્ટ કેવળરામ (ગુજરાતીભવન), (૧૫) *નરસિંહની હૂંડી* ૬ કડવાં–અપૂર્ણ, હ૰પ્ર૰ ૧/૫–૫ (ગુજરાતીભવન), (૧૬) *હૂંડી* (અપૂર્ણ) હ૰પ્ર૰ ૨૨/૨–૪૫ (ગુજરાતીભવન), (૧૭) *હૂંડી* ૨૦ સં૰૧૭૩૦, લહિયા ઈશ્વર ભવાનીદાસ, લેખનસંવત ૧૮૦૭, હ૰પ્ર૰ ૩૮/૨–૮૧ (ગુજરાતીભવન)

**(૩) સંતશ્રી ખીમદાસબાપુ ચૈતન્ય સમાધિ મંદિર વડવાળી જગ્યા, મોવિયા. તા૰ ગોંડલ, હસ્તપ્રતભંડાર**

(૧) *ઓખાહરણ* – ભટ્ટ પ્રેમાનંદકૃત – સંવત ૧૬ બારતરામાં માસ કાર્તિક અષ્ટમી રવિવાસરે

ગ્રંથ પૂરણ – પ્રેમાનંદ, ચોપાઈ ૧૦૭૩ કડવાં ૩૨, પ્રત્યક્ષ પ્રમાણે લખ્યું છે. સં૦ ૧૮૬૯–૧૭૩૪ પ્રવર્તમાને રવિ ઉરાદે, માસનામ શુભકારી પ્રથમ વૈશાખ માસ કૃષ્ણ પક્ષે તિથૌ ૪ ગુરુવાસરે સંપૂર્ણ થયું છે. લહિયા મોઢ જ્ઞાતિ દીક્ષિત પિતાંબર મેઘજીએ ગોંડલ મધ્યે લખ્યું છે. (હસ્તપ્રત નં. ૭)

(૨) *સુદામા આખ્યાન* – કડવાં-૧૩ (હસ્તપ્રત ક્ર૦ ૭)

(૩) *દાણલીલા* ભટ્ટ પ્રેમાનંદકૃત કડવાં ૧૪. સં૦ ૧૮......ના જેઠ વદ ૧૩ના દને લખ્યું છે. (હસ્તપ્રત ક્ર૦ ૨૭)

**(૪) રબારી સમાજ ધર્મગુરુ ગાદી, ચવેલી, તા૦ ચાણસ્મા, જિ૦ પાટણની હસ્તપ્રતોમાં**

(૧) *સુદામાચરિત્ર* પ્રેમાનંદકૃત, (૨) *મામેરું* પ્રેમાનંદકૃત અને અન્ય આખ્યાન રચનાઓ, લહિયાઃ સંતદાસ, વડોદરા, લેખનસં૦ ૧૮૮૫, ભાદરવા વદી ૧૨.

૦

છેક ઈ૦ ૧૯૭૮થી હું સંતસાહિત્ય, ચારણી–બારોટીસાહિત્ય, લોકસાહિત્ય અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધન-અધ્યયનના ક્ષેત્રમાં કામ કરી રહ્યો છું, સંતસાહિત્ય-ભક્તિસાહિત્યની પરંપરિત રચનાઓ પ્રાપ્ત કરવા માટે મેં ગુજરાતના મોટા ભાગના નોંધાયેલા હસ્તપ્રતભંડારો તથા મુંબઈ-પુનાના હસ્તપ્રતભંડારોની મુલાકાતો લીધી છે, અને પ્રકાશિત થયેલી હસ્તપ્રતસૂચિઓ વસાવી છે. એ ઉપરાંત સૌરાષ્ટ્રના સંતસ્થાનકો-જગ્યાઓ-મંદિરો-મઠોમાં સચવાયેલી પણ આજ સુધી કશે જ નહીં નોંધાયેલી એવી હસ્તપ્રતોનો ઉપયોગ પણ મેં કર્યો છે. ત્રીશ વર્ષના આ ક્ષેત્રના અનુભવ પછી મને જે તારણો સાંપડ્યાં છે તે આપની સમક્ષ રજૂ કરવા જઈ રહ્યો છું ત્યારે આ ક્ષેત્રના તજ્જ્ઞો એના વિશે કોઈ નક્કર દિશામાં ડગલાં માંડીને ભવિષ્યના સંશોધકો માટે ઉજ્જ્વળ કેડી કંડારશે એવી નમ્ર અપેક્ષા છે. સૌરાષ્ટ્રમાં સંત-કવિઓની અનેક જગ્યાઓ છે. એમાં સંતોનું અમૂલ્ય સાહિત્યધન હસ્તપ્રતોરૂપે આજે પણ પેટી-પટારાઓમાં સચવાઈને ઊધઈ તથા ઉંદરોના મુખથી ક્ષીણ થતું મેં નિહાળ્યું છે. જેનો કશોયે ઉપયોગ થતો નથી, એની ઉપયોગિતા પણ જગ્યાઓના પદાધિકારી મહંતો નથી જાણતા, એવા અમૂલા સાહિત્યધનને પ્રકાશમાં લાવવા, દરેક સંત-કવિનાં જીવન અને કવન વિશે, એની પરંપરા વિશે તથા જગ્યા – સંતસ્થાનના ઇતિહાસ વિશે પ્રમાણભૂત સાહિત્ય સામગ્રી એકત્ર કરવાની ખાસ જરૂર આ સંશોધન, નિરીક્ષણ અને પરીક્ષણના યુગમાં – એક સાહિત્ય સંશોધક તરીકે મને લાગે છે. આપણે ત્યાંના અને છેક વિદેશી ગ્રંથાલયોમાંના હસ્તપ્રતભંડારોમાં સચવાયેલી તમામ હસ્તપ્રતોમાં જળવાયેલી સામગ્રીની સંપૂર્ણ પ્રમાણભૂત-સર્વાંગ સૂચિઓ પણ પ્રાપ્ય નથી. અનેક હસ્તપ્રતભંડારોની પ્રકાશિત સૂચિઓ મારી પાસે છે, જેમાં *ગૂટકો, પદસંગ્રહ, વિવિધ કવિઓનાં પદો–કીર્તનો* જેવાં શીર્ષકોથી હસ્તપ્રતનોંધણી થઈ છે. એમાંયે જે હસ્તપ્રતોમાં કશો જ સમયનિર્દેશ પ્રાપ્ત નથી થતો એવી તો સેંકડો હસ્તપ્રતોમાં છૂટક-ગૌણ કવિઓ-સંતો-ભક્તો દ્વારા હજારોની સંખ્યામાં રચાયેલી પદ્યરચનાઓ નોંધણી અને સૂચિ માટે કોઈક અભ્યાસીની રાહ જોઈ રહી છે, જેની નોંધ આજ સુધી આપણી સંશોધનસંસ્થાઓ કે વિશ્વખ્યાત સંશોધકો દ્વારા પણ નથી લેવાઈ એ ગુજરાતી ભાષા–સાહિત્ય સાથે સંકળાયેલા સૌ

વિદ્વાનો અને સંશોધકો માટે શરમજનક હકીકત છે. ગોરખ, કબીર, નામદેવ, નરસિંહ, સૂરદાસ, વગેરે વિખ્યાત સંતકવિઓની રચનાઓ શરૂઆતમાં બસો વરસના સમયગાળામાં માત્ર કંઠોપકંઠ પરંપરાએ ગવાતી, સચવાતી, જળવાતી આવી છે. ત્યાર બાદ એ રચનાઓ હસ્તપ્રતોમાં સંગ્રહાયેલી આપણને પ્રાપ્ત થાય છે. આ બસો વરસના સમયગાળામાં કેટલાયે ગૌણ કવિ–સર્જકો–ભજન રચયિતાઓ વિવિધ પ્રદેશોમાં થયા હોય અને તેમની રચનાઓ કંઠોપકંઠ ગવાતી રહી હોય, પરંતુ એ સર્જકો વિશે કે એમની ભજનરચનાઓ વિશે કશી જ લિખિત સામગ્રી આપણને પ્રાપ્ત થતી નથી. ઘણી વાર તો એવું પણ બન્યું છે કે એ ગૌણ સર્જકોની રચનાઓ કાલાંતરે ગોરખ, કબીર, નરસિંહનાં નામાચરણો સાથે જ હસ્તપ્રતોમાં સંઘરાતી રહી છે. અને પાછળના સમયે એ મૂળ સર્જકના નામે પણ એ જ રચનાઓ જે તે સર્જકના સંપ્રદાયના અનુયાયીઓ દ્વારા હસ્તપ્રતોમાં લિખિત રૂપે આવી, પણ આપણે સંશોધકો તો લિખિત પરંપરાને જ અને એમાંયે સમયની દૃષ્ટિએ જે પ્રથમ ક્રમની હસ્તપ્રત મળે તેને જ અધિકૃત માનીએ. પછી ભલે ને વિશ્વનાથ જાની કે પ્રેમાનંદની જ કૃતિ ઉપરથી કોઈ અજ્ઞાત સર્જકે કે બનાવટી કવિએ નરસિંહને નામે ચડાવી મારી હોય! ગુજરાતના વિવિધ સંપ્રદાયોનાં સંતસ્થાનકોમાં જળવાયેલી હસ્તપ્રતોમાંથી કઈ કઈ સાહિત્યસામગ્રી પ્રાપ્ત થાય છે તેના વિશે બહુ જ સંક્ષેપમાં માહિતી આપું તો – **ઐતિહાસિક** – ઇતિહાસ, વંશાવળી, વાત, વિગત, તવારીખ, રાસો, પવાડા(સંગ્રામકથાઓ), વિનોદ, વિલાસ, સાગર, શિણગાર, કવિત, કુંડળિયા, છંદ, ઝમાળ, ઝૂલણા, વીસી, બાવીશી, પચ્ચીશી, બહુંતેરી, સલોકા, સંત પરચરી, ગુરુપરંપરા, ગુરુવંશાવળી. **ધાર્મિક – પુરાણ, મહાભારત અને રામાયણાદિનાં આખ્યાનો. આધ્યાત્મિક અથવા સાધનાત્મક રચનાઓ. દેવીસ્તવનો** – અંબા, આઈ વરુડી, કરણીજી, ચાલકનેચી, ચાંપબાઈ, ચોસઠ જોગણી, જગદંબા, જવલબાઈ, જ્વાળામુખી, જાનબાઈ જેતબાઈ, દેવલબાઈ, પદ્માવતી, પીઠડ, બહુચરાજી, મહાલક્ષ્મી, મેલડી, રાજબાઈ, સરસ્વતી, હિંગળાજ, વગેરે શક્તિનાં સ્વરૂપો. **દેવસ્તવનો** – કૃષ્ણ, ખેતરપાળ, ગણેશ, પ્રભુ, પારસનાથ, પીર, રાધાકૃષ્ણ, રામ, સૂર્ય, શનિ, શંખેસર પાર્શ્વનાથ, શિવ, હનુમાન, વગેરે દેવતાઓનાં સ્વરૂપો. **સામાન્ય** – અશ્વશાસ્ત્ર, આગમ, આરોગ્ય (ગામઠી ઔષધો), આર્થિક, કર્મકાંડ, કામશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, ગામો અને શહેરો વસવા વિશે, ગુરુભક્તિ, ગૂઢ ભાષા, ગૂઢાર્થ, ચરિત્ર, છંદશાસ્ત્ર, જ્યોતિષ, જાદુ, તીડ, ત્રાગાંનાં કથાગીતો, ત્રાગાંના કરારખતો, તિથિ, ધર્મદંભ, દાણલીલા, દુર્ગુણ, દુષ્કાળ, નદીસ્તવન, નાયિકાભેદ, નિંદા–ઉપાલંભ, પશુઓનું યુદ્ધ, પક્ષીઓનું યુદ્ધ, પ્રથય, પ્રારબ્ધ, ભીખનિંદા, ભેંસ, ભૌગોલિક, બારમાસા, મરશિયા, મસ્તકદાન, મંત્રો–તંત્રો, માનવનાં વેચાણખતો, મૈત્રી, રાજનીતિ, ઋતુવર્ણન, લોકકથાઓ, લોકવ્યવહાર (નીતિ), વર્ષાવિજ્ઞાન, વ્રતકથા, વૃક્ષપ, વ્યસન, વ્યાકરણ, વિવાહ, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ, સતી, સંગીત, સંત સ્તવન, સ્થાપત્ય, સાંપ્રદાયિક, સુભાષિત, સૌંદર્ય(નારીનું), શબ્દકોશ, શસ્ત્રો, શિકાર, શુકન, શૃંગારરસ, હવામાન નોંધ, હાથીનું વર્ણન અને દાન, હાસ્યરસ... જેવા અનેકવિધ વિષયો જુદી જુદી હસ્તપ્રતોમાંથી સાંપડે છે.

**સંતસ્થાનોમાં જળવાયેલી હસ્તપ્રતોમાં જુદા જુદા સંપ્રદાયોના કવિઓનું સાહિત્યસર્જનઃ** વિવિધ જગ્યાઓમાં સચવાયેલી હસ્તપ્રતોમાં આટલી વસ્તુઓ મળે છેઃ (૧) જે તે સંપ્રદાયના સંતકવિઓની પદ કે ભજન પ્રકારની ટૂંકી રચનાઓ, (૨) અંગ, કક્કો, બારમાસી, વાર-તિથિ-મહિના, જેવી દશથી-વીસ-પચીસ કડીઓ સુધી વિસ્તરતી રચનાઓ, (૩) ગુરુ-મહિમા ચિંતામણી કે ચેતવણી (આત્મલક્ષ

ચિંતામણી, બોધચિંતામણી) જેવી પચાસથી માંડીને દોઢસો કડી સુધીની દીર્ઘ રચનાઓ, (૪) ગીતા નામ સાથે સંકળાયેલી – *અખેગીતા, જ્ઞાનગીતા, ભાણગીતા* કે *રવિગીતા*ના નામે ઓળખાયેલી અધ્યાત્મબોધની કડવાંબદ્ધ સ્વરૂપે રચાયેલી દીર્ઘ કૃતિઓ, (૫) ગુરુવંશાવળી કે ગુરુપરંપરા દર્શાવતી સાંપ્રદાયિક રચનાઓ, (૬) કબીર, ગોરખ, રેદાસ, મીરાં કે અન્ય હિન્દી/વ્રજભાષા/રાજસ્થાની/મારવાડી/મરાઠી/બંગાળી/પંજાબી ભાષાના કવિઓની પદરચનાઓનું ગુજરાતી સંતકવિઓ દ્વારા થયેલું સીધેસીધું ગુજરાતીકરણ દર્શાવતી રચનાઓ, (૭) સમકાલીન અન્ય સંતકવિઓ કે ભક્તોને પત્રરૂપે પાઠવેલા કાવ્યમય સંદેશાઓ અને કોઈ સંતના અવસાન પછી એમના ગુણાનુરાગ દર્શાવતી ઉમાવ કે ઉમાવો નામે ઓળખાતી (કરુણપ્રશસ્તિ) રચનાઓ, (૮) ગોરખ-કબીર ગોષ્ઠિ, કબીર-મન્સૂર ગોષ્ઠિ અને ખીમ-રવિ પ્રશ્નોત્તરી જેવી અધ્યાત્મની પ્રશ્ન-ઉત્તરરૂપે થયેલી ચર્ચાઓ કે વાદ-વિવાદ દર્શાવતી રચનાઓ, (૯) તત્કાલીન સમયમાં બનેલી ઘટનાઓની વિગતો દર્શાવતી ગદ્ય કે પદ્ય નોંધો, (૧૦) ગૂઢ-ગુપ્ત મંત્રો, ક્રિયાઓ, તાંત્રિક વિધિવિધાનો અને રસાયણના પ્રયોગો; ઔષધવિદ્યા, જ્યોતિષ, વગેરે વિવિધ જાણકારીઓ ધરાવતી નોંધો, (૧૧) મૂળ સંસ્કૃતમાં રચાયેલા ધર્મ, અધ્યાત્મ કે વેદાંતસંબંધી ગ્રંથોનાં પદમાળા કે આખ્યાનબંધમાં થયેલાં ગુજરાતી ભાષામાં થયેલાં રૂપાંતર ધરાવતી કૃતિઓ.

જુદી જુદી જગ્યાઓમાં સચવાયેલી હસ્તપ્રતોમાં માત્ર જે તે સંપ્રદાયના જ સંતોની વાણી સંઘરાયેલી હોય એવું નથી, જે તે સમયે એ હસ્તપ્રતના લહિયાએ અથવા તો સર્જકના પોતાના હાથે લખાયેલી હસ્તપ્રત હોય તેવી પ્રતોમાં સર્જકે પોતે, પોતાના અન્ય પુરોગામી સંત / ભક્તકવિઓની રચનાઓ પણ લખી છે; એમાં કબીર, તુલસી, નરસિંહ, અખો, મીરાં, ગોરખ, સહજોબાઈ જેવાં સંત કે ભક્તકવિઓની પદરચનાઓ છે તો સાથોસાથ નાથ સંપ્રદાયના હઠયોગની પરિભાષા ધરાવતી અવળવાણી કે યોગની વિવિધ ભૂમિકાઓ સમજાવતી રહસ્યવાણીનો પણ સમાવેશ થાય છે.

શ્રીમદ્‌ભાગવતથી માંડીને અન્ય પુરાણો અને વેદાંત–ગ્રંથોનો અભ્યાસ કરીને પોતાના આગવા પંથ કે સંપ્રદાયના સ્થાપક, પ્રચારક કે પ્રસારક તરીકેની બધી વિધિ–પ્રવિધિઓના નિષ્ણાત એવા પ્રાણનાથસ્વામી, રવિસાહેબ, સહજાનંદસ્વામી, વગેરે જે તે પંથ–સંપ્રદાયના આદ્ય પુરુષોએ ગુજરાતમાં પોતપોતાની રીતે એક નવા–આગવા પંથોનું નિર્માણ કર્યું છે. જે પોતાના પંથમાં બૌદ્ધ સિદ્ધોની રહસ્યવાણી, કબીરનો શબ્દસુરતયોગ, નાથયોગીની યોગસાધના, ઇસ્લામી/સૂફીઓની રહસ્યશૈલી, વૈષ્ણવોની કૃષ્ણ પ્રત્યેની પ્રેમલક્ષણા ભક્તિ, વગેરે તત્ત્વોનો સમન્વય કરીને વેદ, ઉપનિષદો, મહાકાવ્યો, ષડ્‌દર્શનો, શાસ્ત્ર ગ્રંથો, પુરાણોના ગ્રંથોમાંથી નિજ વિચારધારાને પુષ્ટ કરે એવાં તત્ત્વોનો સ્વીકાર કરીને ગુજરાતી ભાષામાં કાવ્યરચનાઓનું સર્જન કરે છે. કબીરસાહેબનાં કેટલાંક પદોને સીધેસીધાં ગુજરાતીમાં રૂપાંતરિત કરે છે, શ્રીમદ્‌ભાગવતના દશમસ્કંધમાં આવતા ગોપીવિરહને પોતાનાં પદોમાં ઉતારે છે. જ્ઞાન, યોગ અને ભક્તિ એ ત્રણેનો સમન્વય આવા સંતોની કૃતિઓમાં છે. દોહા, ચોપાઈ, ઢાળ અને સાખી જેવા રચનાબંધોમાં *ગીતા, ચિંતામણિ, ગુરુમહિમા, વિતક, ભક્તમાળ,* વાર્તા અને *પરચરિ* કે જેમાં જે તે સંપ્રદાયના સંત/ભક્તોનાં ચરિત્ર ઉપરાંત એમના યાત્રા–પ્રવાસો અને અન્ય ઐતિહાસિક વિગતોનું વર્ણન તથા તત્કાલીન સમયમાં બનેલી ઘટનાઓના નિર્દેશોની પણ નોંધ મળે છે. આવી કંઈક હકીકતો, માહિતીઓ ઐતિહાસિક ઘટનાઓ, ગુરુ-શિષ્ય કે વંશપરંપરાઓની નોંધ-માહિતી આ હસ્તપ્રતોમાંથી સાંપડે છે. જેના તરફ બહુ ઓછા

સંશોધકોનું ધ્યાન ગયું છે.

**'સત્ નિર્વાણ ફાઉન્ડેશન'** સંતસાહિત્ય સંશોધન સંદર્ભ ગ્રંથાલય, આનંદ આશ્રમ, ઘોઘાવદરમાં સચવાયેલી હસ્તપ્રતોમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સંત/ભક્તોની પદ–ભજનવાણી ઉપરાંત **હસ્તપ્રત ક્રં૦** (૨) રાધનપુરના અનંતપ્રસાદજીકૃત પદો, સ્તુતિ અને છંદ. એમના હસ્તાક્ષરોમાં વિ૦ સં૦ ૧૮૪૫, ગુજરાતી ભાષાલિપિમાં, ૪x૬။'' ગુટકો. ઉપર ચામડાનું પૂંઠું. આગળના ચાર પાનાં નથી, કુલ પૃ૦ ૧૮૨ સુધી. **હસ્તપ્રત ક્રં૦** (૭) અને (૮) *પ્રહલાદ આખ્યાન* : કાળિદાસકૃત. આદિઃ સમરૂં શ્રી ગુરુ ગણપતિ.. નમાવું શિશ સુધબુધના બુધ વા એક નંદ ઉમયા ઈશ ॥ ૧ ॥ કુંજર મુખ પ્રભુ કરૂણા સાગર સમસ્ત સુર કરે સેવા, લંબોદર અતિ રૂપ સુંદર નમું દુંદાળા દેવા. અરૂણ અંબર અરૂણ ભૂ દ્રોણ, અરૂણ કૃષ્ણની માલ, અરૂણ તન સુંદર લેપન, અરૂણ ચંદન ભાલ, કર કમંડલ ચક્ર ફરશી અખે પાત્ર અનોપ... અંતઃ એમ કહી અંતર ધ્યાન થયા સુર સહિત ભગવાન નારદ કહે ધરમને સુણ પાંડુના સંતાન એવી રીતે ઉદ્ધાર કીધો પ્રોળિયાનો ગિયા હરિને ધામ તે સંશય ટાળો તમ તણો વેદ પુરાણે છાપ પ્રેલાદ આખ્યાન પૂરણ હવું પોચા મનના કોડ હરિજન શ્રોતા સહુ બોલજો જે જે રણછોડ... ઇતિશ્રી પ્રેહેલાદ આખ્યાન સપૂરણ...

**હસ્તપ્રત ક્રં૦** (૨૭) *વશિષ્ટસાર ગીતા* – નરહરિ, **હસ્તપ્રત ક્રં૦** (૨૮) પંચીકરણ, **હસ્તપ્રત ક્રં૦** (૨૯) જ્ઞાનઅર્ણવ / જ્ઞાનપ્રકાશ / જ્ઞાનમૂળ – જગજીવન, **હસ્તપ્રત ક્રં૦** (૩૪) જ્ઞાનમંજરિ, **હસ્તપ્રત ક્રં૦** (૩૫) સ્વર્ગારોહણપર્વ, **હસ્તપ્રત ક્રં૦** (૩૬) *ભરતમિલાપ*, **હસ્તપ્રત ક્રં૦** (૩૭) *વૈરાટપર્વ*, **હસ્તપ્રત ક્રં૦** (૩૮) *શ્રીમદ્ ભગવદ્ગીતા* – મૂળદાસજી, **હસ્તપ્રત ક્રં૦** (૪૦) *શ્રી ગનાનગોળો* – ખીમદાસ, **હસ્તપ્રત ક્રં૦** (૪૩) *શ્રીમદ્ ભાગવત – દશમસ્કંધ*, **હસ્તપ્રત ક્રં૦** (૪૪) પૃ૦ ૧થી ૩૧૨માં–(૧) **પ્રણામી સંપ્રદાયનું સાહિત્ય** – ઇન્દ્રાવતી / પ્રાણનાથજી / મહેરાજની રચનાઓ તથા નરસિંહ મહેતા, કૃષ્ણદાસ, છત્રસાલ, અમલાવતી, ગદાધરદાસ, રાની દીપકુંવર, મીઠો, નથુરામ, પ્રાગો, પરમાનંદદાસની પદ રચનાઓ, (૨) **શ્રીધામની વારતા** લખી છે.. પ્રણામી નવરંગસ્વામીકૃત, પૃ૦ ૧૫૩–૨થી ૨૦૦ સુધી–, (૩) **અખેગીતા...** અખાજીકૃત... પૃ૦ ૨૦૧થી ૨૪૫, ૐ નમો ત્રિગુણપતિ રાયેજી... સરવ પેહેલો પૂજાયે જી... સંવત ૧૭૭૫ સતર પંચોતરો સુકલ પક્ષ ચૈત્ર માસ, સોમવાર ને રામનવમી, પૂરણ ગ્રંથ પ્રકાશ, પૃ૦ ૨૩૮, કહે અખો નિરંજન અખે ગીતા સ્વે સ્વરૂપ નિજ સંતને, અખાને શિર નિમિત્ત દેવા ઇચ્છા હતી અનંતને.. ॥૧૨॥ પદ – અભિનવો આનંદ આજ, અગોચર ગોચર હૂવો.., (૪) **વશિષ્ટસાર ગીતા. નરહરિ** / નરહરિદાસકૃત **વશિષ્ટસાર ગીતા,** પૃ૦ ૨૪૬થી ૨૯૮ તીવ્ર વૈરાગ્ય પ્રકરણનામ પ્રથમ અધ્યાયથી શરૂ... પૃ૦ ૨૪૬, શ્રી ગુરુ બ્રહ્મચૈતનપ્રસાદ, ગાયો નરહરીએ સંવાદ, એક મના જે સુણે કોઈ, તેહને પુનરાગમન ન હોય, બ્રહ્માજીની વીશી વિશે, એક મના જે કો અભ્યાસે, પ્રભવ સંવસર પંડિત લખે તે, નિશ્ચે બ્રહ્મપદ વિશે વસે, સંવત સોળ ૧૬સે બોંતેરો, માઘ માસમાં દસ પદ બંધ મે લખ્યો, શુક્લ પક્ષ દસમી રવિવાર, પૂરણ ગ્રંથ હવો નિરધાર.. નિમિત્તમાત્ર તે નરહરદાસ... પૃ૦ ૨૯૮

**સંતશ્રી ખીમદાસબાપુ ચૈતન્ય સમાધિ મંદિર વડવાળી જગ્યા, મોવિયા, તા૦ ગોંડલના હસ્તપ્રતભંડારમાં**

**હસ્તપ્રત ક્રં૦ ૧** શ્રી મહાભારત-આદ્યપર્વ-ગુજરાતી ભાષામાં, કવિ વિષ્ણુદાસકૃત. (અપૂર્ણ – તૂટક તૂટક જીર્ણ પાનાં) આદિ-શ્રી ગણેશાય નમઃ । અથ શ્રી મહાભારતે આદ્યપર્વ લિખ્યતે । શ્રી ગુરુભ્યો નમઃ । પ્રથમ પહેલા સમરીએ સૂધ બૂધ નાથ નરેશ, ઉમિયા અંગે ઉપનો, ગવરીનંદ શ્રી ગણેશ। સકલ લોક સરસ્વતી તણું, વળી ધરે જેનું ધ્યાન, શરણે આવ્યો સ્વામીને, આપો અક્ષર દાંન ॥ ઢાળ ॥ પ્રથમ પરણવું પરિબ્રહ્મજી, કથા પાંડવની કહેવા મંન જી, વેદુર આવ્યા નામું સર્વને શીશ જી, પોતે પૂરણ શ્રી જુગદીશ જી ॥ ૩ ॥ સુખજી કેરા વંદું ચરણજી, જેહની વાણી નિરમલ કરણજી. દેવનગર હસ્તિનાપુર ગામજી, તાહાં રાજ્ય કરે જનમેજય રાંજનજી.

**હસ્તપ્રત ક્રં૦ ૨** શ્રી મહાભારત-આરણ્યક પર્વ-વૈરાટ પર્વ-સ્વર્ગારોહિણી પર્વ-ગદા પર્વ ....કવિ નાકરકૃત ગુજરાતી ભાષામાં. (અપૂર્ણ – તૂટક તૂટક જીર્ણ પાનાં... તમામને એક એક શબ્દ વાંચીને ગોઠવવા પડે તેમ આડાઅવળા. વેરણ-છેરણ છે.) કહે કવિ નાકર ગદા પર્વ પરિપૂર્ણ થિયું । દુર્યોધન પડિયો ટેટલૈ ॥ ગદાપર્વ પોતું તેટલે. કહે નાકર કવિ મારી બુધ રેખ સાંભલજો વળી કહું વિશેષ, કથાના કડવાં ચાલીશ, ચોપાઈ આઠસે સત્યાવીશ, કવતાનો વડોદરામાં વાસ, જે સાંભળે તેનો વૈકુંઠ વાસ, ॥ ઇતિ શ્રી ગદાપર્વ સંપૂર્ણ ॥ સમાપ્ત ॥ સંવત ૧૬૭૫ના વર્ષે પ્રવર્તમાન શાકે ૧૭૪૦ રવિ દક્ષિણાયને, અગહન માસે, કૃષ્ણ પક્ષૈ તિથૌ બીજ ભૃગુવાસરે પરિપૂરણ લખ્યું છે. લખતં દિક્ષિત પિતાંબર મેઘજી આત્મા અર્થે ॥ વાસ્તૂ શ્રી ગોંડલ મધ્યે લખ્યું છે ॥ પ્રત પ્રમાણે લખ્યું છે, ભૂલચૂક સુધ કરીને વાંચશો.. (ગદા પર્વ પૃ૦ ૨૩)

ઇતિ શ્રી મહાભારતે કર્ણ પર્વ કથા સંપૂર્ણ, સંવત ૧૬૭૫ના વરસે શાકે ૧૭ પ્રવર્તમાને અષાડ સુદ ૧૫ ભ્રગુ લિખિતં ॥ દિક્ષિત પિતાંબર મેઘજી જ્ઞાતિ મોઢ વાસ્તૂ શ્રી ગોંડલ મધે પઢનાર્થ આતમા અર્થે.. શ્રી શ્રી શ્રી...

**હસ્તપ્રત ક્રં૦ ૩** શ્રી ભીષ્મ પર્વ – તવ્ય નારાયણ કહે અર્જુનને, આ ભોમ્ય ભલી ભાવે, તે માટે અહીં યુદ્ધ કીજે દયા ધર્મ મન નાવે..

**હસ્તપ્રત ક્રં૦ ૪** નાશકેત આખ્યાન (અપૂર્ણ) મહા ભારતે આરણ્યક પર્વે–યોગશાસ્ત્રે–મહામુક્તિ માર્ગે – વિ૦ સં૦ ૧૮૬૦ના જ્યેષ્ઠ વદ ૧૦ ભોમવાસરે લિખિતં.. ભાઈ પિતાંબર મેઘજી પઠનાર્થં, આતમા અર્થે પુસ્તક પ્રત પ્રમાણે ગોંડલ મધ્યે લખ્યું છે...

**હસ્તપ્રત ક્રં૦ ૭** (૧) ઓખાહરણ – ભટ્ટ પ્રેમાનંદકૃત – સંવત ૧૬ બારતરામાં માસ કાર્તિક અષ્ટમી રવિવાસરે ગ્રંથ પૂરણ – પ્રેમાનંદ. ચોપાઈ ૧૦૭૩ કડવાં ૩૨. પ્રત્યક્ષ પ્રમાણે લખ્યું છે. સં૦ ૧૮૬૯ – ૧૭૩૪ પ્રવર્તમાને રવિ ઉરાદે, માસ નામ શુભકારી પ્રથમ વૈશાખ માસ કૃષ્ણ પક્ષૈ તિથૌ ૪ ગુરુવાસરે સંપૂર્ણ થયું છે. લહિયા મોઢ જ્ઞાતિ દિક્ષિત પિતાંબર મેઘજીએ ગોંડલ મધ્યે લખ્યું છે. (૨) સુદામા આખ્યાન – કડવાં-૧૩

**હસ્તપ્રત ક્રં૦ ૮** શ્રીમદ્ ભગવદ્ગીતા – મૂળ સંસ્કૃત-ગુજરાતી ટીકા સાથે.

**હસ્તપ્રત ક્રં૦ ૯** *હરિરસ* – ઈસરદાનજી બારહઠ્ઠકૃત. – લહિયા ઉપાધ્યાય મયાશંકર વાલજી વણપરી

– વિ૰ સં૰ ૧૯૫૬

**હસ્તપ્રત ક્ર૰ ૧૦** શ્રી મોહજીત રાજાની કથા – જન તુલસીદાસ ગુરુ રામદાસકૃત. સંવત ૧૯૨૨ વૈશાખ સુદ ૬ને શુક્રવારે. લહિયા–વૈશ્ય ગટારામ જીવણદાસજી, રહેવાસી શ્રી સમઢિયાળા મધ્યે ॥

**હસ્તપ્રત ક્ર૰ ૧૮** શ્રી ચરણદાસજીકૃત નાસકેત આખ્યાન ભાખા – (૧૮ અધ્યાયમાં સંપૂર્ણ) પ્રત પ્રમાણે લખી છે. લિ. જ્ઞાતિ મોઢ બ્રાહ્મણ દિક્ષિત પિતાંબર સુત કૃષ્ણજીને અર્થે લખ્યું છે.

**હસ્તપ્રત ક્ર૰ ૨૬** પ્રણામી સંપ્રદાયનું વીતક સાહિત્ય – (અપૂર્ણ) શ્રી વીતક તિનોં સ્વરૂપકી. પૃ૰ ૧થી ૩૧૫ ગુટકો. લખ્યાના સાલ-સંવત નથી, લહિયાનું નામ પણ નથી મળતું, કદાચ પાછળનાં ગુમ થયેલાં પાનાઓમાં હોય, પ્રણામી સંપ્રદાયમાં અનેક વીતકગ્રંથો પ્રકાશિત થયેલા છે, એમાં લાલદાસજી, મુકુન્દદાસજી/નવરંગસ્વામી, વગેરે મુખ્ય છે. પ્રાણનાથ સ્વામીના ગુરુ નિજાનંદ દેવચન્દ્રજી અને મહેરાજ/પ્રાણનાથસ્વામીનું ચરિત્ર સાંપ્રદાયિક ઇતિહાસ સાથે આવા દરેક વીતક ગ્રંથોમાં હોય છે. પ્રણામી સંપ્રદાયના લગભગ દરેક અનુયાયીને ત્યાં આવા સાંપ્રદાયિક ગ્રંથોની હસ્તપ્રતો કાયમ પાઠ કરવા માટે આપવામાં આવતી હતી.

**હસ્તપ્રત ક્ર૰ ૨૭** (૧) પ્રણામી. પ્રાણનાથસ્વામીકૃત ષટ્ ઋતુ, (૨) ભટ્ટ પ્રેમાનંદકૃત દાણલીલા. કડવાં ૧૪. સં૰ ૧૮......ના જેઠ વદ ૧૩ના દને લખ્યું છે.

**ભાણસાહેબના સમાધિસ્થાન – કમીજલા (તા૰ વિરમગામ)ની હસ્તપ્રતોમાં –**

**હસ્તપ્રત ક્ર૰ ૧** વિ૰ સં૰ ૧૮૯૧ ઈ૰સ૰ ૧૯૩૫ અષાડ વદી અમાસ શનિવારના દિવસે બામણગામના અમથા બહેચરદાસ દ્વારા લખયેલી પ્રત. જેમાં પ્રીતમદાસકૃત *છપ્પા* ૧૩૧, રવિસાહેબકૃત *રામગુંજાર ચિંતામણી* રચના સંવત ૧૮૩૮, રાજેકૃત *બારમાસ*, પ્રીતમદાસકૃત *કક્કો* નરસિંહનાં બે પદ, જ્ઞાનદાસ/જ્ઞાનીદાસ/ગંગાદાસનું પદ, પદોઃ રણછોડદાસ, રવિસાહેબ, ધીરો, દયો/ દયાળજી મહારાજકૃત *પ્રેમલક્ષણા ભક્તિનાં પદો.*

**હસ્તપ્રત ક્ર૰ ૨** વિ૰ સં૰ ૧૮૭૪ ફાગણ વદી ૩ બુધવાર સાધુ સાધુરામે લખાવી. લહિયા બ્રાહ્મણ ગોવિંદરામ... સામરાઈ ગામે. જેમાં રવિસાહેબકૃત કવિત છપ્પામાં વિવિધ અંગો... ચારણી કવિ ઈસરદાનકૃત *હરિરસ*, કવિ નરહરદાસજીકૃત *વશિષ્ટસાર ગીતા* (ર૰ સં૰ ૧૬૭૭ મહા સુ૰ દશમ રવિવાર) સહજોબાઈકૃત *સહજ પ્રકાશ ગ્રંથ* (ચરણદાસનાં શિષ્યા). ફાગણ મહિના અષ્ટમી, શુકલ પક્ષ બુધવાર, સંવત અઠારહસૈ ઉતૈ, સહજો કિયા વિચાર. ગુરુ અસ્તુતિ કે કરનહું, બાઢો અધિક ઉલાસ, હોતે હોતે હો ગઈ, પોથી સહજ પ્રકાશ. દિલ્હી શહર સુહાવના, પરિક્ષત પુર મેં વાસ, તહાં સમાપત હી ભઈ, નવકા સહજ પ્રકાશ. સહજપ્રકાશ પોથી કહી, ચરનદાસ પ્રતાપ, પઢે સૂને જે પ્રીતસોં, ભાંજે સબ હી પાપ.

**હસ્તપ્રત ક્ર૰ ૩** રવિ, મોરાર, તોરલ વગેરેનાં ૧૫૫ જેટલાં પદો – ઈ૰સ૰ ૧૮૭૭ વિ૰ સં૰ ૧૯૩૩ અષાડ સુદી ૧૫ ગુરુવારે. વેદાન્તેરામજી પુજારીના પઠન અર્થે સાધુ સાંધારામ વર્ણદાસજી, બાવા

શ્રી મોનદાસના સસરે વાસી સાપુરના ગામ શ્રી બદડા મધ્યે લખાવી છે.

**હસ્તપ્રત ક્ર૦ ૪** લે૦ સં૦ ૧૯૧૬ ચૈત્ર વદી ૧૨ બુધવાર. જેમાં *જ્ઞાનપ્રકાશ* ગ્રંથ (ર૦ સં૦ ૧૭૭ર કારતક સુ ૯ સોમ) કર્તાઃ જગજીવન!, રવિસાહેબકૃત કવિત અને છપ્પા, *અખેગીતા*, *વિચારમાલા* ગ્રંથ (ર૦ સં૦ ૧૭૨૬, મહા સુદ ૧, ઈ૦સ૦ ૧૬૭૦), *જ્ઞાનપ્રકાશ* ગ્રંથ, દલુરામજીકૃત ગુરુ *વંશાવળી.*

**ખંભાલીડા – મોરારસાહેબની જગ્યાનો હસ્તપ્રતભંડાર**

ખંભાલીડા જગ્યામાં પડેલી ઢગલાબંધ હસ્તપ્રતોમાં ઊધઈને કારણે લગભગ ચાલીશ-પચાસ જેટલી હસ્તપ્રતો તદ્દન નષ્ટ થઈ ગઈ હોવાની આશંકા છે. જેમાંની એક હસ્તપ્રતમાં તો મોરારસાહેબની પોતાના હસ્તાક્ષરોમાં કરેલી સહી પણ મોજુદ હતી. એ ખંભાલીડા જગ્યા બંધ જેવી હાલતમાં રહેવાથી, ભવિષ્યની પેઢીઓ માટેનો આ અમૂલ્ય વારસો આજે સંશોધકોની નજર સામે આવી શકતો નથી એનો ખૂબ જ ખેદ છે.)

ખંભાલીડા – મોરારસાહેબની જગ્યાના હસ્તપ્રતભંડારમાં સચવાયેલી કૃતિઓ

રવિસાહેબનાં પદો, મોરારસાહેબનાં પદો, *કબીર-ગોરખ ગોષ્ઠિ*, ગોકુળદાસકૃત *અખેગીતા??*, નરસિંહની ચાતુરીઓ, રવિ, રાજે, રણછોડ, દુર્લભ, ગોપાલદાસ, સેવાદાસની રચનાઓ. ચરણદાસનાં ભજનો... ત્રિકમસાહેબકૃત *ચેતામણી*, કૃષ્ણદાસકૃત *જ્ઞાનપ્રકાશ*, લાલસાહેબકૃત *આત્મબોધ*, ચરણદાસકૃત *ભક્ત બિરદાવલી*. હરિદાસજીકૃત *સવૈયા*, *દોહા*, *કવિત*, *સોરઠા*, કરસનદાસજીકૃત *જ્ઞાનપ્રકાશ*, નરસિંહની *ચાતુરી*, *કબીર-ગોરખ ગોષ્ઠિ*, નરહરદાસકૃત *પ્રબોધમંજરી*, સાધુ દેવાજીકૃત *નિંદાહરણના દોહરા રામસ્તુતિ*, *કલિયુગ મહિમા*, સેવાદાસકૃત *જ્ઞાન-અજ્ઞાન ગોષ્ઠિ*, મલૂકદાસકૃત *ભગત બિરદાવલી*, રવિસાહેબકૃત *ગર્ભ ચિંતામણી*, પ્રીતમકૃત *ગુરુ મહિમા*, *કબીર પરચરી*, કુંવરજીકૃત *જ્ઞાનગોષ્ઠિ*, (ખીમ-રવિ પ્રશ્નોત્તરી), ખીમ, માધવદાસ, રતનદાસ, દયાનંદ હંસરાજ, મીઠો, લાલદાસનાં પદો, મુંડિયાબાવા દયાનંદકૃત *ગોપી વડચડ*, રવિસાહેબકૃત *ભાણગીતા*, *છપ્પય*, *ચિંતામણી*, *રામગુંજાર ચિંતામણી*, *બારમાસ*, સુંદરદાસજીકૃત *સુંદરવિલાસ ગ્રંથ*. જશુરામકૃત *જસરાજ રાજનીતિ*, ગ્રંથ, નંદદાસકૃત *માનમંજરી*, *પિંગળ ચિંતામણી*, *ભાષા છંદ શૃંગાર પિંગળ*, કૃષ્ણદાસકૃત *કૃષ્ણ બાવની*, સુંદરદાસકૃત *સુંદર શૃંગાર*, રવિસાહેબકૃત *દાણલીલા* અને વિવિધ પદો, વીરદાસજીકૃત *રામ પદો... અખેગીતા*, *ભક્તમાળ સટીક*, *રંકા વંકા પરચરિ*, *પીપા પરચરિ*, *કબીર પરચરિ*, નંદદાસકૃત *માન મંજરી નામમાળા*, ઈસરદાસકૃત *હરિરસ*, પ્રીતમકૃત *સરસગીતા*, *ભોગલ પુરાણ ગ્રંથ*, બ્રહ્માનંદકૃત *ઉપદેશ રત્ન દીપક*, હામા કવિકૃત *કર્મ કથા* તથા *કળિયુગમહિમા* (ખજુરિયા ગામનો/હાલારમાં ખજુરડીનો હામો.), ગેમલજીકૃત *પદો*, *રામ બારાખડી*, *સુદામા બારાખડી*, નંદદાસકૃત *માનમંજરી નામમાળા*, દુર્લભરામકૃત ગુરુ *વંશાવળિ* હિન્દી ભાષામાં, ભીમદાસકૃત *ભીમગીતા* ૧૨૨ છંદોમાં અપૂર્ણ લે૦ સં૦ ૧૮૩૩ (ઈ૦સ૦ ૧૭૭૭), મૂળદાસકૃત પદો. *હસ્તામલક* ગ્રંથ ૪૯૫ પદોમાં (કવિ બ્રહ્મ!) (ભાણદાસ-કૃષ્ણપૂરી શિષ્ય) વિ૦ સં૦ ૧૭૦૭માં ૧૬ કડવાંમાં... અને નરહરદાસે વિ૦ સં૦ ૧૭૦૯માં ચોપાઈની ૫૦૧ કડીમાં *હસ્તામલક* ગ્રંથ આપ્યો છે. ર૦ ભા૦ વાણી ભાગ-રમાં પૃ૦ ૪૧૫ ઉપર ભાણસાહેબની કૃતિ તરીકે, કૃષ્ણપૂરી ગુરુના પ્રસાદથી સં૦ ૧૭૭૭

જેઠ સુદી ૧૦ ગુરુવાર દર્શાવતી રચના પણ ૧૬ કડવાંમાં જ રચાયેલી છે.), જગજીવનકૃત *મણિરત્નમાલા* ગ્રંથ વિ૦ સં૦ ૧૮૦૩માં શેરખીમાં. *ગર્ભ ચિંતામણિ ગ્રંથ, ચરણદાસજીનાં પદો...* આ હસ્તપ્રતભંડારની સામગ્રીનો ઉપયોગ કરીને ભૂતકાળમાં રવિ-ભાણ સંપ્રદાયના જુદા જુદા સંતકવિઓ વિશે પાંચેક મહાનિબંધો સંશોધકો દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સમક્ષ રજૂ થયા છે.

**ભીમસાહેબની જગ્યા – આમરણ(તા૦ મોરબી)ની હસ્તપ્રતોઃ**

નરહરદાસકૃત *પ્રમોદમંજરી ગ્રંથ*, ભીમસાહેબકૃત *કીર્તન-પદ-ભજનો*, અંગ, ભીમસાહેબકૃત *ગુરુ મહિમા ગ્રંથ* (૨૦ સં૦ ૧૮૪૮, ભાદરવા સુદ ૪, શુક્રવાર) રતનદાસ શિષ્ય શીલદાસ રચિત *મૂળારંભ ભજન, સાખી, અંગ, કવિતો* વગેરે... ભીમસાહેબની રચનાઓ પદો. ભીમસાહેબકૃત સાખીઓ, ભીમસાહેબકૃત *ચિંતામણી* (૨૦ સં૦ ૧૮૪૦, ચૈત્ર સુ૦ ૮ મંગળવાર), ભીમસાહેબકૃત *ગુરુ શિષ્ય ગોષ્ઠિ*, સં૦ ૧૮૬૨, મહા સુદી ૧૪, મહાશિવરાત્રી, લહિયાઃ ભીમસાહેબના શિષ્ય નાગજી.

**રબારી સમાજ ધર્મગુરુ ગાદી, ચવેલી, જિ૦ પાટણની હસ્તપ્રતો** – જેમાં શીલદાસજીનાં ભજનો, *ચેતામણી* કેવળસાહેબકૃત (કેવળ કુબા), નરહરદાસકૃત *ઉમા મહેશ્વર સંવાદ* સં૦ ૧૬૯૯, મહા સુદી ૧૦ (શિવ ગીતા) લહિયાઃ સંતદાસ, વડોદરા, લે૦ સં૦ ૧૮૮૫, ભાદરવા વદી ૧૨, પ્રેમાનંદકૃત *સુદામાચરિત્ર, મામેરું* અને અન્ય આખ્યાન રચનાઓ.

# રણમલ્લ છંદઃ કેટલાંક નિરીક્ષણો

**પ્રફુલ્લ રાવલ**

આઠમી સદીના પ્રારંભિક વર્ષોમાં હિન્દુસ્તાનમાં પ્રવેશેલા યવનો (મુસ્લિમો) ધીમે ધીમે દેશના અંતરિયાળ ભાગમાં પ્રસરતા ગયા અને તેરમી સદીમાં ગ્યાસુદ્દીનના રાજ્યકાળમાં સુલતાનનું સામ્રાજ્ય સ્થિર થયું. દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખલજીએ ગુજરાત જીતી નાઝિમની નિમણૂક કરી હતી. એ રીતે સુલતાને રાજકીય વર્ચસ જમાવી રાખ્યું હતું. પરન્તુ રાજવહીવટ કાયમ સુગમ રહેતો નહોતો. ક્યારેક રાજકીય ખટપટ વધતાં નાઝિમ-સૂબો બદલાતો. પ્રારંભે જૂના નાઝિમ અને નવનિયુક્ત નાઝિમ વચ્ચે વૈચારિક સંઘર્ષ થતો. એની અસર વહીવટ પર પડતી. અવારનવાર ગુજરાતમાં રાજકીય પરિસ્થિતિ અસ્થિર થતી. એની સ્વાભાવિક અસર પ્રજા પર પડતી. આનંદ-ઉલ્લાસનું ગાન ગાતી, ઉત્સવો ઊજવતી પ્રજા પોતાનું અસ્તિત્વ ટકાવવાની મથામણમાં પડી. મુસ્લિમ રાજવીના અમાનુષી વર્તાવ સામે જાતને બચાવવા-સાચવવા ઈશ્વર પર અપાર ભરોસો રાખતી થઈ. અધ્યાત્મની ધારા વેગીલી બની. આત્માના કલ્યાણની વિભાવના ઊઘડી અને વિકસી. પરતંત્ર રાજ્યકર્તાઓમાં રાજલાલસા ને આત્માભિમાનની લાગણી પ્રબળ થતાં યવનો સામે લડી લેવાની લાગણીએ જોર પકડ્યું.

હિન્દુઓમાં પરસ્પર વૈમનસ્ય અને કલહ હોવા છતાં બધી જાતિઓ મુસલમાનને અધીન રહેવાનું પસંદ કરતી નહોતી અને મુક્ત થવા તલસતી હતી. બહાદુર ને વીર રાજવીને પ્રજા સહયોગ આપતી તો પાડોશી રાજાઓ પણ જરૂર પડે સહાય કરતા. કેટલા ક્ષત્રિય રાજવીઓએ યવન સૂબાનો સ્વીકાર ન કર્યો. એની સામે લડ્યા. વીરત્વનો પરિચય કરાવ્યો. કોઈ જીત્યા તો કોઈ હાર્યા. વીરત્વ દર્શાવનાર રાજાઓનું સ્તુતિગાન સમકાલીન કવિઓએ ગાયું છે. જોકે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં એવી જૈનેતર કૃતિઓ જૂજ પ્રાપ્ત છે. એમાં શ્રીધર વ્યાસકૃત *રણમલ્લ છંદ* કાવ્યકૃતિ તરીકે પણ મહત્ત્વની રચના છે. એ જૂની ગુજરાતી ભાષાનું વિશિષ્ટ ઐતિહાસિક વીરકાવ્ય છે. કેશવલાલ હ૦ ધ્રુવ નોંધે છે તેમ એ ‘ન્હાનૂં પણ વીરરસથી ઊભરાતૂં ઉત્તમ કાવ્ય છે. એની શૈલી પ્રૌઢ અને ઓજસ્વી છે.’[૧] એની ‘કાવ્યભાષા ચારણી ડિંગળની પૂર્ણભૂમિકાની અવહટ્ઠ અપભ્રંશ

પ્રકારની છે.'[2] વ્યંજનને બેવડાવી વર્ણઘોષ-શબ્દઘોષ ઉત્પન્ન કરવાની શૈલી *રણમલ્લ છંદ*ના કર્તા શ્રીધર વ્યાસે અપનાવી છે. જે વીરરસપૂર્ણ કાવ્યકૃતિ માટે ઉપર્યુક્ત લેખાય. જેમ કે; रणमल्लं-प्रतिमल्लं, किज्जए - लिज्जए, ढमक्कीय - तरलहट्टीय ઇત્યાદિ. પાછળથી 'એનું અનુસરણ પ્રેમાનંદ જેવા આખ્યાન કવિઓએ પોતાનાં યુદ્ધવર્ણનોમાં કર્યું જણાય છે.'[3] એવું અનંતરાય રાવળે નોંધ્યું છે.

આ કાવ્યની ખરી મહત્તા કૃષ્ણલાલ ઝવેરી કહે છે તેમ, 'એની ભવ્ય અને શૂરાતનભરી, ઝડઝમકવાળી અને પ્રાસાનુપ્રાસથી ઊભરાતી શૈલીના બલવન્ત પ્રવાહમાં અને એના વર્ણનની વિષદતા અને વસ્તુને અનુરૂપ ઘેરાં ચિત્રો ઊભાં કરવાની શક્તિમાં સમાયેલી છે'.

'છંદ' એ મધ્યકાલીન કાવ્યપ્રકાર છે. છંદમાં સ્તુતિ થતી. આ સ્તુતિ મહદંશે ઈશ્વર કે દેવીની કરાતી. વ્યક્તિની પ્રશંસા કરવા માટે આ કાવ્યપ્રકાર કવિઓ પ્રયોજતા. જૈન સાહિત્યમાં અનેક છંદકૃતિઓ રચાઈ છે. *રણમલ્લ છંદ*ની માત્ર એક જ હસ્તપ્રત મળે છે. આ હસ્તપ્રત ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટમાં સારી રીતે સચવાયેલી છે. લહિયાએ સારા અક્ષરે લખી પણ છે.

સિત્તેર કડીની આ કાવ્યકૃતિમાં ક્યાંય સર્જકનો ઉલ્લેખ નથી. માત્ર લહિયાએ નકલ કરતી વેળા સાલ સાથે 'श्रीधर व्यासकृतं रा रणमल्ल छंद।' એવું નોંધ્યું છે તે પરથી સર્જકનું નામ જાણવા મળે છે. શ્રીધર વ્યાસ વિશે કશી વિશેષ માહિતી મળતી નથી. શ્રીધર વ્યાસે *રણમલ્લ છંદ* ઉપરાંત *દશમસ્કંધ* અને *ઈશ્વરી છંદ* નામક અન્ય બે કાવ્યની રચના પણ કરી છે પરન્તુ એમાંથી પણ કવિ વિશે કોઈ વિશેષ માહિતી ઉપલબ્ધ થતી નથી. *મંદોદરી સંવાદ* અને *સપ્તસતી* એ બે રચનાઓ શ્રીધરના નામે મળે છે. પરન્તુ આ શ્રીધર અલગ હોવાનું નોંધાયું છે.

*રણમલ્લ છંદ*માં જે રીતે રાવ રણમલ્લની વીરતાનું નિરૂપણ થયું તે પરથી એ રણમલ્લનો સમકાલીન હોવો જોઈએ. એટલું જ નહીં એ એનો આશ્રિત કવિ હશે. રાજ્યાશ્રિત કવિનું કર્તવ્ય રાજવીના ગુણોને ઉજાગર કરવાનું હોય છે. ક્યારેક એમાં અતિશયોક્તિ પણ સંભવે છે. એવું આ કાવ્યમાં જણાય છે. કાવ્યારંભે શ્રીધર ગણનાથ શંકર ભગવાનને નમીને મુસ્લિમ રાજાના પ્રતિસ્પર્ધી રણમલ્લની ગાથા ગાવાનો આરંભ કરે છે અને તરત કહે છેઃ

छत्राधिपमदहर्त्ता कर्त्ता कदनसबलकर्त्तानाम्।
वीरविजयश्रीधर्त्ता रणमल्लो जयति भूभर्त्ता।।

(શાસક રાજાના મદને હરનાર, બળવાન સૈન્યને દુઃખ આપનાર, વીરના વિજયની કીર્તિ ધારણ કરનાર પૃથ્વીનો રાજવી રણમલ્લ વિજય પામે છે.)

'અહીં 'भूभर्त्ता' અર્થાત્ 'પૃથ્વીનો રાજવી' એ શબ્દો સ્પષ્ટતઃ રણમલ્લને મહાન ચીતરવાનો કવિનો આશય છે. આવાં એકાધિક સ્થાનો કાવ્યમાં મળે છે. છતાંય શ્રીધર વ્યાસની કવિપ્રતિભા ચોક્કસ ઊંચા પ્રકારની તો છે જ. એમનું ભાષાપ્રભુત્વ અપૂર્વ છે. એમને સંસ્કૃતનો પૂરો પરિચય છે. એ સંસ્કૃતજ્ઞ છે તો આ કાવ્યમાં પ્રયોજાયેલા અરબી-ફારસી શબ્દો એમનો ઇતર ભાષાનો અભ્યાસ

છતો કરે છે. જે રીતે તેઓ અરબી-ફારસી શબ્દોનો વિનિયોગ કરે છે તે પરથી માનવાનું મન થાય છે કે એ ભાષાથી શ્રીધર વ્યાસ ખાસ્સા વાકેફ છે. વળી એમણે વાપરેલા છંદો એમનું પિંગળજ્ઞાન દર્શાવે છે. આમ, શ્રીધર વ્યાસની આ કાવ્યકૃતિ દ્વારા એમની સર્જક પ્રતિભા અવશ્ય માન ઉપજાવનારી છે.

શ્રીધર વ્યાસનું રાષ્ટ્રાભિમાન પ્રશંસનીય છે. ભલે રણમલ્લની ગુણપૂજા એમણે કરી હોય પણ એની પાછળ શ્રીધરને પરધર્મીનું શાસન માન્ય ન હોવાની ભાવના રહેલી છે. ઇસ્લામ ધર્મનો વધતો જતો પ્રસાર એ કાળે સ્વધર્મને જ શ્રેષ્ઠ માનનાર માટે પ્રતિસ્પર્ધી પર વિજય પામનાર રાજવીનું યશોગાન પ્રેરક બને છે. શ્રીધર વ્યાસે એનું ગાન ગાઈને એમની સ્વધર્મનિષ્ઠાની પ્રતીતિ કરાવી છે. રણમલ્લ પરના એમના અહોભાવે જ તો આ કાવ્યસર્જન થયું છે. સ્વાનુભવનું કાવ્યમાં રૂપાન્તર કરતી વેળાએ શ્રીધર વ્યાસની રાજનિષ્ઠા ને રાજવીનિષ્ઠામાં આવેગ પ્રવેશ્યો હોય તોપણ એ કવિની રાષ્ટ્રભક્તિનું જ રૂપ છે. રણમલ્લને શ્રીધર 'रणताली' કહે છે. એ શબ્દ રણમલ્લના જીવનસંઘર્ષને નિર્દેશે તો શ્રીધર વ્યાસ એની રણપ્રિયતાનો સાક્ષી રહ્યો હોવાનું પણ નિર્દેશે છે.

શ્રીધર વ્યાસ બ્રાહ્મણ છે અને સંભવતઃ ઔદીચ્ય બ્રાહ્મણ છે. એ પરમ શૈવ છે. કાવ્યની પ્રથમ કડીમાં જ એમણે શિવને અહોભાવથી વંદન કર્યાં છે. શ્રીધર શિવને મહાન ગણનાથ કહે છે. *રણમલ્લ છંદ* અને *ઈશ્વરી છંદ* રચનાર શ્રીધર વ્યાસ 'છંદ' કાવ્યપ્રકાર રચે છે એમાં એનું પ્રયોગશીલ માનસ વર્તાય છે. 'છંદ' કાવ્યપ્રકાર મહદંશે દેવીસ્તુતિ માટે પ્રયોજાય છે. શ્રીધર વ્યાસે રણમલ્લની પરાક્રમની સ્તુતિ કરીને ચીલો ચાતર્યો છે. એમને 'રસવૃત્ત' રચવાનું ધાર્યું છે એ પણ એમની રચના વિશેની પાકી સમજને સૂચવે છે. શ્રીધર વ્યાસ ઐતિહાસિક કાવ્યકૃતિ રચે છે એનાથી પણ પોતે અવગત છે. કાવ્યમાં નિર્દિષ્ટ ઐતિહાસિક ઘટનાને નિરાધાર ન લેખી શકાય. શ્રીધર વ્યાસ જરૂર રાજ્યાશ્રિત કવિ છે એટલે કદાચ ગુણપૂજામાં એમની ઉક્તિ બોલકી બને, પરન્તુ ઘટના તો સાચી હોય. એમાં કલ્પનાવિહાર ન હોય એટલે શ્રીધર-નિરૂપિત ઘટનાને આધારે ઇતિહાસનું તથ્ય પ્રકાશિત થાય. ભલે, કવિએ કાવ્યરચના કરતાં કલ્પનાનો આશરો લીધો હોય પણ રણમલ્લે કરેલું યુદ્ધ સત્ય ઘટના છે તો ખાનનો ખજાનો લૂંટી લીધો છે એ પણ સત્ય હકીકત છે. એટલે શ્રીધરકથિત ઘટનાને ઇતિહાસની કાચી સામગ્રીરૂપ લેખી શકાય. શ્રીધર વ્યાસ પાસે તત્કાલીન વિગતો છે જ. આ વિગતો કવિ રાજકીય બાબતોનો જાણકાર હોવાનો પુરાવો છે. સ્થળનામોના ઉલ્લેખો કવિ બાહ્ય બાબતોથી અવગત છે તેનું સૂચન કરે છે. શ્રીધર વ્યાસ કવિ છે તો તત્કાલીન ઘટનાઓના જ્ઞાતા પણ છે.

સિત્તેર કડીના *રણમલ્લ છંદ*ના પ્રારંભની દસ કડી સંસ્કૃતમાં છે અને એ માત્રામેળ આર્યા છંદમાં છે. શ્રીધર વ્યાસ કાવ્યારંભે ભગવાન શંકરને નમીને કાવ્યસર્જનનો પ્રારંભ કરે છે. એ શંકરને મોટા – ગુરુ કહીને એમને ગણનાથ પણ કહે છે. આમ, કાવ્યના આરંભે દેવ કે દેવીની અર્ચના-આરાધનાની પરંપરા શ્રીધર વ્યાસે જાળવી રાખી છે પરન્તુ માત્ર દોઢ પંક્તિમાં અર્ચના કરી તરત રણમલ્લની મહાનતાનું ગાન ગાય છે તે છેક કાવ્યાન્ત સુધી. આ માત્રામેળ છંદ આર્યાનો વિનિયોગ સંસ્કૃત કવિઓએ કર્યો છે. કવિ કાલિદાસે એમની સુખ્યાત નાટ્યકૃતિ *અભિજ્ઞાન શાકુન્તલ*માં એકતાલીસ શ્લોક આર્યા છંદમાં રચ્યા છે. ભવભૂતિએ *ઉત્તરરામચરિત*માં બેવાર આર્યા છંદ વાપર્યો છે. જ્યારે શ્રીધર વ્યાસે આરંભના દસ શ્લોક આર્યા છંદમાં રચ્યા છે. એનું બંધારણ સંસ્કૃત આર્યા

છંદનું છે. એમાં ચાર ચરણ છે. જુઓ પ્રથમ શ્લોકઃ

शंकरगुरुगणनाथं नत्वा रसवृत्तछंदआरंभे।
कवयेऽहं रणमल्लं प्रतिमल्लं युवनभूपस्य।।

અહીં પહેલા અને ત્રીજા ચરણમાં બાર માત્રા છે. બીજા ચરણમાં અઢાર માત્રા અને ચોથા ચરણમાં પંદર માત્રા છે.

આર્યાને છંદ તરીકે પણ ઓળખવામાં આવે છે. રા૦ વિ૦ પાઠક આર્યાને ચતુષ્કલસંધિ રચનાઓમાં મૂકે છે. પરન્તુ તેનું બંધારણ 'અટપટું' હોવાનું નોંધે છે. પિંગળોમાં આર્યાનાં વિવિધ રૂપો દર્શાવ્યાં છે. બીજે ચોથે સ્થાને જ-ગણ અવશ્ય હોય તે 'ચપલા આર્યા' કહેવાય છે. 'વિપુલા આર્યા'માં બારમે યતિ નથી આવતો. વળી સયતિક દલવાળી આર્યાને 'પથ્યા આર્યા' કહે છે. આર્યામાંથી માત્રાફેરે નવા છંદો થયા છે. આર્યાના પ્રથમ અર્ધને બેવડાવી દ્વિદલ કરવાથી 'ગીતિ' થાય છે.

*રણમલ્લ છંદ*માં સત્તાવીસ કડી ચુપ્પઈ અર્થાત્ ચોપાઈ છંદમાં છે. ચુપ્પઈમાં ચાર ચરણ અને પ્રત્યેક ચરણમાં પંદર માત્રા હોય છે. જોકે શ્રીધર વ્યાસે ડિંગલ મુજબ સોળ માત્રા રાખી છે. જુઓ અગિયારમી કડીની પ્રથમ પંક્તિઃ

सतिरिसहससाहणवैसाहण गई अरदास पासि सुरताणह।

અહીં બે ચરણમાં સોળ માત્રા છે. આ છંદમાં ગતિ હોય છે.

છંદ અર્થાત્ હરિગીત. એ પાંચ કડીમાં પ્રયોજાયો છે. હરિગીત અઠ્ઠાવીસ માત્રાનો છંદ છે. ઓગણીસમી કડીની પ્રથમ પંક્તિમાં હરિગીત વપરાયો છે તે જોઈએ : 'फुंगरीय फुरफरफादकारक फोज करि फुरमाणीया।' અહીં ૫ + ૧૧ + ૫ + ૫ + ૨ એમ કુલ અઠ્ઠાવીસ માત્રા છે. અંતે ગુરુ છે. કેશવલાલ હ૦ ધ્રુવ આ છંદને સારસી છંદ તરીકે ઓળખાવે છે. એમાં ૯ + ૭ + ૭ + ૫ એમ કુલ અઠ્ઠાવીસ માત્રા હોય છે. અહીં દર્શાવેલી પંક્તિમાં અઠ્ઠાવીસ માત્રા છે. સોળ માત્રાએ યતિ આવેલો છે. એમ જોતાં આ છંદ હરિગીત કરતાં સારસી છંદ હોય તેમ જણાય છે. સારસી છંદમાં છેલ્લે ર-ગણ આવે છે તે અહીં જોવા મળે છે છે. माणिया એ ર-ગણ ગાલગા છે.

શ્રીધર વ્યાસે ૨૦, ૨૨, ૨૪, ૪૨ અને ૪૪મી કડીમાં દૂહુ અર્થાત્ આર્યા છંદ પ્રયોજ્યો છે. પણ આર્યા કરતાં એનું રૂપ જુદું જણાય છે. એ અર્ધ સમમાત્રિક છંદ છે. એનાં પ્રથમ ચરણમાં તેર માત્રા, બીજા ચરણમાં અગિયાર માત્રા, ત્રીજા ચરણમાં તેર માત્રા અને ચોથા ચરણમાં અગિયાર માત્રા હોય છે. કડી ત્રીસથી આડત્રીસ અર્થાત્ આઠ કડીમાં કવિએ સિંહવિલોકિત છંદ વાપર્યો છે. આ છંદ સોળ માત્રાનો છે. છેલ્લા ત્રણ વર્ણ સ-ગણ આવે છે. જેમ કે, बल करिसु कुलह छत्तीस तणू અહીં અંતે स तणू એ સ-ગણ – લલગા – છે.

શ્રીધર વ્યાસે ૪૧ અને ૪૫મી કડીમાં પંચચામર છંદ વાપર્યો છે. પંચચામર બાર અક્ષરનો અક્ષરમેળ છંદ છે. તેનું માપ લગાલ ગાલગા લગાલ ગાલગા છે. જ, ર, જ, ર એમ ચાર ગણ

આવે છે. શ્રીધરે એમાં જગણ વધારીને છેલ્લે ગા મૂકીને તેને સોળ અક્ષરનો છંદ કર્યો છે. આ છંદની પંક્તિ જોઈએઃ

कठोर चोर छोर घोर पारसीकपूरया।

ઓગણત્રીસ માત્રાના મરહટ્ટા છંદની ચાર કડીઓ છે. *રણમલ્લ છંદ*ની હસ્તપ્રતમાં 'ભાસુરક છંદ' એવો ઉલ્લેખ છે. 'ભાસુરક' ડિંગલ છંદ હોવાનું અનુમાન છે. આ છંદના અંતિમ બે વર્ણ ગુરુ લઘુ હોય છે. દલપતરામે એનું બંધારણ *દલપતપિંગળ*માં આપ્યું છે. ડિંગલમાં એ 'હાંઢકી' નામે ઓળખાય છે. યુદ્ધવર્ણન માટે આ છંદ સાનુકૂળ છે. શ્રીધરે જ ચાર કડી દુમિલા છંદમાં રચી છે. દુમિલા માત્રામેળ છંદ છે. દુમિલામાં બત્રીસ માત્રા હોય છે. *રણમલ્લ છંદ*માં અઠ્ઠાવનથી એકસઠ કડી દુમિલા છંદમાં છે. રણમલ્લે પ્રયાણ કર્યું છે તે દર્શાવવા લલગાનું આવર્તન કામિયાબ નીવડ્યું છે.

ચાર ગણવાળો ભુજંગપ્રયાત અથવા ભુજંગી છંદ શ્રીધર વ્યાસે છાસઠથી અગણ્યોસિત્તેરમી કડીમાં પ્રયોજ્યો છે. આ સોળ અક્ષરનો છંદ છે. એનું માપ છે લગાગા લગાગા લગાગા લગાગા. ડિંગલમાં ભુજંગી અગિયાર વર્ણનો છે. યવન સૈન્ય પલાયન થયું તેનું નિરૂપણ કરવામાં ભુજંગીનો લય કવિએ ખપમાં લીધો છે. લગાગાનું આવર્તન ભાગતાં સૈન્યને તાદૃશ કરે છે.

શ્રીધર વ્યાસે પ્રયોજલો દસમો છંદ તે કવિત્ત. છેલ્લી કડી આ છંદમાં છે. કવિત્ત અર્થાત્ છપ્પય. એને ઘનાક્ષરી કે મનહર પણ કહે છે. સામાન્ય રીતે કવિત્તમાં એકત્રીસ કે બત્રીસ અક્ષર હોય છે.

શ્રીધર વ્યાસે મહદંશે માત્રામેળ છંદોનો આ કાવ્યમાં વિનિયોગ કર્યો છે. મૂળ તો વીરરસના નિરૂપણ માટે અક્ષરમેળ કરતાં માત્રામેળ છંદો વધુ અનુકૂળ પડે છે. કવિનું છંદપ્રભુત્વ કાવ્યના વિષય સંદર્ભે અપૂર્વ છે. આ કવિએ અરબી-ફારસી શબ્દોનો ખૂબ ઉપયોગ કર્યો છે. જૂની ગુજરાતી ભાષાના આ કાવ્ય વિષે ઓછું લખાયું-વિચારાયું છે.

શ્રીધરે સંસ્કૃત શ્લોકમાં અરબી-ફારસી શબ્દોનો વિનિયોગ કર્યો છે. ततार, फरीआद, असपति, दमाम, तुरक, निमाज, हराम, फुरमाण, हुसीयार ઇત્યાદિ અરબી-ફારસી શબ્દો આ કાવ્યમાં જોવા મળે. એનો કાવ્યાત્મક વિનિયોગ શ્રીધરનું કવિચાતુર્ય છે. વહીવટ અને વ્યવહારમાં યવનપ્રજાનો પ્રભાવ હોવાથી એમની ભાષાના શબ્દો એ કાળે ગુજરાતી ભાષામાં સરળતાથી વપરાતા હશે. ડૉ॰ છોટુભાઈ રણછોડજી નાયકે *ગુજરાતી પર અરબી-ફારસીની અસર* એ ગ્રંથમાં નોંધ્યું છે કે, 'મુસલમાનોનો સંપર્ક કાબેલ અને ચાલક ગુજરાતીઓએ કેળવ્યો અને તેમની ભાષા શીખવાનો શોખ પણ પેદા કર્યો, કારણ કે તેમ કરવાથી આર્થિક લાભ તેમણે જોયો, ફારસી ઉપર પ્રભુત્વ મેળવનાર ઘણા નીકળ્યા અને ફારસી સાહિત્યના ગુલિસ્તાનનાં જે ફૂલો દિમાગને પ્રફુલ્લ અને આનંદિત બનાવી દે એવાં છે તે પણ તેમણે ચૂંટ્યાં. પરિણામે ફારસી અરબી શબ્દો અને ભાવો ગુજરાતીમાં આવતા થયા. અને બીજી રીતે પણ સાહિત્યને પ્રભાવિત કર્યું.'[૪]

વિ૰ સં૰ ૧૨૪૧ ફાગણ પંચમીએ શાલિભદ્રસૂરિએ *ભરતેશ્વર બાહુબલિરાસ*ની રચના કરી. એ ચરિત્રાત્મક કાવ્યમાં 'અસુવાર', 'તતાર', 'પાયક', 'ફારક' જેવા ફારસી અરબી શબ્દોનો થયેલો વિનિયોગ એ કાળે ગુજરાતીઓમાં એ ભાષાના શબ્દોનો વપરાશ હોવાનું પુરવાર કરે છે. ત્યાર બાદ રચાયેલા *સમરારાસુ*માં 'પાતસાહિ', 'સુરતાણું' 'ખાનુ' ઇત્યાદિ અનેક અરબી-ફારસી શબ્દો પ્રયોજાયા છે. જ્યારે શ્રીધર વ્યાસકૃત *રણમલ્લ છંદ*માં વિપુલ પ્રમાણમાં અરબી-ફારસી શબ્દોનો ઉપયોગ થયો છે. શ્રીધર વ્યાસે રાજ્યવ્યવસ્થાના અને યુદ્ધને લગતા શબ્દોને કાવ્યમાં સહજ વણી લીધા છે. કાવ્યમાં એ રીતે અરબી-ફારસી શબ્દો ગોઠવાયા છે કે તે કાવ્યને ઉપકારક બન્યા છે. અહીં એ શબ્દો વિષે થોડી ચર્ચા પ્રસ્તુત છે.

અરબી શબ્દ सुरताणનો અર્થ થાય છે સુલતાન એટલે કે બાદશાહ, સમ્રાટ. અહીં શ્રીધર વ્યાસે सुरताणफोज संहरणे' સમાસરૂપે પ્રયોજ્યો છે. 'ફોજ' ફારસી શબ્દ છે અને એની સાથે યુક્ત संहरणे સંસ્કૃત શબ્દ તૃતીયા એકવચન છે. આમ કવિએ અરબી-ફારસી અને સંસ્કૃત એમ ત્રણેય ભાષાના શબ્દોને પ્રયોજ્યા છે. પંક્તિમાં हम्मेरेण સાથે संहरणेનો પ્રાસ મેળવ્યો છે. શ્રીધર વ્યાસ વિદેશી શબ્દોનો આબાદ વિનિયોગ કરી જાણે છે. પાંચમી કડીમાં शक શબ્દ જાતિવાચક છે. 'મનુસ્મૃતિ' (૧૦-૪૪)માં દ્રવિડ, યવન, કિરાત, શક, કમ્બોજ એ જાતિઓના ઉલ્લેખ સાથે शकનો સમાવેશ કરાયો છે. દસમા શ્લોકમાં शकदल એ ષષ્ઠી તત્પુરુષ સમાસમાં दल સંસ્કૃત શબ્દને વિદેશી शक સાથે કવિએ જોડ્યો છે. सुरताण સુલતાનનો સમાનાર્થી શબ્દ છે पातशाह. આ ફારસી શબ્દ છે. કવિ पातशाहकटकेषु એવો શબ્દપ્રયોગ કરીને ભાષાનો સમન્વય કરે છે. कटकेषु એ સંસ્કૃત સંજ્ઞાવાચક कटक નામનું સપ્તમી બહુવચન છે.

અગિયારમા શ્લોકમાં 'अरदास' શબ્દ ફારસી છે. એનો અર્થ થાય છે અરજ કે વિનંતી. મૂળ ફારસી શબ્દ તો 'अर्ज' છે. *સાર્થ ગૂજરાતી જોડણીકોશ*માં 'અરદાસ'નું મૂળ 'अर्जदाश्त' નોંધ્યું છે. (પૃ૰ ૪૨) શ્રીધર પછી પદ્મનાભે *कान्हडदे प्रबन्ध*માં 'अरदास' (૧-૨૦) અને 'अरदासि' (૧-૧૪૨) શબ્દ વાપર્યો છે. પછીના શ્લોકમાં फुरमाण સાથે आण વાપરી વર્ણાનુપ્રાસ ગોઠવ્યો છે. फुरमाण એ ફારસી 'ફરમાન'નું બદલાયું રૂપ છે. એનો અર્થ છે સનદ. 'હુકમ' એ બીજો અર્થ છે. જોકે आण એ आज्ञाનું પરિવર્તિત રૂપ છે. એનો અર્થ 'હુકમ' જ થાય છે.

ગુજરાતી સાથે दार અર્થાત્ 'વાળું' અર્થ ધરાવતો ફારસી શબ્દ મૂકીને थाणदार શબ્દ બનાવ્યો છે. 'थाण' એ સંસ્કૃત 'સ્થાન'નું પ્રાકૃત રૂપ છે. थाण સાથે શ્રીધર વ્યાસે 'दार'ને જોડીને 'થાણદાર' કે 'થાણેદાર' સમાસ બનાવ્યો છે. પંદરમા શ્લોકમાં 'हराम', 'माल' 'हलाल' શબ્દો મળે છે. 'हराम' વિશેષણ છે. આ અરબી શબ્દ છે. એના અર્થ થાય છે 'નિષિદ્ધ', 'અધર્મી', 'વગર હકનું'. 'हलाल' પણ વિશેષણ છે. ઇસ્લામમાં જે ધર્મસમ્મત હોય તે હલાલ કહેવાય છે. 'વિહિત', 'કાયદેસર' ને 'વાજબી' એના અન્ય અર્થો છે. 'સામાન', 'વિસાત', 'પૂંજી' એવા અર્થો ધરાવતો 'माल' શબ્દ પણ અરબી છે. 'પશુધન' માટે 'માલ' શબ્દ વપરાય છે. 'માલધારી'માં એ અર્થ સમાયેલો છે. અત્યારે એ જાતિવાચક બન્યો છે. ઢોર ઉછેર કરતી ભરવાડ, રબારી જેવી જ્ઞાતિઓને 'માલધારી' કહેવામાં આવે છે. અહીં 'षान>खान' એ લશ્કરમાં જે સેનાપતિ હેઠળ દસ હજાર સૈનિકો હોય તેને 'ખાન' કહેવામાં આવતો. એની નીચે 'મલિક' આવતો. મલિક પછી અમીર આવે અને છેલ્લો અમલદાર

સિપાઈ સાલાર કહેવાતો. દરેકને નિર્વાહ માટે હોદ્દાનુસાર જાગીર અપાતી અને સૈનિકને રોકડમાં ચુકવણી થતી. શાહજાદા, અમીર ગૃહસ્થ માટે 'ખાન' શબ્દ વપરાય છે. 'षजमती-खजमती' એટલે ખજાનો અર્થાત્ નાણું રાખવાની જગ્યા, ભંડાર. આ અરબી શબ્દના અન્ય અર્થો પણ છે. 'મીર' ફારસી શબ્દ છે.

દુનિયા-જગત અર્થસૂચક 'आलम' શબ્દ અરબી ફારસી બન્ને ભાષામાં છે. 'હેરાન થવું – ચકિત થવું' એવો અર્થ ધરાવતો 'हलम' અરબી શબ્દ છે તો 'हल'નો અર્થ થાય છે ઉકેલ. આ અરબી શબ્દ છે. 'હલ કાઢવો' એવો શબ્દપ્રયોગ વ્યવહારમાં પ્રયોજાય છે. અઢારમા શ્લોકમાં 'મુગલ' એ જાતિવાચક શબ્દ છે. 'हुसीयार', 'हुशयार' ફારસી શબ્દનો અર્થ 'ચાલાક', 'કુશળ' 'નિપુણ' થાય છે. 'હોશિયારી મારવી, બતાવવી, દાખવવી કે કરવી' એનો અર્થ બદલાઈ જાય છે. 'ततार' અર્થાત્ તાતાર દેશના ઘોડા. ઉત્તમ ઘોડાની જાત માટે પણ ततार શબ્દ વપરાય છે. મધ્યયુગમાં મધ્યએશિયાનો એક પ્રદેશ 'ततार' તરીકે ઓળખાતો. એ નામની એક જાતિ પણ હતી. તુર્કિસ્તાન એ જ તાતાર. ત્યાંના નિવાસી તે 'તાતારી.' આ ફારસી શબ્દ છે.

શ્રીધરનું કવિચાતુર્ય અરબી-ફારસી શબ્દોના કાવ્યાત્મક વિનિયોગમાં પમાય છે. ભલે, કદાચ તે કાળે સમાજમાં નવાનવા અરબી-ફારસી શબ્દો પ્રવેશેલા હોય પણ કવિએ એને આત્મસાત્ જરૂર કર્યા છે.

*રણમલ્લ છંદ*માં ઈડરના રાજા રણમલ્લ અને ગુજરાતના નાઝિમ-સૂબા સુલતાન મલિક મુફર્રહના યુદ્ધનું વર્ણન છે. એમાં મુફર્રફનો પરાજય થયો હતો. રણમલ્લ રાઠોડ વંશનો હતો. ઈડરમાં ઈ૦ ૧૨૪૬માં રાવ સોનિંગજીનો જેઠ માસની સુદિ ૧૧ને દિવસે રાજ્યાભિષેક થયો હતો. એણે ૨૮ વર્ષ રાજ્ય કર્યું. એના અવસાન પછી એના વંશજો અનુક્રમે રાવ અજોમલ, ધવલમલ, લૂણકરણ અને કેહરન ગાદીએ આવ્યા. કેહરનના મૃત્યુ પછી એનો પુત્ર રણમલ્લ ઈ૦ ૧૩૪૬માં ઈડરની ગાદી પર આવ્યો. એ એક શક્તિશાળી રાજવી તરીકે વિખ્યાત થયેલો. એ સમયે પાટણમાં દિલ્હીના મુસ્લિમ સૂબાઓની સત્તા સ્થિર થઈ ચૂકી હતી. સાથોસાથ એમની વચ્ચે સત્તાની ખેંચતાણ ચાલતી હતી. રાવ રણમલ્લ આ અસ્થિર સમયમાં પોતાની સત્તા પ્રબળ કરવાનો સબળ પ્રયત્ન કરી રહ્યો હતો. એણે શક્તિશાળી સૈન્ય જમાવ્યું હતું. રાવ રણમલ્લની વીરતાનું ગાન શ્રીધર વ્યાસે *રણમલ્લ છંદ*માં ભાવથી કર્યું છે. એ રણમલ્લને वीरजयश्रीधर्त्ता તરીકે ઓળખાવે છે. એની વીરતાને બિરદાવતાં સુલતાનના લશ્કરનો સંહાર કરનાર હમ્મીર સાથે એને સરખાવે છે. શ્રીધર વ્યાસ તો રણમલ્લ ન હોત તો ગુર્જર રાજાઓની બજારમાં ગુલામ તરીકે હરાજી થાત એવું કહે છે એમાં એની વીરતા નિહિત છે. એને વિરોધીઓ અર્થાત્ યવનોની કબર બાંધનારો કહ્યો છે. અન્ય રાજાઓ સ્ત્રીઓની સોબતમાં નિરંતર સંગીત અને નાટકમાં પ્રસન્ન રહી યૌવનનો આનંદ માણે છે જ્યારે એકમાત્ર રણમલ્લ વીરરસમાં વિલસે છે. રણમલ્લ એવો માથાભારે હતો કે એણે સૂબાનો ખજાનો લૂંટી લીધો અને સુલતાનના કહેવા છતાં પાછો ન આપ્યો. એને લડવું મંજૂર હતું પણ શરણે જવું મંજૂર નહોતું.

रणताली - અર્થાત્ યુદ્ધનો શોખીન છે. વીરત્વ દર્શાવ્યા પછી એ મૂછ મરડે છે. એની આ ચેષ્ટાને શ્રીધર વ્યાસે સેંભરના રાજા હમ્મીરની એવી ચેષ્ટા સાથે સરખાવી છે. આખા કાવ્યમાં રણમલ્લની

પ્રશંસા પથરાયેલી છે. છેલ્લી કડીમાં રણમલ્લનું કથન છેઃ 'धगडायण धुंधलि धडूं' 'યવનસૈન્યમાં ધાંધલ મચાવી દઈશ' અને 'एकछत्र रवितलि करुं।' - 'સમસ્ત પૃથ્વી પર એકાધિકાર સ્થાપિત કરીશ'. આ કથનમાં રણમલ્લનો આત્મવિશ્વાસ ને ગર્વ બન્ને વર્તાય છે.

આ કાવ્યમાં પ્રાસાનુપ્રાસ લગભગ પ્રત્યેક કડીમાં જોવા મળે છે. શબ્દચિત્રોમાં કવિની કવિત્વશક્તિનો ઉઘાડ પમાય છે. જાણે પ્રત્યક્ષ જોતાં હોઈએ એવું અનુભવાય છે. જુઓ,

तो षार तारततार ते जीय तरल तिक्ख तुरंगमा।
पष्षरीय पष्षर पंषि पसरीय पवनपसरि निरुप्पमा।
असवार आसुर अंस अस लीय असणि असुहड ईडरे।
संचरीय शकसुरताणी साहण सेन शिव शिव संगरे।।२५

((જ્યારે) શક સુલતાનની ચતુર્વિધ સેના શિવ શિવ કરતી યુદ્ધ માટે ચાલી (ત્યારે) તોખાર અને તાતાર દેશના ચપળ અને તેજીલા-વેગીલા ઘોડાઓ ઉપર પાખર નાખવામાં આવી છે જેની ઉપમા નથી તેવા એ ઘોડા પક્ષીઓ પ્રસરે તે પ્રમાણે પ્રસરી રહ્યા છે. આસુરોના અંત રૂપ મુસ્લિમ સૈનિકોએ ઘોડા પર સવાર થઈ ઈડર તરફ કૂચ કરી (ત્યારે) ધૂળનાં વાદળ ઊડતાં હતાં.)

રણમલ્લે રણભૂમિ તરફ પ્રયાણ કર્યું તેનું વર્ણન જુઓઃ

गोरीदल गाहवि दिट्ठ दहदिसि गढिमढि गुहि गढिम गदीयं।
हणि हणि भमि हक्कंतु हूं हूं हयहय हुंकारवि हयमरि चढीयं।
धडहडतुं धडि हम्मीर धरातलि धसि धगडायण धुंसि धरिइ।
ईडरवै पंडरवेस सरिसु रणि रामायण रणमल्ल करिइ।।५८

યવન સૈનિકો દ્વારા તલવારના શક્તિશાળી પ્રહારથી ચારેબાજુના કિલ્લા, મઠ તેમજ પર્વતના અંદરના ભાગને નષ્ટ થયેલા જોઈને રણમલ્લ અશ્વ પર સવાર થઈને 'શત્રુઓને મારો, મારી નાખો' એવી બૂમો પાડવા લાગ્યો. (જેમ પહેલાં) હમ્મીર ઉતાવળથી ધસી જઈને મુસ્લિમ સૈનિકોનો શિરચ્છેદ કરતો હતો (તેમ હવે) ઈડરપતિ રણમલ્લ સફેદ વસ્ત્ર પહેરીને યુદ્ધમાં રામાયણના યુદ્ધનું પુનરાવર્તન કરે છે.

અહીં શ્રીધરે 'દ્રુમિલા' છંદ પ્રયોજ્યો છે. સહજ રીતે વર્ણાનુપ્રાસ ને અંત્યાનુપ્રાસ કવિએ યોજ્યો છે. અહીં धरिइ અને करिइ શબ્દોમાં બે હ્રસ્વનો વિનિયોગ પણ ભાષાદષ્ટિએ ધ્યાનપાત્ર છે.

આ યુદ્ધ રણમલ્લે મલિક મુફર્રહની સાથે કર્યુ છે. મુફર્રહ ગુજરાતનો સૂબો હતો. દામગાનીની કતલ થયા પછી મલિક મુફર્રહને ગુજરાતનો સૂબો નીમવામાં આવ્યો. તેનું મૂળ નામ રાસ્તીખાન હતું. તેના બાપનું નામ મલિક કૂત્તહુલ હતું અને તે ફિરોજ શાહનો ગુલામ હતો. રાસ્તીખાન ગુજરાતનો સૂબો નિમાયો ત્યારે તેને ફરહતુલ મુલ્કના ખિતાબથી નવાજવામાં આવ્યો હતો. આ સૂબાને રણમલ્લે હરાવ્યો તેનું વર્ણન *રણમલ્લ છંદ*માં છે. રણમલ્લે દફરખાનને હરાવ્યો હતો (જુઓ કડી ૩૨) અને

સમસુદ્દીનને પણ યુદ્ધમાં કાબૂમાં લીધો હતો. (જુઓ કડી ૩૩)

*કાન્હડદે પ્રબન્ધ*ની ચર્ચા વિગતે અને એકાધિક અભ્યાસીઓએ કરી છે. પરન્તુ *રણમલ્લ છંદ* જાણે અસ્પૃશ્ય રહ્યો છે! માત્ર એક જ હસ્તપ્રત મળતી હોવાથી જાણે એનું મૂલ્ય ઘટી ગયું છે. વળી *રણમલ્લ છંદ*માં પ્રયોજાયેલી અવહટ્ઠ પ્રકારની ભાષાથી એ રાજસ્થાની સાહિત્યની કૃતિ હોવાનું વલણ પણ જોવા મળે છે. ભારતીય વિદ્યામંદિર શોધ પ્રતિષ્ઠાન, બીકાનેર દ્વારા પ્રસિદ્ધ મૂલચંદ 'પ્રાણેશ' સંપાદિત *રણમલ્લ છંદ*માં સંપાદકે કેશવલાલ હ૦ ધ્રુવ સંપાદિત પંદરમા શતકનાં પ્રાચીન કાવ્યની વાચનાને જ આધાર બનાવી છે. આ સંપાદન પ્રમાણમાં સાધારણ કક્ષાનું છે Ranmalla Chand of Sridhara Vyasa - A Rare Historical Saga an Old Gujarati એ કે૦ બી૦ વ્યાસના અંગ્રેજી લેખમાં મૂળ હસ્તપ્રતની વાચના સાથે એનું અંગ્રેજી ભાષાન્તર મળે છે. પરન્તુ ગુજરાતીમાં એક પણ સંપાદન મળતું નથી. *રણમલ્લ છંદ* વિશે લખાયેલી નોંધ કે લેખમાં વિગતની ચોકસાઈ પણ કરાઈ નથી અને ડૉ૦ ચન્દ્રકાન્ત મહેતાએ 'મધ્યકાલના સાહિત્ય પ્રકારો'માં તો સંસ્કૃત ૧૦ આર્યાને બદલે અગિયાર હોવાનું નોંધ્યું છે. *રણમલ્લ છંદ* કાવ્યનું ઐતિહાસિક મહત્ત્વ છે. ઇતિહાસની ખૂટતી કડીના સગડ એમાંથી મળે છે. શ્રીધર વ્યાસની વર્ણનકળા ખરે જ પ્રશંસાયોગ્ય છે.

**પાદટીપઃ**

૧. ધ્રુવ, કેશવલાલ હર્ષદરાય (સંપા૦) *પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય*, પૃ૦ ૭.

૨. *રાવળ, અનંતરાય. ગુજરાતી સાહિત્ય-મધ્યકાલ*, પૃ૦ ૬૩.

૩. એજ, પૃ૦ ૬૩.

૪. નાયક, છોટુભાઈ રણછોડજી. *ગુજરાતી પર અરબી-ફારસીની* અસર ભાગ-૨, પૃ૦ ૪૪૨.

# નાથ સંપ્રદાયની વાણી

**દર્શના ધોળકિયા**

મધ્યકાળ દરમિયાન (૧૦૮૮-૧૮૫૨) સમગ્ર ભારતવર્ષમાં એકસાથે ક્રાંતદર્શન કરતું શાંત આંદોલન ઉદ્ભવ્યું જેણે આપણને અનેક વિદ્વાન વિચારકો ને સમર્થ સંતકવિઓ આપ્યા – કવિ જયદેવથી માંડીને દયારામ સુધીના. પણ દલપત પઢિયાર નોંધે છે તેમ, આ મધ્યકાલીન ભક્તિ આંદોલન પૂર્વે નાથ આંદોલન એ ધાર્મિક ક્રાંતિનું શકવર્તી આંદોલન હતું. ભારતીય અધ્યાત્મ ચેતના અને સાધના ધારાનો અપૂર્વ આવિષ્કાર એટલે નાથસંપ્રદાય.

આ સંપ્રદાય વિશે ભારતમાં હજારી પ્રસાદ દ્વિવેદી, રાહુલ સાંકૃત્યાયન, રાંગેય રાઘવ તો ગુજરાતીમાં અનવર આગેવાન, મકરંદ દવે, નરોતમ પલાણ, બળવંત જાની, હસુ યાજ્ઞિક, ભગવાનદાસ પટેલ, નાથાલાલ ગોહિલ, દલપત પઢિયાર અને નિરંજન રાજ્યગુરુ જેવા સમર્થ અભ્યાસીઓએ અત્યંત નોંધપાત્ર અભ્યાસ પ્રજાને ધર્યો છે.

પલાણ કહે છે તેમઃ નાથ સંપ્રદાયની સૌથી જૂની રચનાઓ પ્રાકૃત અને અપભ્રંશમાં મળે છે એટલે સંભવતઃ આ ભાષાઓના સંધિકાળમાં 'નાથ'નો ઉદ્ભવ હશે, એમ હાલ પ્રાપ્ત નાથવાણીના સંદર્ભ ઉપરથી લાગે છે. (*સરવંગા*, પૃ૦ ૩૫–૩૬)

નાથ સંપ્રદાયના આરંભનું સાહિત્ય જેનાથી છે તે ગોરખનાથની અમુક સંસ્કૃત રચનાઓ બાદ કરતાં મોટા ભાગની રચનાઓ અપભ્રંશમાં છે. ૧૯૪૨માં *ગોરખબાની*નો સંગ્રહ આપનાર પીતાંબરદત્ત બડથ્વાલ, અપભ્રંશ અને તેમાંથી પ્રસવતી જૂની હિન્દીના અંશો અને હરિવલ્લભ ભાયાણી જૂની રાજસ્થાની તથા ગુજરાતીના અંશો તારવે છે. અતઃ મૂળની અપભ્રંશમાંથી હિન્દી, રાજસ્થાની, ગુજરાતી આદિમાં નાથબાની સંક્રાન્ત થઈ હશે. આપણે એમ કહી શકીએ કે અપભ્રંશ એક સરોવર છે, જેમાંથી જુદી જુદી દિશાઓમાંથી હિન્દી, ગુજરાતી, આદિની સરવાણીઓ પ્રવાહિત થઈ છે. ગોરખનાથની રચનાઓ ભિન્ન ભિન્ન સ્થળે અને ભિન્ન ભિન્ન સમયે લિપિબદ્ધ થઈ છે એટલે જે તે હસ્તપ્રતમાં જે તે સ્થળ-કાળના અંશો પ્રવેશ્યા હોવાનું સહજ છે. ગોરખનાથની ઘણી રચનાઓ

અદ્યાપિ લોકકંઠે રહેલી છે, આ કારણે પણ એમાં ભાષાપરિવર્તન સહજ લાગે છે. ગોરખનાથ ઉપર મહાનિબંધ લખનાર રાંગેય રાઘવ, હિન્દી ઉપરાંત રાજસ્થાની, ગુજરાતી, પંજાબી, બંગાળી અને નેપાળી ભાષાના અંશો પણ *ગોરખબાની*માં હોવાનું તારવે છે. આનો અર્થ એ કે અપભ્રંશ અને પ્રાદેશિક ભાષાના સંધિકાળ ઉપર ગોરખનાથ છે (પૃ૦ ૩૬).

કચ્છમાં ધીણોધર અને આબુ ઉપર ‘રસિયોવાલમ’નાં સ્થાનો સીધેસીધાં ગોરખનાથની શિષ્ય પરંપરામાં આવે છે (પૃ૦ ૪૩).

નાથ સંપ્રદાયના નવ નાથોમાં ગોરખનાથ પ્રમુખસ્થાને બિરાજે છે. અલબત્ત, એમના ગુરુ મત્સ્યેન્દ્રનાથ છે પણ આ સંપ્રદાયનો પરિવ્રાજક બનીને લગભગ આખા દેશમાં પ્રચાર-પ્રસાર કર્યો તે ગોરખે.

નાથ સંપ્રદાયમાં દીક્ષિત સાધકો આને પરમતત્ત્વનો વાચક કહે-માને છે. નાથયોગી યોગસાધના દ્વારા આની પ્રાપ્તિ કરતા, એટલું જ નહીં, દીક્ષિત થયા બાદ તેઓ પોતાના નામાંતે ‘નાથ’ ઉપાધિ પણ લગાવતા. આચાર્ય પરશુરામ ચતુર્વેદીનું માનવું છે કે પ્રારંભમાં ‘નાથ’ શબ્દ પ્રભુ-સ્વામી ઇત્યાદિનો અર્થસૂચક મનાયો હોવા છતાં પછીથી જેને અતિ માનવત્વ તેમ જ દેવત્વ પણ આપી શકાતું તેવા મહામાનવનો પણ બોધક મનાયો. (*ગોરખનાથઃ જીવન અને દર્શન*, પૃ૦ ૧૬)

ગોરખનાથની વાણી સંદર્ભે આપણને યોગાચાર્ય ભાણદેવ, હસમુખ વ્યાસ જેવા અભ્યાસીઓ પાસેથી નોંધપાત્ર સામગ્રી સાંપડે છે. પણ જિજ્ઞાસુ અને સાધકોને તરબતર કરે અને આનંદ સમાધિમાં લીન કરે એવું અધ્યયન આચાર્ય રજનીશજી પાસેથી *મરૌ હે જોગી મરૌ* નામક ગ્રંથમાંથી, મકરંદ દવે જેવા સિદ્ધ વ્યક્તિત્વ પાસેથી *સત કેરી વાણી*માં સાંપડે છે. તો દલપત પઢિયાર જેવા આ પ્રકારના સાહિત્યના અભ્યાસી પાસેથી એનું બૌદ્ધિક મૂલ્યાંકન પણ થયું છે.

આ સંપ્રદાય વિશે ભલે છૂટીછવાઈ પણ તોય ઠીક ઠીક કહેવાય તેવી અલભ્ય સામગ્રી આપણને સાંપડે છે પણ આ સંતોની વાણી વિશે છૂટીછવાઈ સામગ્રી મળે છે. એનું આધારભૂત કહેવાય તેવું સંકલન થવું હજુ બાકી છે. પણ તેમ છતાં જે મળે છે તે પણ ઓછું નથી.

આ સંદર્ભમાં નાથ સંપ્રદાયની વાણીમાં સ્વાભાવિક રીતે ગોરખનાથની વાણી આવે. એના બે ભાગ પડે તેમ છે. એમનાં મૂળ કહેવાય તેવાં પદો અને એમનાં દલપત પઢિયાર જેવાએ એકઠાં કરેલાં બત્રીસ જેટલાં ગુજરાતી પદો. આમ તો ગોરખનાથને નામે ત્રીસેક જેટલા ગ્રંથો મળે છે પણ અહીં આમસમાજમાં પ્રચલિત એવાં એનાં પદોની ચર્ચા કરવી ઉચિત જણાઈ છે.

મધ્યકાલીન સંતોની જેમ ગોરખની વાણીમાં શાંતક્રાંતિ છે, પ્રસન્નતાનો મહિમા છે, ગુરુ પ્રત્યેનો અપાર આદર બલકે ગુરુતત્ત્વની અનિવાર્યતાનું સ્થાપન છે. આમસમાજ પ્રત્યેનું છલોછલ કારુણ્ય છે. ભારોભાર વેદનશીલતા છે, સત્પુરુષનો મહિમા છે, ક્યાંક મીઠો ને હળવો વ્યંગ છે ને આ સૌની ઉપર આત્માની ઓળખ પ્રતિ સૌને લઈ જવાની મથામણ છે. ને અહીં ક્યાંય બોધનું અંશમાત્ર વજન પણ નથી. ગોરખ સહજતાના આરાધક ખરા ને? એટલે તો જે માર્ગે ચાલીને એમણે

આત્મતત્ત્વ પ્રાપ્ત કર્યું છે તે માર્ગે સૌને નિમંત્રતા હાથ પકડવાની મુદ્રામાં તેઓ જણાવે છેઃ

હંસીબા ખેલીબા ધરીબા ધ્યાન, અહર્નિશ કથિબા બ્રહ્મ ગિયાન,
હંસૈ શૈલૈય ન કરૈ મનભંગ તે નિહચલ સદા નાથ કે સંગ

ઈશ્વરપ્રાપ્તિ જેવો દુરુહ ગણાતો વિષય ગોરખને મન તો હસતાં રમતાં મળે તેવો છે. સાચો સાધુ કદી ઉદાસ હોતો નથી. એ હંમેશ પ્રસન્ન હોય છે. નાચતો-ગાતો હોય છે. ગીતાકારે જે પ્રસન્નતાનો મહિમા કર્યો છે તેની ગોરખને બરાબર જાણ છે. એટલે જ તેનું માનવું છે તેમ મનભંગ થવાનું નથી. મજા લેવાની છે. આવી મજા લેનાર હંમેશા નાથના સંગમાં જ રમણ કરે છે ને રમમાણ રહે છે.

પણ હા, ઉદાસ રહેવાનું સૂચન પણ ગોરખે કર્યું છે – બહાર રહેવા છતાં અંદર કેન્દ્રિત થઈને;

મનમે રહીણા ભેદ ન કહીણા બાલીબા અમૃત વાણી

ગોરખનું સ્થિતપ્રજ્ઞ એક બાજુ પ્રસન્ન છે તો બીજી બાજુ મિતભાષી છે. પણ બોલે છે ત્યારે તેના મુખમાંથી અમૃત ઝરે છે. સામેની વ્યક્તિને જે કરવું હોય તે કરેઃ

આગીલા અગની હોઇબા અવધૂ, તો આપણ હોઇબા પાણી
ગોરસ કહૈ સુણહૂ રે અવધૂ જગમેં ઐસૈ રહેણાં

આવા જણને ગોરખ ગુરુની પદવી આપવા તૈયાર છેઃ

કથનિ કથૈ સો શિશ બોલીએ, વેદ પઢૈ સો નાતી
રહણી રહૈ સો ગુરુ હમારા, હમ રહતા કા સાથી

આવો ગુરુ મળે ક્યારેઃ

શિશ નવાવત સતગુરુ મિલીયા, જાગત રહન બિહાણી

ગુરુપ્રાપ્તિ માટે આવશ્યક છે નમ્રતા ને અખંડ જાગરણ.

યોગીનું લક્ષ એકજ :

હિન્દુ આશય રામકો, મુસલમાન સુદાઇ,
જોગી આશય અલખ કો, તહાં રામ અચ્છઇ ન સુદાઇ

.....................

અવધૂ પંથ સરા ઉદાસા (આ શબ્દ લક્ષ્મણ અને સુદામાના સંદર્ભે)

ગોરખને મતે યોગીએ પ્રતિક્ષણ સાવધાન રહેવાનું છેઃ

હબકીન બોલીબા, ઠબકીન ચાલીબા, ધીરૈય ધરીબા પાંવ
ગરબ ન કરીબા, સહજૈ રહીબા, ભણત ગોરસ રાવં
હઠ ન કરીબા પડયા ન રહીબા યું બોલ્યા ગોરસ દેવમ્
અતિ આહાર યંન્દ્રૈય બલકરૈય નાસૈ જ્ઞાનં મૈથૂન ચિત્ત ધરૈય

ગોરખને મતે જોગી બધા જ ખયાલોથી, ઊહાપોહથી મુક્ત થઈ જતો હોય છેઃ

કોઈ વાદી, કોઈ વિવાદી, જોગી કો વાદ ન કરના

આવો જાગ્રત યતિ રીતરિવાજ, કર્મકાંડોથી ક્યાંય ઉપર ઊઠી જાય છે. કર્મકાંડીઓના હળવી મજાકના મિજાજમાં કાન પકડતા ગોરખ કહે છેઃ

સરજીવ તોડી લા, નિરજીવ પૂજીલા, પાપજી કરણી, કૈસે દૂતર તીરીલા
તીરથી તીરથી સનાન કરીલા, બાહર ધોય કૈસે ભીતર ભેદીલા
..................
કહણિ સુહેલી રહણિ દુહેલી, કહણિ રહણિ બિન થોથી,
પઢ્યા ગુયા સૂવા બિલાઇ પાયા, પંડિત કે હાથિ રહ ગઈ પોથી.

(*ગોરખનાથ : જીવન અને દર્શન*, પૃ૦ ૭૧)

આ ગોરખનો શબ્દ છે જેવો નકર તેવાઃ

ઓમ શબદહી શબદહી કૂંચી, શબદ ભયા ઉજીયાલા

આ શબ્દને પામીને ગોરખે આપેલી દીક્ષા મંત્ર તરીકે આપેલી ફલશ્રુતિ આ છેઃ

અવધૂ સહજૈ લૈણાં, સહજૈ દૈણાં, સહજૈ પ્રીતિ લયો લાઈ

આજીવન આવી પ્રસન્નતા, અવધાન ગુરુભક્તિ ને આતમ તત્ત્વની પ્રાપ્તિ કર્યા પછી ગોરખે કાળને પણ વશ કર્યો. જે મૃત્યુથી જગત આખું થથરે છે એ મૃત્યુને હાથમાં રમાડતાં ગોરખે જાણે આ અંતિમ મંત્ર આપ્યોઃ

મરૌ વે જોગી મરૌ, મરૌ મરન હૈ મીઠાં
તીસ મરણી મરૌ જીસ મરણી ગૌરસ દીઠાં

મરી તો જુઓ, મરણ તો છે મીઠું મધ પણ હા ગોરખ જેમ મરતાં આવડવું જોઈએ. આ મરણ એટલે અહમ્ નાશ. આ મરણ એટલે અનાસક્તિ (અખો) પોતા વિશે ગોરખનો આટલો આત્મવિશ્વાસ છતાં આપણે એને ઘમંડ નથી કહી શકતાં. એનાં મૂળમાં એની ઊંડી અનુભૂતિ,

નિષ્પક્ષ ને નિર્મળ આત્મદર્શનમાંથી પ્રગટેલી ફલશ્રુતિ. જે એણે સૌને વહેંચી છે.

નાથપંથની જ વાત ચાલે છે ત્યારે નાથપંથના પ્રમુખ સંત ગૈનીનાથની શિષ્ય પરંપરામાં થયેલા નિવૃતિનાથના શિષ્ય સંત જ્ઞાનદેવનાં પદોમાં ગોરખની મંત્રદીક્ષા સાતત્યપૂર્ણ રીતે વહે છે.

બહાર અખંડ પ્રવૃત્તિ ચાલુ છે,
અંદર અખંડ નિવૃત્તિ છે,
અને બંને મળીને સ્થિતિ એક છે,
એવું જ્ઞાની પુરુષોનું જીવન હોય છે.
તેમનું હંમેશાં ઈશ્વરની સાથે જ એકાંત હોય છે.
કર્મ કરતી વખતે દ્વૈત અને ચિંતન વખતે અદ્વૈત
એવો ભિન્ન અનુભવ તેમને નથી.
એટલે દ્વૈત-અદ્વૈત એવી શાબ્દિક ચર્ચાને
ત્યાં અવકાશ જ નથી. (*જ્ઞાનદેવ ચિંતનિકા*, પૃ૦ ૧૯)

................

અમે નિત્ય-સંન્યાસી છીએ.
સમાજમાં હોવા છતાંય એકાંતમાં રહીએ છીએ.
છોડવાની વસ્તુ અંદર જ હતી,
તે બધી છોડી.
ચિત્તની સંગત છોડી,
અજ્ઞાનનો સંપર્ક છોડ્યો,
'સોऽહમ્'નું અભિમાન પણ છોડ્યું.
હવે અંદર અને બહાર
ઈશ્વર જ બાકી રહ્યા,
એટલે છોડવાની કલ્પના પણ છૂટી. (*જ્ઞાનદેવ ચિંતનિકા*, પૃ૦ ૨૦)

નિવૃતિનાથના જ શિષ્ય ને જ્ઞાનદેવનાં બહેન મુક્તાબાઈના તાટીના અભંગોમાં આ જ વાત છેઃ

'જ્ઞાનેશ્વર, તમે સાધુ છો ને? તો સાધુ મોટા મનના હોય છે. તેઓ દુનિયાના અપરાધ સહન કરે છે. લોકો ગુસ્સે થઈને અગ્નિ જેવા થાય તો પણ સાધુએ પાણીની જેમ ઠંડા થવું. શબ્દો રૂપી બાણ આપણને ખૂંચ્યાં હોય તો પણ તેને ઉપદેશ ગણવો. જગતરૂપી પટમાં બ્રહ્મ રૂપી દોરો પરોવાયેલો છે. તો પછી તમે કોને ધમકાવશો? ઝાંપલું ખોલો ને ઘેર ચાલો'.

'અંદરખાને વિષયાસક્તિ હોય એવી કોઈ વ્યક્તિ ભગવાં વસ્ત્રો પહેરીને નામધારી સંન્યાસી થાય તેથી તેને સાધુ કહી શકાય નહિ. 'હું કોણ છું' તેનો તમે જાતે વિચાર કરો. સ્વનો વિચાર કરવાવાળાને વિવેક છોડી જતો નથી. લોકોએ આપણને માન આપવું (એવી ઇચ્છા) અને પોતાનો પરમાર્થ લોકોમાં જાહેર થાય એવો ઢોંગ હવે બંધ કરો અને ઝૂંપડી ખોલો'. (*દીઠે અડસઠ જાત્ર*, પૃ૦ ૩૭–૩૮)

અગાઉ કહ્યું તેમ ગોરખનાથને નામે બત્રીસેક જેટલાં પદો પણ મળે છે. (*ભજનસાગરનાં મોતી*, નાથાલાલ ગોહિલ) જેમાં પણ ગોરખનાં અગાઉ ચર્ચ્યાં એ જ વિચારબિંદુ પ્રતિબિંબિત થયાં છે. આ પદોમાંઃ 'સોઈ માણેક મેરી જનરું મે આયા' અત્યંત જાણીતું થયું છે. ગોરખ કેવો સંગ કરવાનું સૂચવે છેઃ 'ગોરખ જાગતાં નર સેવીએ.'

પથ્થર પૂજે હર મિલે તો મેં પૂજું ગિરિરાય

આ જગતમાં રહેવા છતાં ધ્યાન તો કેન્દ્રિત કરવાનું છે અંદર.

ઉનમૂન રહના, ભેદ ન દેના, પીયો પીયો નિર્મળ પાણી હો જી

ગોરખે પસંદ કરેલાં રૂપકો પણ જોવા જેવાં છે. સૂરતાને સંબોધીને ગોરખ કહે છેઃ

મારી સૂરતા સોહાગણ બહેન ચાલોને પૂજીએ શીવ હરિ
દેહમાં નવસે નવ્વાણુંનો નાથ સંગે છે ચોવીસ સુંદરી
.......
સૂરતા ચાલી રે ઊભી બજાર નાભિ ઉપર જઈ ઠરી
ત્યાં અષ્ટ પાંખલડીનું ફૂલ સુંઘીને પાછી ફરી
........
સાચા શબ્દે ઉતરવું પાર સમજ સૂરતા સુંદરી

ગોરખની વાણીમાં નજાકતભર્યો મર્મ છે. આસપાસ ચોપાસના જગતને નિહાળતાં ગોરખને દેખાયું છે તેમ અહીં કોઈ સુખી નથી. જમીને દુઃખી, આસમાને દુઃખી, ચંદ્ર, તારા, સૂરજ પણ દુઃખી, જોગીએ દુઃખી, ભોગીએ દુઃખી, તપસ્વી-સંન્યાસીએ દુઃખી પણ અંતનો ચમત્કાર જુઓઃ

મછંદરકા પુતા જતી ગોરખ બોલ્યા
ભજન કરે સોઈ નર સુખિયાં

સ્વાભાવિક રીતે જ ભજન રીતે સ્મરણનું સાતત્ય. નાથની ભાષામાં અજપાજપ ગોરખની અવળવાણી પણ લોકહૃદયમાં વિશિષ્ટ સ્થાન પામી છેઃ

અવળી ગંગા, સવળાં નીર,
પીઓ પીઓ સંત સધીર
........
અવધૂ ઈશ્વર હમારે ચેલા ભણી જઈ
મચ્છીંન્દ્રબોલીએ નાતી

સાધકનું મદોન્મત હાથી રૂપી મન કીડી રૂપી સાત્ત્વિક બુદ્ધિના કાબુમાં આવી જાય છે. તેમજ સાધનાથી પરિષ્કૃત થયેલી શિયાળ રૂપી સત્ત્વ બુદ્ધિ, સિંહ રૂપી ક્રોધનું ભક્ષણ કરી જાય છે. આવાં

અનેક વિષયો ઉપર ગોરખની અવળવાણી સહૃદના ચિત્તને પરિપ્લાવિત કરી જાય છે.

ગોરખની પરંપરામાં ગુજરાતીના કેટલાક નાથપંથી કવિઓની આવી જ સમજ ધરાવતી વાણી આપણને સાંપડે છે. ભૂતનાથનો શિષ્ય અખૈયો ગાય છે અહમ્ નાશનો મહિમાઃ

સાધુ મેરે ભાઈ,
પ્રેમને ભલકે મરીએ.
મન રે મારીને મેંદો કરીએ, કાંઈક કાંઈક જરણા ધરીએ,
શીલ ને સંતોષના શણગાર કરીએ, સંતોનાં ચરણમાં વસીએ.
બખતર બાંધી ન થઈએ આકરા, સધીરા સધીરા ચલીએ,
દિલ રે સમાં ડગ ભરીએ, ભૂપ સું સે નવ ડરી. (*આઠે પહોર આનંદ* રે, પૃ૦ ૧૪૬)

તો કાનપરી રુખડ નામના કવિ ગુરુનો મહિમા કરતાં અંદર થયેલાં દર્શનને આ રીતે વધાવે છે :

એ દેરી મેં અલખ બિરાજે
એ દેરી મેં વાજાં વાગે વાજે આઠે પહોરી
તાલપખાજ મરદંગ વાજે મોરલી વાજે ઘેરી

તો ખુશાલનાથને આનંદ છે ગુરુકૃપાની વર્ષા થયાનોઃ

મારેલ વચન કટારી ગુરુએ પરિણામ?
પ્રાણ વિંધાણાં મારાં રૂદીયાં ભેદાણાં
મારી દેહ નગરી ઉલટાણી
અંગમાં ફૂવારા છૂટ્યાં દુનિયાના મોહ તૂટ્યાં
મારી સૂરતા શિખર પર ઠેલાણી
શ્વાસઉચ્છ્વાસ અજપાના જાપો
મને સોનમાં મોરલી સુનાણી

નાથોની કે નાથ-પંથી વાણીનું આપણી વચ્ચે કોઈ એવું સંકલન નથી કે જેને આધાર તરીકે રાખીને સહેલાઈથી વાત કરી શકાય. મળે છે તે મુખ્યત્વે ભજન-મંડળીઓ, ભરથારીઓ વગેરે દ્વારા કંઠસ્થ પરંપરાના રૂપમાં મળે છે. ભજન અંગેના છૂટાછવાયા સંગ્રહોમાં, છૂટીછવાઈ રીતે ક્યાંક ક્યાંક પ્રગટ થયેલી રચનાઓ મળે છે. ગુજરાત સાહિત્ય અકાદમીએ આ અંગે કેટલોક સ્તુત્ય પ્રયાસ કર્યો છે. લોકસાહિત્ય, સંતસાહિત્યના અભ્યાસ અને સંશોધનપ્રેમીઓએ પણ કેટલાક આનુષંગિક પ્રયત્નો કર્યા છે. અહીં બેઠા છે તેમાંથી પણ ઘણાએ નૈમિતિક રીતે આ ક્ષેત્રે સંકલન, સ્વાધ્યાય, આસ્વાદના રૂપમાં કાર્યો કર્યાં છે. આ પ્રયત્નો અથવા આ કાર્યો ઘણાં અધૂરાં અને ઓછાં છે. નાથ-પંથી વાણી જેમના નામે ગવાય કે બોલાય છે તે તેમની જ છે કે કેમ એ પ્રશ્ન છે. નાથોની વાણી અન્ય સંત-સાધકો, પ્રવર્તકોના નામે ચડી ગયાના દાખલા પણ ઓછા નથી. કોઈ બીજું ન જડ્યું તો 'ગુરુ પરતાપે ગોરખ બોલિયા' એવા નામચરણ સાથે ભળતી રચનાઓ પણ સંખ્યાબંધ ખતવી દેવાઈ

છે! નાથ-યોગીઓની સાધના, ક્રિયા અને તેમની વાણીનો પ્રતાપ એવો હતો કે તેના સાધકો સિવાય અન્ય સંપ્રદાયો, મતો, પરંપરાઓએ પણ એનો પ્રભાવ ઝીલ્યો છે. મધ્યકાળના સંતમત અને ભક્તમતના સંતભક્તોમાં પણ નાથમતનાં સાધનો, સિદ્ધાંત તથા દર્શનની ઊંડી અસરો જોવા મળે છે. આ બધું અસ્વાભાવિક કે આકસ્મિક નથી. સાધનાધારાઓ અને આવિષ્કારોનો આ જ તો મૂળ સ્વભાવ છે. આપણે તો અભ્યાસની રીતે આ બધાં પાસાંને સાથે અને સામે રાખી સમજવાનાં રહે છે. અગિયારસો કરતાં પણ વધુ વર્ષોથી જે વાણી વહેતી આવી છે તે તેનાં ભાષા, પ્રાંત, દેશકાળ મુજબ પણ પરિવર્તનો અને પ્રભાવો પામતી આવી છે. આથી એના પાઠ, અર્થ, સંદર્ભ આ બધાના પ્રશ્નો ઊભા જ છે. આમ છતાં એનું સંકલન, સ્વાધ્યાય માટે ઝુકાવવું જ રહ્યું. પછી 'આગે આગે ગોરખ જાગે'. (*ગુજરાતમાં નાથપંથી સાધના અને સાહિત્ય*, પૃ૦ ૧૧૩–૧૧૪)

આપણા સંતસાહિત્યમાં જુદા જુદા સમાજોમાં પણ નાથ સંપ્રદાયના કહેવાય તેવાં અને તેની છાયા ધરાવતાં પદો સાંપડે છે. જેમાં અંબાદાન રોહડિયાના માર્ગદર્શન હેઠળ મેઘવાળ સમાજના સંતકવિઓ (નાથ સંપ્રદાય દીક્ષિત) સંતો દ્વારા પણ આવાં પદો મળે છે. કેટલાંક ઉદાહરણો જોઈએ તોઃ

ગુરુજી ઉલટ ઘરમેં આયો, ગુરુજી ગંગા નીરમેં નહાયો,
ગુરુજી મુળ દુવાર બંધ કીયો, ગુરુજી બ્રહ્માએ ભેદ પઢાયો.

(*સંત જીવણનાથ*, થીસિસ પૃ૦ ૧૭૩)

.........

હમ તો અમર જોગી હૈ ન્યારા, મૈ નહિ બુઢા નહિ બાળા- ટેક
મૈ નહિ બ્રાહ્મણ મૈ નહિ શુદ્ર, નહીં ક્ષત્રી વર્ણ હમારા.
પાંચ તત્ત્વ તીન ગુણ મે નાહિ, વેદ કી બાત સે ન્યારા. (*પ્રભાતનાથ*, પૃ૦ ૧૯૨)

.........

સતનામકા ભેદ બતાયા, ઘટકી ખોજ ગુરુસે પાયા,
ખેંચ પવન પ્રાણ પુરુષકો, ઓહમ-સોહમ જગાયા,
ઇંગલા પિંગલા ધ્યાન ત્રિવેણી, ઓહમ જાપ ઉઠાયા. (*પ્રભાતનાથ*, પૃ૦ ૧૯૬)

................

યોગી બનવાથી શું થાય, ભલે જાણે સંપ્રદાયજી રે,
મંત્ર પંથને દુવારા પૂછે, મુળ વચનમાં ખીજાયજી રે.- ટેક (*પ્રભાતનાથ*, પૃ૦ ૨૦૫)

...................

સંતોભાઈ અગમ ભેદ હૈ ન્યારા, વાં નહિ પહોંચે વિચારા....,
ચંદ્ર સૂરજને પવન નહિ હોતા, નહિ હોતા નવલખ તારા....,
ધરણ ગગન કછુ નહિ હોતા, નહિ હોતા દાસ કબીરા.... (*પ્રભાતનાથ*, પૃ૦ ૨૦૭)

અખો, પ્રીતમ, ધીરો તથા રવિભાણ સંપ્રદાયના દાસી જીવણના જ્ઞાન કક્કાની જેમ સંત ધીરપનાથ પાસેથી અત્યંત સુંદર અને કક્કા રચના મળે છેઃ

કક્કા કરીલે યોગનું કામ, રામ રટીલે રાખી હામ,
કુંડાં કર્તવ્ય તુજને નડે, હાથે કરી કૂવામાં પડે.

ખખ્ખા ખરો આ છે ખેલ, મુરખ અનીતિ કરવી મેલ,
ખોજ્યા વિના ખારો સંસાર, આખાર ખાશો જમનો માર.

ગગ્ગા શાને ગોથાં ખાય, જોને અમૂલ્ય અવસર જાય,
ગુણ વિના નર જાણો ગમાર, નુગરા નરનો નથી ઉદ્ધાર.

ઘઘ્ઘા ઘરમાં અંધારું ઘોર, ત્યાં શું ચાલે તારું જોર,
ઘટઘટમાં વ્યાપક આત્મારામ, તેને ઓળખવાનું કામ.

ચચ્ચા હવે તું ચેતી ચાલ, નહિ તો થાશે બુરા હાલ,
ચિત્ત દઈ બનો ચકોર, પુઠે પડ્યા છે પાંચ જ ચોર.

છછ્છા છળ કપટ ને છોડ, સાચા રસ્તે જીવન જોડ,
છૂટકો તારે કરશે કોણ, પાપ પલકમાં લેશે પ્રાણ.

જજ્જા અંતરમાં જાગી જુવો, મનડા કેરો મેલને ધુવો
જોત જોતામાં જન્મારો જાય, સારી રીતે જો સમજાય.

ઝઝ્ઝા ઝગડા ઝાલ્યા અપાર, તે શું બેડો કરશે પાર
ઝુંડ વળગ્યા વીસ ને પાંચ, છોડી દો ખાવાની લાંચ.

ટટ્ટા રાખો ટેક જ ખરો, સંત પુરુષના વચને વરો,
ટુટેલો સંધાશે તાર, ત્યાં વર્તાશે જય જય કાર.

ઠઠ્ઠા ઠેકાણે જઈને ઠરો, ભેદ વીના શું ભટકી મરો.
ઠોકર ખાધી ઠામો ઠામ, સાકૂટ નરને ના આવી શાન.

ડડ્ડા જોને તારો ડોળ, જમ આગળ શું તારું જોર,
દુઃખનો ડુંગર માથે રહ્યો, સતી આંખે તું અંધ થયો.

ઢઢ્ઢા શું કહીએ વગાડી ઢોલ, તનમાં કરીએ શબ્દનો તોલ
ઢોર ચરે છે વનમાં ઘાસમ તો પણ કરે છે ઘણીની આશ.

ણણા કૃત્યથી અળગો નથી, ઠામો ઠામમાં ગહન ગતી,
આણ ફરે છે ચૌદ લોક, મનુષ્ય અભિમાન સર્વ ફોક.

તત્તા તૃષ્ણાનો કરીએ ત્યાગ, નિતિનિયમથી ઉપજે વૈરાગ,
તન તપવાથી લાગે તાર, રંગ ભુવનમાં વાગે રણકાર.

થથ્થા થડ મળ્યું જો ઠીક, પછી ધરવી ત્યાં કોની બીક,
પાંચ તત્ત્વનું બનીયું સ્થૂલ, ચેતન આત્મા સર્વનું મૂલ.

દદ્દા દિલમાં ખોજન કરે, તો જીવ શીશનો અંશ સમજાય,
દિન દિન કરો યોગ અભ્યાસમ તેમ તેમ છૂટે માથાનો ફાંસ.

ધધ્ધા ધ્યાન વિના ન આગે જવાય, પાણી વિના શું પ્યાસ બુઝાય;
જ્યાં જ્યાં ધારણ રાખો નેક, આંખ પલક નવ મારે એક.

નન્ના નીરખો નરહર નામ, આચરણ તેનો હોય નિષ્કામ,
નિર્વિકારી તેનો થાય રાગ વૈરાગથી વાણી પલટાય.

પપ્પા પહેલું પગથીયું પ્રેમ, તે વિના હરી રીઝે કેમ,
પ્રેમ હોય તો પુન્ય જ થાય, પાપ ટળી પ્રાલબ્ધ બંધાય.

ફફ્ફા ફળ તો ઈશ્વરને હાથ, પણ કરણીમાં છે તારો ભાગ,
કરણી ક્યાંથી ફળશે ભાગ્ય, જો કરે તૃષ્ણાનો ત્યાગ.

બબ્બા જેણે ચિન્હો બ્રહ્મ, તે નર જાણે સૌનો મર્મ,
સાત્ત્વિક ગુણમાં રાજશ શક્તિ ભળે, અજ્ઞાન અંધારું સહેજે ટળે.

ભભ્ભા બ્રહ્મમાં પડ્યું ચિત્ત નથી તે નરની જગમાં જીત.
પાંચ પુરુષને પચીસ નાર, સર્વ મળી જીવને પીડે અપાર.

મમ્મા મોક્ષ પદારથ ચાર, જ્ઞાન સાન ધ્યાન ને ચોથું સમાન
મહા પદાર્થ જે જન જાણ, કાળ સરીખા નવ કરે હાણ.

યય્યા શું કરે અવળો ન્યાય, પ્રભુ ઘેર તે ગુન્હો લખાય.
યાદ કરોને સારંગપાણ, વિચારીને વદીએ વાણ.

રર્રા રીટ રટવા રામ, રાખી સદ્‌ગુણ ને જપવું નામ
રજો સતો ને તમો ગુણ, ચૈતન અંશ છે સહુમાં ઋણ.

લલ્લા લક્ષણ ભક્તિના ધરો, આઠ અંગને ખટકર્મ આદરો
લીનતા માટે આસન ચાર, સીરસા, વીરસા, પદ્મા, સિધ્ધા નિર્ધાર.

વવ્વા પોકારે ચારે વેદમ સાન વિના નવ જડે ભેદ,
સંત સેવીને પકડો સાન, ગુરુ વિના નવ આવે જ્ઞાન.

હહ્હા હેત વચનો રાખ, કાળ ક્રોધ મોહ મમતાને ત્યાગ,
હૃદય કમળમાં હેત પ્રમાણમ જીવ મટી શીવ થાય નિર્વાણ.

સસ્સા સૂક્ષ્મ સ્થાનને જોયું, આકાર વિકાર રૂપને ખોયું,
સત્યને શબ્દનો સ્પર્શ થયો, જોગી વિરલો જાગી ગયો.

ળળ્ળા ખળ અખળ ને ન્યાળ, ઉલટો રસ્તો છે બંકનાળ,
નાભી કમળમાં તેનું દ્વાર, કોરમ કુંડળી ત્યાં નિરધાર.

રેચક કુભક ને પુરક જાણ, ઉડીયાન બંધથી ખેંચે પ્રાણ
ળળ્ળા બંકનું ખુલે દ્વાર, ત્યારે બ્રહ્મમાં વાગે જણુકાર.

અક્ષર જેણો બાવનથી બાર, સિદ્ધ ને સાચા અક્ષર ચાર,
ઓહંમ સોહંમ ને જણુંકાર, સુરત કમળ માંહી રણુંકાર.

જ્ઞાની જનને ત્રણનું જ્ઞાન, ધ્યાની જનને નિર્લેપનું ધ્યાન
વાણી જ્ઞાન વિજ્ઞાન પશ્યંતિ, પરાવાણી નિર્લેપમાં રહેતી. (થીસિસ, પૃ૰ ૨૩૦)

.............

હું ગળયું ત્યાં જો કોઈ ગળે તેના જન્મમરણ મટી જાવે
જ્ઞાન હિમાળે મન મારૂં ગળાયું, સત ગુરુના ચરણ ગ્રહાવે હું ગળું - ટેક (હંસનાથ, પૃ૰ ૩૨૫)

નાથવાણીના આટલા આચમનનો આનંદ લેતાં જોઈ શકાય છે કે આ સંતવાણીની ગંગાએ ઉજળિયાત અને બિનઉજળિયાત વર્ણોના ભાવિક લોકોને સ્નાન કરાવ્યું. અનંતરાય રાવળે ભાણદાસથી જીવણદાસ સુધીના સંતો સુધી જે કહ્યું તે અહીં પણ ઘણે અંશે લાગુ પડે તેમ છેઃ

'શાસ્ત્ર ગ્રંથોની વિદ્વત્તા કરતાં આધ્યાત્મિક અનુભવની તેમજ અંતરયામિની પ્રેરણાથી રચાયેલી એમની કવિતામાં અકૃત્રિમ સુંદરતા, વેધકતા અને બળનાં દર્શન થાય છે... આશ્રમો, મઠો ને ગુફાઓમાંથી જનસામાન્યના આંગણા સુધી આવી પહોંચેલા મધ્યકાલીન રહસ્યવાદે આ જ કામ કર્યું. બારમા શતકથી આરંભાયેલો મધ્યકાલીન રહસ્યવાદ દાર્શનિક બુદ્ધિવિલાસનો નહીં પણ અનુભૂતિજન્ય અધ્યાત્મનો રસિયો હતો.

આ બધા જ સંતો સમાજના જુદા જુદા થરમાંથી આવ્યા. પરિણામે તેમના વિચારતત્ત્વમાં ભેદને અવકાશ ન રહ્યો. સંપ્રદાયથી બંધાયેલા હોવા છતાં તેમના વિચારની મૌલિકતાને લઈને બિનસાંપ્રદાયિક બની રહ્યા. ને તેમનો વિચાર પણ શાશ્વત, પ્રશિષ્ટ ને અક્ષર બનીને આજે પણ સહૃદયોને આમંત્રતો રહ્યો.

દલપત પઢિયાર નોંધે છે તેમઃ નાથ-વાણી તેનાં ઊર્જા, ઓજસ અને તેજ-પ્રકાશથી આજે ઝળહળી રહી છે. સદીઓ પછી પણ લોકહૃદયમાં એનો વાસ અકબંધ છે. એના દર્શન-અનુભવની અને એની સહજ સમર્થ અભિવ્યક્તિની પણ બલિહારી છે. એમની વાણીમાં અખિલની રમણા છે. અંદરથી ઊછળતા ઓઘનો વેગ છે. એમની વાણીમાં સભરતા, પ્રબલતા, ગહનતા, સત્ત્વશીલતા ઝળહળે છે. આ પદોમાં હિન્દી અને ગુજરાતી ભાષાનું એવું અજબનું મિશ્રણ રસાયું છે કે ભાષાનો મુદ્દો જ ભુલાઈ જાય છે. અગિયારસોથી વધુ વર્ષ પહેલાં પ્રગટેલી આ મરમી વાણી આજે પણ એટલા જ તેજ અને પ્રભાવ સાથે જગતને વશ કરી રહી છે.

આ જાગતા જોગીની વાણી છે. જાગી ગયેલાઓની વાણી છે. એટલે સૂતેલાને જગાડનારી વાણી છે. ધગધગતા ધૂણા ને વેરાગીઓની વાણી છે. જેવા-તેવાથી એનો તાપ ન જીરવાય. બાળીને ખાખ કરી નાખનારની વાણી છે. અને એ માર્ગે નવજીવન અને અમરત્વ બક્ષનારી વાણી છે. 'મરો જોગી મરો મરન હૈ મીઠા' એમ ગોરખનાથ કહે છે ત્યારે એ મરી જવાનો નહીં મટી જવાનો મંત્ર ફૂંકે છે. આ તો મરીને જીવવાનો અને અસ્તિત્વના અલગ મુકામે ડેરો નાખવાનો માર્ગ છે.

'હર દમ હીરા લાલ હૈ, ગિન ગિન ગુરુકો સોંપ' આ પ્રત્યેક શ્વાસ હીરામોતી જેવા મોંઘા છે. એને મિથ્યા ન કર. પાઈ પાઈની જેમ તેનો હિસાબ કરી લે અને ગણી ગણીને ગુરુને સોંપી દે. આ મિલકત ફરી નહીં મળે. આ આખી પંક્તિ નાથસિદ્ધાંતના ધ્રુવપદ જેવી છે.

નાથ સિદ્ધોની અમર વાણી આજ આપણી વચ્ચે છે. એમનો શબ્દ એ જ મહામંત્ર છે. એ મહામંત્ર જ આપણો ગુરુ છે. આજે પણ ભારતવર્ષના સાધનાકાશમાં આ મહામંત્ર ઘૂમી રહ્યો છે. એ જ નિત્ય, નિરંજન, ચિરંતન, સચ્ચિદાનંદ પદ છે. એ પદ જ સર્વથી પર અને સર્વમય છે. એ પદ જ નાથસિદ્ધોનું સાક્ષાત્ તેજસ્વરૂપ છે. એ જેવું છે તેવું બન્યું રહો. એ જ્યોતિર્મય નાથ-વાણી-તેમનો જય હો. (*ગુજરાતમાં નાથપંથી સાધના અને સાહિત્ય*, પૃ૦ ૧૧૬)

નાથવાણીની અંજલિનો પણ આવો આનંદ તો ડૂબીને તો શું ગોરખે કથેલું મરણ.

# ગાંધીયુગીન રાનીપરજ પરિષદો (૧૯૨૩-૧૯૪૧): સંસ્થાનિર્માણ અને સમાજપરિવર્તનના સંદર્ભમાં

**અરુણ વાઘેલા**

**પ્રાસ્તાવિકઃ**

સમાજપરિવર્તન એ લાંબા ગાળાની અને ઘણી જટિલ પ્રક્રિયા છે. તેમાંય આદિવાસીઓ જેવા સમુદાયોમાં સમાજપરિવર્તન એ વિશેષ ઐતિહાસિક પ્રક્રિયા બને છે. સમાજપરિવર્તનમાં જે તે સમયનાં વૈચારિક મૂલ્યો ઉપરાંત બૌદ્ધિકો અને વિશેષ કરીને કર્મશીલો પાયાની ભૂમિકા ભજવે છે. વળી, પરિવર્તન પામતા જતા સમાજમાં વસવાટ કરતા માનવસમૂહોનો અભ્યાસ પણ તેટલો જ મહત્ત્વનો છે. કારણ કે સમાજપરિવર્તનને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે પરિવર્તનકારી નેતાઓ ઉપરાંત જે તે વિસ્તારોમાં વસતા માનવસમુદાયો વચ્ચેના વિવિધલક્ષી આંતરપ્રવાહોનું વર્ણન અને વિશ્લેષણ ઘણું જરૂરી બને છે. આ પ્રકારની વ્યાપક વૈચારિક ભૂમિકાને આધારે અત્રે ગાંધીયુગીન રાનીપરજ પરિષદોની ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

ભારતીય ઇતિહાસના નિર્માણમાં જ્ઞાતિ, સામુદાયિક સંગઠનો વિવિધ સમયે વિભિન્ન પ્રકારની ભૂમિકા ભજવતાં આવ્યાં છે. બદલાતા સમયના સંદર્ભમાં આ સંસ્થાઓએ પરિવર્તન પામી રાષ્ટ્રનિર્માણ અને સમાજનિર્માણમાં ભજવેલી ભૂમિકાને પણ નજરઅંદાજ કરી શકાય તેમ નથી, છતાં ગુજરાત કક્ષાએ ઇતિહાસકારો દ્વારા આ મહત્ત્વપૂર્ણ અને રોમાંચક ક્ષેત્ર લગભગ અવગણાયેલું રહ્યું છે. પ્રસ્તુત શોધપત્રમાં સ્વરાજ્યયુગીન આદિવાસી સામુદાયિક સંગઠન-રાનીપરજ પરિષદોની સ્વતંત્રતા આંદોલન અને આદિવાસી સમાજમાં પરિવર્તનમાં ભાગીદારી તપાસવાનો હેતુ છે. આ અભ્યાસ માટે પ્રાથમિક કક્ષાની અને અલભ્ય કહી શકાય તેવી સ્રોતસામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે દ્વારા પ્રચલિત ઇતિહાસનું નવેસરથી અર્થઘટન અને ગુજરાતના આદિવાસી ઇતિહાસનું પુનઃમૂલ્યાંકન કરવાનો નમ્ર પ્રયાસ પણ છે.

**પરંપરાગત આદિવાસી સામુદાયિક સંગઠનો અને તેની ભૂમિકાઃ**

ગુજરાતમાં બ્રિટિશશાસનની સ્થાપના થઈ ત્યાં સુધી હિંદુ જ્ઞાતિસંસ્થાએ તેની જડ અને

અપરિવર્તનશીલ સંસ્થા તરીકેની છાપ અકબંધ રાખી હતી, પરંતુ ૧૯મા સૈકામાં બ્રિટિશરાજની સ્થાપના પછી પાશ્ચાત્ય શિક્ષણ, વાહન-સંદેશાવ્યવહારનાં સાધનો, પશ્ચિમી તર્ક-બુદ્ધિવાદી મૂલ્યો, વગેરેને પરિણામે તૈયાર થયેલા શિક્ષિત અને બુદ્ધિજીવી વર્ગ દ્વારા જ્ઞાતિની અબાધિત સત્તાને પડકાર થવા લાગ્યો. આ પ્રક્રિયા ૧૯મા સૈકાના સાતમા દાયકા સુધી સુવ્યવસ્થિતપણે ચાલી. તેની પ્રતિક્રિયારૂપે તૈયાર થયેલા સંરક્ષણવાદી સુધારકો ભારતીય પરંપરાઓને સાચવવા વાસ્તે મેદાને પડ્યા અને પરંપરાગત જ્ઞાતિસંસ્થાની સમાજનિર્માણના ક્ષેત્રમાં નવી જવાબદારી ઊભી થઈ હતી.

૧૯મા સૈકાના ઉત્તરાર્ધમાં જ્ઞાતિસંસ્થાની ઊભી થયેલી નવી જવાબદારીઓ ગાંધીયુગમાં ખાસ્સી બદલાઈ હતી. અત્યાર સુધી હિંદુ ભદ્રવર્ગીય જ્ઞાતિઓ અને શહેરો પૂરતી સીમિત રહેલી પ્રવૃત્તિઓને મહાત્મા ગાંધીએ દલિત-આદિવાસી સમુદાયોના સ્તર સુધી પહોંચાડી. પ્રસ્તુત લેખનો પ્રધાનહેતુ પણ આ જ છે. અલબત્ત, હિંદુ જ્ઞાતિસંસ્થાનાં લક્ષણો સાંગોપાંગ આદિવાસીઓને લાગુ પડતાં નથી તે યાદ રાખવું ઘટે! સહુ પહેલાં ગાંધીપૂર્વે આદિવાસી પરંપરાગત પંચો-પંચાયતો કે તેમનાં સામુદાયિક સંગઠનોની ભૂમિકાનું વિહંગાવલોકન કરી લઈએ.

ગુજરાત કક્ષાએ ગાંધીવાદી રાષ્ટ્રીય આંદોલન શરૂ થયું તે પહેલાં મોટાભાગના આદિવાસી વિસ્તારોમાં તેમની પોતીકી ગણી શકાય તેવી કે બાહ્ય પરિબળોથી પ્રેરાયેલી સુધારા પ્રવૃત્તિઓ કે ચળવળો કાર્યરત હતી. પંચમહાલમાં ગોવિંદગુરુ(૧૮૭૪–૧૯૩૧)નું ભગત આંદોલન અને અન્ય સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ, દક્ષિણ ગુજરાતમાં ઘાટાનું ભગત આંદોલન (૧૯૦૫થી), સયાજીરાવ ગાયકવાડ (૧૮૬૩–૧૯૩૯) દ્વારા પ્રેરિત આદિવાસી પ્રવૃત્તિઓ, દેવી ચળવળ અને ઉત્તર ગુજરાતમાં મોતીલાલ તેજાવત (૧૮૮૮–૧૯૬૩) પ્રેરિત એકી ચળવળ (૧૯૨૧–૨૫), વગેરે તેના ઉત્તમ દાખલા છે.[૨] ઉપરોક્ત પ્રવૃત્તિઓ આદિવાસીઓના પેટાસમુદાયોમાં સુધારા આણવા ઉપરાંત સામૂહિક આદિવાસીપણાની ભાવના પણ પ્રગટાવતી હતી. ગાંધીપૂર્વે આદિવાસીઓના સામુદાયિક સંગઠન થકી સુધારાપ્રવૃત્તિઓને લગતાં કેટલાંક ઉદાહરણો જોઈએ. 'સને ૧૮૯૪–૯૫માં વલસાડ તરફના કોળી લોકોએ દારૂ-તાડી ન પીવાના સમ ખાઈ એકઠા કર્યા ને તેમણે પોતાની સાથે કન્યાવ્યવહાર રાખનાર લોકોને ગામડામાં ચિઠ્ઠીઓ લખી, તેથી કોળી, ભીલ, વગેરે લોકો દારૂ-તાડી પીતા બંધ થયા અને તેની અસર છેક વ્યારા, સોનગઢ તાલુકાના જંગલનાં ગામડાંમાં પણ થઈ ચૂકી હતી અને કાળીપરજના લોકોએ દારૂ-તાડી પીવાનાં બંધ કર્યાં હતા'.[૩] આમ, ગાયકવાડી શૈક્ષણિક પ્રવૃત્તિઓની સમાંતર સ્વયંસ્ફુરિત રીતે આદિવાસીઓમાં સુધારાનું વાતાવરણ સર્જાઈ રહ્યું હતું. આવી પ્રવૃત્તિઓના વિગતે સગડ મેળવવાની આવશ્યકતા છે. આદિવાસીઓની સામુદાયિક સુધારા પ્રવૃત્તિઓના વધુ કેટલાક દાખલા જોઈએઃ '૧૯૦૭માં વડોદરા રાજ્યના કરજણ તાલુકાના કુટાઈ ગામે ભીલ ભાઈઓની જંગી નાતમાં ૫૦૦-૬૦૦ માણસો ભેગા થયા હતા. ૧૯૧૦માં ભરૂચના જણોર-ડભાલીના ભીલોની સભામાં દારૂબંધી કરી, પીનારને દંડ કરવાની જોગવાઈ કરી હતી. ૧૯૧૦માં રાજપીપળાના રાજપારડીના ભીલોની સભામાં દારૂબંધી કરી પીનારને ૫૧ રૂ. દંડ અને નાત બહાર મૂકવાની હિમાયત થઈ હતી. ૧૯૧૨માં ઝઘડિયા પંથકના ભીલોની સભા મળી હતી. ૩૦ ઑક્ટોબર, ૧૯૧૧ રાજકોટમાં યોજાયેલી ભીલ પરિષદે જ્ઞાતિ બંધારણ માટે પંચો નીમ્યા હતા. તેને આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ સમક્ષ રજૂ કરી, છપાવી તેનું અમલીકરણ કર્યું

હતું. ૫ માર્ચ, ૧૯૧૨ના રોજ 'શ્રી રાજકોટ ભીલ વિદ્યોત્તેજક મિત્રમંડળ'ની રચના કરી રાત્રિશાળા શરૂ કરી હતી.[૪] ઉપરોક્ત દાખલાઓ દેખાડે છે કે ગાંધીપૂર્વે આદિવાસી આગેવાનોને તેમના સમાજની મર્યાદાઓનો અહેસાસ થઈ ચૂક્યો હતો. દારૂ વિરુદ્ધના ઠરાવો અને દંડની જોગવાઈઓ તત્કાલીન સમયે દારૂબંધીની કેટલી તાતી જરૂરિયાત હતી તેનું પ્રમાણ આપે છે. ઉપરોક્ત પ્રવૃત્તિઓનાં કેવાં અને કેટલાં પરિણામો સાંપડ્યાં તેનાં પ્રમાણો ઉપલબ્ધ નથી, પરંતુ આદિવાસી સંગઠનો ગાંધીપૂર્વે નવા જમાનાની તાસીર મુજબ આદિવાસી સમાજને ઢાળવા માટે કટિબદ્ધ હતાં એટલું તો ચોક્કસ કહી શકાય.

ગાંધીયુગના આરંભે ઠક્કરબાપા, ઇન્દુલાલ યાજ્ઞિક, સુમંત મહેતા, ચુનીલાલ મહેતા (ખાદીભક્ત ચુનીભાઈ) વગેરે જેવા નેતાઓ આદિવાસી વિસ્તારોમાં કાર્યરત હતા. આદિવાસીઓમાં સમાજસુધારા, સંકટનિવારણ કાર્યો, પાંગરતી જતી ખ્રિસ્તી મિશનની પ્રવૃત્તિઓ વિરુદ્ધ આદિવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવા તથા આદિવાસીઓને હિંદુત્વ બક્ષવા જેવી પ્રવૃત્તિઓમાં સક્રિય હતા. ઉપરોક્ત હેતુસર તેઓએ આદિવાસી પરિષદો, સંગઠનો, પંચોનું આયોજન પણ કર્યું હતું. ૧૭-૧૮ એપ્રિલ, ૧૯૨૪ના રોજ દાહોદમાં યોજાયેલી ભીલ પરિષદ તથા ૧૯૨૫માં અંકલેશ્વરમાં મળેલી દક્ષિણ ગુજરાતના ભીલોની પરિષદ વગેરે તેના ઉમદા દાખલા છે.[૫] આ લેખમાં જેની વિસ્તૃત ચર્ચા હવે પછીના વિભાગમાં થવાની છે, તે રાનીપરજ પરિષદો પણ ઉપરોક્ત સોચ-વિચારનું વિકસિત સ્વરૂપ છે.

### રાનીપરજ પરિષદોની પીઠિકાઃ

અસહકારના આંદોલન પછી ગાંધીવાદી કાર્યકર્તાઓ દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં પ્રવેશ્યા હતા. તેમના માટે તેમ આદિવાસીઓ માટે પરસ્પરનો સંપર્ક તદ્દન નવતર હતો. ગાંધીનું રચનાત્મક કાર્ય વિકસાવી રહેલા કાર્યકર્તાઓ સતત ક્ષેત્રકાર્ય, વગેરે દ્વારા આદિવાસી જનમાનસને તાગી રહ્યા હતા. આ દરમિયાન તેઓ સ્થાનિક સ્તરે નજીકના ભૂતકાળમાં શરૂ થયેલી ગાયકવાડી આદિવાસી પ્રવૃત્તિઓ, ઘાટાનું ભગત આંદોલન અને દેવી આંદોલનના આદિવાસીઓ પરના ગાઢ પ્રભાવને જોઈ શક્યા હતા. તેમાંય ઘાટાની ભગત પ્રવૃત્તિઓનો મોટો પ્રભાવ સ્થાનિક આદિવાસીઓ પર હતો. વ્યારા તાલુકાના ઘાટા ગામે ગામિત આદિવાસીઓએ ઈ૦ ૧૯૦૫માં રાનીપરજોની એક પરિષદ વ્યારા ખાતે બોલાવી હતી. જે 'એકડાં' તરીકે પ્રસિદ્ધ થઈ હતી. ગાયકવાડી રાજનું પણ તેને સમર્થન હતું. નવસારી પ્રાંતના સૂબાના પ્રમુખસ્થાને યોજાયેલી આ પરિષદમાં તેઓએ ખોટાં વ્યસનો, વહેમો, શાહુકારી દેવાં અને શિક્ષણ જેવા મહત્ત્વના પ્રશ્નો પર વિચારણા કરી હતી. તેને લગતા ઠરાવો કર્યા હતા. તેના અમલ માટે ચોરાપંચો અને ગામ આગેવાનો નક્કી કર્યાં હતાં. આ પ્રવૃત્તિને પરિણામે સામાજિક સુધારાનું વાતાવરણ ઊભું થયું હતું.[૬] ઘાટાથી આરંભાયેલી આદિવાસી પંચો-પંચાયતોની સુધારાપ્રવૃત્તિઓ ગાંધીવાદી પ્રવૃત્તિઓ માટે ફળદ્રુપ ભૂમિ સમાન સાબિત થઈ હતી, કારણ કે સુરત જિલ્લામાં પ્રારંભિક આદિવાસી રચનાત્મક કાર્યકરોમાંના મોટા ભાગના કાર્યકરો ઘાટાની ભગત પરંપરાથી પ્રભાવિત હતા, કાં તો તેની સાથે સંકળાયેલા હતા. ઉદા૦ તરીકે ટેટિયાભાઈ પટેલ, કિશનસિંહ ગામિત, કોટલા મહેતા ચૌધરી, વગેરે. આમ

ગાંધીવાદીઓને સંસ્થાકીય પ્રવૃત્તિઓ ઊભી કરવા માટે 'ટેક ઓફનું સ્ટેજ' મળી ચૂક્યું હતું. આ અનુસંધાન *રાનીપરજમાં જાગૃતિ* ગ્રંથને આધારે જોઈએ: 'અસહકારના આંદોલન પછી બારડોલીના સ્થાનિક કાર્યકર કેશવ ગણેશજીએ પરિશ્રમપૂર્વક દૂબળા લોકોની ન્યાતના પંચો અને સભાઓ બોલાવવા માંડી. આટલા અભણ ને પડેલા લોકો, છતાં એમનાં જ્ઞાતિપંચો વ્યવસ્થિત હતાં એ ભારે આશ્ચર્યનો વિષય ગણાય. અને હિંદમાં પુરાણકાળથી જ્ઞાતિપંચો કેવી સુંદર અને વ્યવસ્થિત રીતે કામ કરતાં બન્યાં હતાં. અને અનેક વારાફેરા ને આસમાની સુલતાની થવા છતાં કાયમ ટકી રહ્યાં હતાં તેનો પુરાવો મળ્યો. દૂબળાઓના (હળપતિઓ) આ પંચની પ્રથાને કારણે દુઃખ ને દારિદ્ર્યમાં ડૂબેલા ને અજ્ઞાન અંધકારમાં સબડતા આ લોકોમાં પણ કોમ તરીકેનું સંગઠન મોજૂદ હતું.'[૭] ટૂંકમાં, ઈ૦સ૦ ૧૯૨૩માં ગાંધીવાદીઓ દ્વારા પહેલી રાનીપરજ પરિષદ યોજાઈ તે આ પ્રકારનો પ્રથમ પ્રયત્ન ન હતો. ગાંધીવાદીઓએ આદિવાસીઓની પરંપરાગત સંસ્થાકીય પ્રવૃત્તિઓની પીઠિકા પર જ રાનીપરજ પરિષદોનો ખ્યાલ વિકસાવ્યો હતો. હવે પછીના વિભાગમાં રાનીપરજ પરિષદોની સ્થાપના, કાર્યયોજના અને આદિવાસીઓમાં સમાજપરિવર્તનના સંદર્ભમાં તેની ફલશ્રુતિની ચર્ચા કરીશું.

## રાનીપરજ પરિષદોની સ્થાપનાનો ઇતિહાસ:

ગાંધીયુગના પ્રારંભે ગાંધીવાદી વિચારોના વાતાવરણમાં રાનીપરજ પરિષદોની સ્થાપના થઈ હતી. અગાઉ આપણે જોયું કે પ્રસ્તુત સંસ્થાકીય પ્રવૃત્તિનો વિચાર આદિવાસીઓની પરંપરાગત વ્યવસ્થામાંથી જ ઊભો થયો હોવા છતાં તેની સ્થાપનાનો ઇતિહાસ સહેજ નોખો પડે છે. રચનાત્મક પ્રવૃત્તિઓ નિમિત્તે આદિવાસી ગામડાંમાં ક્ષેત્રકાર્ય કરી રહેલાં ગાંધીવાદી કાર્યકર્તાઓને આ પ્રવૃત્તિઓ કાજે આદિવાસીઓને સંગઠિત કરવાનો વિચાર સૂઝ્યો હતો. તેઓએ આદિવાસીઓની સંગઠિત શક્તિ ઊભી કરવા માટે સ્થાનિક રાનીપરજ કાર્યકર્તાઓ સમક્ષ તેનો વિચાર રજૂ કર્યો હતો. તે માટે તેઓએ આદિવાસીઓમાં ગાંધીજીનાં વડાં ચેલા તરીકે ઓળખાયેલાં સરદાર પટેલ અને કસ્તુરબાને લાવવાનું નક્કી કર્યું. આ પરિષદ તાત્કાલિક અને મોટામાં મોટી થાય તેવું બીડું પણ તેઓએ ઝડપ્યું હતું. પહેલી પરિષદ મહુવા તાલુકાના શેખપુર ગામે પૂર્ણા નદીને કાંઠે ભરવાનું નક્કી કર્યું. તેનું કારણ પરિષદમાં આવનારા હજારો લોકોને પાણી, ગાડાં છોડવાની, રાંધવાની અને બીજી સગવડો મળી રહે તે હતું. આ માટે તેઓએ રાનીપરજ આગેવાનો સાથે જરૂરી વિચાર-વિમર્શ પણ કર્યો હતો.[૮] આમ, સ્થાનિક આદિવાસીઓ જૂની ઢબના સમાજકારણમાંથી નવી ઢબના રાજકારણમાં પ્રવેશ્યા હતા.

પરિષદનું આયોજન થયા પછી રાનીપરજ આગેવાનો ગાંધીવાદી કાર્યકર્તાઓ પાસે દોડતા પાછા આવ્યા. તેમનું એકાએક આવવાનું કારણ પૂછતાં તેમણે જણાવ્યું કે ગઈકાલે સભામાં આપણે એવો ઠરાવ કર્યો કે ઘેરઘેરથી દરેક માણસે આવવું, એથી અમારે માટે મોટી ફસામણ થઈ છે. અમારા લોકોને ત્યાં ઘેરઘેર બે-પાંચ ઢોર હોય, તેને સાચવવા ઘર દીઠ એક માણસ તો રહેવો જોઈએ. એમ નહીં થાય તો અમારે બધા ઘરવાળાઓને પોતપોતાનાં ઢોરો લઈને પરિષદમાં આવવું પડે. ગાંધીવાદી ઇતિહાસકાર ઈશ્વરલાલ દેસાઈએ નોંધ્યું છે કે રાનીપરજ કોમમાં રહેલાં ભોળપણ ને

ભક્તિનો આ નોંધપાત્ર પ્રસંગ છે. ઠરાવનો આ લોકો કેટલો સુંદર અર્થ કરતા હતા અને ઠરાવ થયો કે તેનો અક્ષરશઃ અમલ થવો જ જોઈએ, એ વસ્તુ કેવા હૃદયથી સ્વીકારતા હતા, તે જોઈને કાર્યકરોને લાગ્યું કે જો દેશનો ભણેલો-ગણેલો અને કહેવાતો સભ્ય સમાજ આવી ઉત્કટ ભાવનાથી મહાસભાના ઠરાવોનું પાલન કરતો હોત તો મહાત્માજીએ જેલમાં જવાનું ન બન્યું હોત, અને સ્વરાજ રમતમાં પ્રાપ્ત થઈ શક્યું હોત. આવી અપૂર્વ ભક્તિ અને નિષ્ઠા શું ન સિદ્ધ કરી શકે?[૯] આમ, આદિવાસીઓને રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય આંદોલન જેવી ગંભીર પ્રવૃત્તિઓમાં જોતરવા માટે રાનીપરજ પરિષદની સ્થાપના થઈ. તે માટે ગાંધીવાદીઓના ઇચ્છવા કરતાં વિશેષ ઉત્સાહ આદિવાસીઓ તરફથી મળી ચૂક્યો હતો.

૨૧ જાન્યુઆરી, ૧૯૨૩ના રોજ મહુવા તાલુકાના શેખપુર ગામે ૨૦ હજાર રાનીપરજોની હાજરીમાં સરદાર પટેલના પ્રમુખપદે પહેલી રાનીપરજ પરિષદ યોજાઈ હતી; તેનું કાર્યક્ષેત્ર ૧૯૨૪માં ડોસવાડા, ૧૯૨૫ વેડછી, ૧૯૨૫ મઢી-સુરાલી, ૧૯૨૭ ડોસવાડા, ૧૯૨૯ ઉનાઈ, ૧૯૩૭ મગરકુઈ, ૧૯૩૮ વેડછી, ૧૯૩૯ મહુવરીયા, ૧૯૪૦ બાલદા, ૧૯૪૧ ઉમરા – એમ ૧૧ રાનીપરજ પરિષદો સુધી વિસ્તર્યું હતું. દયાળજી દેસાઈ જેવા સ્થાનિક કાર્યકરથી લઈ સરદાર પટેલ, કસ્તુરબા ગાંધી, મહાત્મા ગાંધી, મોરારજી દેસાઈ, જીવરાજ મહેતા અને મરાઠી કૉંગ્રેસી નેતા બી૦ જી૦ ખેર પણ તેના પ્રમુખ બન્યાં હતાં. સરદાર પટેલ કુલ ચાર રાનીપરજ પરિષદો (શેખપુર-૧૯૨૩, ઉનાઈ-૧૯૨૩, મગરકુઈ-૧૯૩૭, વેડછી-૧૯૩૮)ના પ્રમુખ રહ્યા હતા. ૧૯૨૭માં આ પરિષદોના અહેવાલો પણ છપાયા હતા.[૧૦] પરિષદનું વ્યવસ્થાતંત્ર ઊભું કરવાના ભાગરૂપે રચનાત્મક કાર્યકરો અને રાનીપરજ આગેવાનોએ ભેગા મળી તેનું બંધારણ પણ ઘડ્યું હતું. તેને લગતી નોંધ *રાનીપરજમાં જાગૃતિ* ગ્રંથમાં આ રીતે મળે છેઃ 'રાનીપરજ પરિષદનું ટૂંકું અને ટચ બંધારણ ઘડવામાં આવ્યું હતું. તેમાં બારડોલી તાલુકો, વાલોડ મહાલ, વ્યારા, સોનગઢ, મહુવા, માંગરોળ અને માંડવી તાલુકા ઉપરાંત વાંસદા રાજ્યનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત આ પ્રદેશોની આજુબાજુ રહેતા ચોધરા, ગામિત, ઢોડિયા, નાયકા, કુંકણા, વગેરે રાનીપરજ કોમના લોકોમાં જાગૃતિ આવે અને તેઓ એકત્ર થઈ સુવ્યવસ્થિત રીતે પોતાના હિતની બાબતો ચર્ચે, જરૂરી ઉપાયો યોજી શકે એવો સંસ્થાનો હેતુ રાખવામાં આવ્યો હતો. શુદ્ધ અને શાંતિમય માર્ગે રાનીપરજની સર્વાંગી ઉન્નતિ કરવી એવું ધ્યેય નક્કી કરવામાં આવ્યું હતું. આ ધ્યેયમાં માનનારા ૧૮ કે તેથી ઉપરની ઉંમરના કોઈ પણ રાનીપરજ સ્ત્રી કે પુરુષ પરિષદના ધ્યેય અંગે લેખિત કબૂલાત આપે ને વાર્ષિક લવાજમ ભરે તે સભ્ય થઈ શકે એમ ઠરાવાયું હતું.[૧૧] આમ, ભદ્રવર્ગીય ગાંધીવાદીઓ સાથે અનુસંધાન થતાં રાનીપરજોની પરંપરાગત સંસ્થાકીય પ્રવૃત્તિઓને બંધારણીય સ્વરૂપ મળ્યું અને આદિવાસી સમુદાય રચનાત્મક પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય આંદોલનોના માર્ગે આગળ વધ્યો હતો.

૨૧ જાન્યુઆરી, ૧૯૨૩ના રોજ મહુવા તાલુકાના શેખપુરમાં પહેલી રાનીપરજ પરિષદ યોજાઈ. જે સ્થાનિક આદિવાસીઓ માટે નવતર અને રોમાંચક પ્રયોગ હતો. તત્કાલીન કૉંગ્રેસ અને સાર્વજનિક મેળાવડાઓનાં આયોજનો અને તેની કાર્યપદ્ધતિથી અજાણ એવા રાનીપરજ આગેવાનોએ પરિષદને સંસ્થાકીય પ્રવૃત્તિની આવૃત્તિ બનાવી હતી. પહેલી પરિષદમાં ૨૦ હજાર જેટલા લોકો પગપાળા, ખાવાના સાધનો અને રોટલા બાંધીને લાવ્યા હતા. ગાંધીવાદી ઇતિહાસકાર

ઈશ્વરલાલ દેસાઈએ આ પ્રવૃત્તિને બિરદાવતાં નોંધ્યું છે કે કુદરતનાં બાળકો માટે ઉપર આકાશ અને નીચે ધરતી, વિશાળ ગગનને મંડપ જ ઉપયુક્ત હતો. ખુલ્લા મેદાનમાં, આથમતા સૂર્યનાં તેજ કિરણોમાં પૂર્ણાના સ્નાન કરતા આછા નીર પરથી વહીને આવતા મુક્ત પવનનો ઉપભોગ કરતી આ પ્રચંડ મેદનીનું દશ્ય દેવો માટે પણ દુર્લભ હતું. હજારોનો આ મહાસાગર જાણે મર્યાદા સાચવી રહ્યો હતો. ન ધાંધલ, ન ધમાલ, વ્યવસ્થા ને શાંતિ તો કેળવાયેલા ગણાતા કોઈ પણ શહેરમાં મળેલી પરિષદ કે સભાને શરમાવે એવી.[૧૨]

ગાંધીવાદી કાર્યકર્તાઓએ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ, રચનાત્મક કાર્યો સાથે રાનીપરજ પ્રવૃત્તિઓનું અનુસંધાન કર્યું ત્યારે તેઓ આદિવાસીઓમાં પ્રચલિત પરંપરાઓનો લાભ લેવાનું ચૂક્યા ન હતા. ઉદા૦ તરીકે પહેલી રાનીપરજ પરિષદમાં ૧૫૦ જેટલા સ્થાનિક દેવીભક્તોને-સમર્થકોને ઉપસ્થિત રખાયા હતા. એનું કારણ એ હતું કે તેઓ દેવી આંદોલનનો નજીકનો ભૂતકાળ તથા આદિવાસીઓ પરના ગાઢ પ્રભાવને સારી પેઠે પારખી ચૂક્યા હતા. પરિષદમાં દેવીભક્તોએ તેમનું કૌવત ઝળકાવ્યું હતું. ઉદા૦ તરીકે ગદા લઈને આવેલો એક ભક્ત પોતાના શરીર પર પ્રહાર કરતો હતો તો બીજા અનેક 'હોટ, હોટ' કરતાં ધૂણતા હતા.[૧૩] આવા બનાવોથી દેવીના પણ ગાંધીવાદી પ્રવૃત્તિને આર્શીવાદ છે તેમ માનવામાં આવતું અને રાનીપરજ પરિષદના ખ્યાલને પ્રસરાવવામાં આદિવાસીઓનાં આવાં પોતીકાં તત્ત્વોનો ફાળો પણ નાનો-સૂનો ન હતો.

શેખપુરની પહેલી રાનીપરજ પરિષદની સફળતાએ ગાંધીવાદી કાર્યકર્તાઓમાં ઉત્સાહનાં ઘોડાપૂર આણ્યાં હતાં. પ્રસ્તુત ઉત્સાહજનક વાતાવરણનો લાભ લઈ આખું વર્ષ રચનાત્મક કાર્યો ચાલુ રાખવાનું ઠરાવ્યું હતું. પછીની પરિષદોમાં તેમણે પરિષદો ભરવાના એક ઉપક્રમમાં વર્ષ દરમિયાન રાનીપરજ વિસ્તારોમાં થયેલાં રચનાત્મક કામોનું તારણ કાઢવાનો પણ રાખ્યો હતો. ઉમદા હેતુઓના આ પ્રયોજનમાં ટૂંક સમયમાં બ્રિટિશ ગુજરાતના આદિવાસીઓ ઉપરાંત નવસારી પ્રાંત, ડાંગ અને સુરગાણા રાજ્ય તથા નાસિક જિલ્લામાંથી પણ આદિવાસીઓ આવતા થયા હતા. પરિષદના આયોજનને લગતી જાહેરાતો મેળાઓમાં, પત્રિકાઓ દ્વારા અને બારડોલી સત્યાગ્રહ દરમિયાન ખબરપત્રો દ્વારા થતી હતી.[૧૪] ટૂંકમાં, ગાંધીવાદી કાર્યકર્તાઓએ રાનીપરજ પરિષદોની પ્રવૃત્તિઓમાં વધુ ને વધુ આદિવાસીઓને સાંકળવા માટે કોઈ કસર બાકી રાખી ન હતી. આદિવાસીઓના ભૂત, વર્તમાન અને ભાવિને કેન્દ્રમાં રાખી આરંભાયેલી રાનીપરજ પરિષદોની કાર્યયોજના વિશે હવે પછીના વિભાગમાં ચર્ચા કરીશું.

## રાનીપરજ પરિષદોની પ્રવૃત્તિઓ (કાર્યયોજના):

રાષ્ટ્રના સ્વાતંત્ર્ય આંદોલનની સમાંતર રાનીપરજ પરિષદોની શરૂઆત થઈ. તેની કાર્યપદ્ધતિ અને આયોજન સામાન્ય પરિષદો કરતાં જુદા પ્રકારની હતી. તેઓ દર વર્ષે પરિષદ યોજવાને બદલે ક્યારેક વર્ષમાં બે વાર તો ક્યારેક ત્રણ ચાર કે દસ વર્ષના આંતરે પણ પરિષદ યોજતા. પરિષદના પ્રમુખના નામ ઉપરથી ઉપસ્થિતોની સંખ્યામાં વધઘટ થતી રહેતી, પરંતુ પરિષદો દરમિયાન ઉત્સાહમાં લેશમાત્ર કમી વર્તાતી ન હતી. પરંતુ ગાંધીજીના પ્રમુખપદે યોજાતી પરિષદ વખતે આદિવાસીઓનો ઉત્સાહ ભક્તિ અપવાદની કક્ષાએ દેખાતો. ૧૯૨૫માં વેડછીમાં ગાંધીજીના

પ્રમુખપદે યોજાયેલી પરિષદમાં ૧૦ હજાર માણસો ઉપસ્થિત રહ્યા, એટલું જ નહીં તેમણે ગાંધીજીને તેમની પરંપરા મુજબ સૂતર, શ્રીફળ, પૈસા, વગેરે પણ ધરાવ્યાં હતાં.[૧૫] અત્રે એક બાબત ધ્યાનપાત્ર છે કે આદિવાસીઓ પરિષદોમાં ઉત્સાહપૂર્વક જોડાતા તો ખરા, પરંતુ રાષ્ટ્રીય નેતાઓ અને તેમની વચ્ચે સંવાદની તકો મર્યાદિત હતી. કારણ કે સ્થાનિક આદિવાસીઓ ગુજરાતી બોલી કે સમજી શકતા ન હતા, તેનો ઉકેલ એ રીતે લાવવામાં આવ્યો કે ગાંધીજી, સરદાર અને અન્ય નેતાઓનાં ભાષણો સ્થાનિક કાર્યકર્તા દયાળજી દેસાઈ બુલંદ અવાજે સંભળાવતા, જેને રાનીપરજ કાર્યકર્તા ચૌધરી બોલીમાં સમજાવતા.[૧૫અ] આમ બે સ્તરે, છતાં સંવાદનું અસરકારક વાતાવરણ તૈયાર થતું હતું.

રાનીપરજ પરિષદોનો પ્રારંભિક હેતુ આદિવાસીઓને સંગઠિત કરી તેમને એક મંચ પર લાવવાનો હતો. પરિણામે પરિષદકારોએ તેમની પ્રવૃત્તિઓ, કાર્યયોજનામાં આદિવાસી હિતો, તેમની મુશ્કેલીઓનું નિવારણ, સમાજના મુખ્ય પ્રવાહમાં તેમનું સંમિલન અને સૌથી વિશેષ તો તેમના મનુષ્યપણાનો સ્વીકાર, વગેરે મુદ્દાને કેન્દ્રમાં રાખ્યા હતા. સ્વરાજયુગીન સંસ્થાકીય પ્રવૃત્તિઓ કે અન્યત્ર જે રીતે સમય સંજોગો અનુસાર સંસ્થાના હેતુઓ, કાર્યપદ્ધતિ બદલાતી રહી છે તેવું રાનીપરજ પરિષદોમાં પણ બન્યું હતું. ૧૯૨૩માં શેખપુરની પહેલી પરિષદમાં આદિવાસી સંઘ, સામાજિક-ધાર્મિક ઉન્નતિ, રાનીપરજ આશ્રમોની રચના, મદ્યપાનનિષેધ, પથ્થરના ભારે ઘરેણાંનો ત્યાગ, પરદેશી કાપડનો બહિષ્કાર, ખાદીનો સ્વીકાર જેવા ઠરાવોથી શરૂ થયેલી રાનીપરજ પરિષદોની પ્રવૃત્તિઓ, આદિવાસીઓના સર્વાંગી વિકાસ સુધી વિસ્તરી હતી. સમયાંતરે તેઓએ રાનીપરજ સહકારી મંડળીની સ્થાપના, બ્રિટિશ વિસ્તારમાં દારૂબંધી તો ખરી જ પણ રજવાડાઓમાં પણ પીઠાં બંધ કરાવવાનો ઠરાવ, આદિવાસીઓનાં જૂનાં દેવાં માટે ન્યાયપંચો નીમવા, ગણોતધારાનું અમલીકરણ, વ્યાજવટુ બંધ કરાવવું, ફરજિયાત આદિવાસી કેળવણી, શાહુકારો સામેના સંઘર્ષમાં વ્યવસ્થિત લડતની યોજના વગેરે જેવા આદિવાસીઓને ખાસ સ્પર્શતા મુદ્દાને તેમણે વિવિધ પરિષદોમાં ઠરાવો કરીને તેના અમલીકરણ માટેનાં ચક્રો ગતિમાન કર્યાં હતા.[૧૬]

રાનીપરજ પરિષદો એ આયોજનની રીતે સાદગીસભર અને સંયમી હતી. પ્રારંભિક સ્તરે તેનું આયોજન રાનીપરજ આગેવાનોની સૂઝબૂઝ પ્રમાણે થતું, છતાં તેમના પ્રયોગો પ્રશંસનીય અને અનુકરણીય લેખાયા હતા. તેનાં આયોજનોની સરખામણી તત્કાલીન ભદ્રવર્ગીય અને શહેરી પરિષદો, મેળાવડાઓ સાથે થતી. રાનીપરજ પરિષદોની વિશેષતા દેખાડતા *પ્રસ્થાન* (માસિક) સામયિકમાં આ પ્રમાણે નોંધાયું છેઃ ‘શહેરોમાં તો સ્વાગત મંડળોનું કામ પ્રમાણમાં સહેલું હોય છે. તૈયાર હોલમાં જ કાં તો પરિષદ ગોઠવવાની હોય અગર મંડળ વગેરે કરવું હોય તો એ સ્વાગત મંડળને માત્ર કોથળીની દોરી ઢીલી કરવાની જ તસ્દી, બાકી બધું કૉન્ટ્રાક્ટરો કરી આપે છે. રાનીપરજ લોકો પાસે કોથળી તો હોય જ ક્યાંથી? અને હોય તોયે તેઓ સ્વાગત કરવાની કુદરતી પ્રથાએ ચાલવું જ પસંદ કરનારા છે. જે સ્વાગત પૈસાના બળથી કે કૉન્ટ્રાક્ટરના મજૂરોની મજૂરીથી થાય તે ઝગમગતું થઈ શકે પરંતુ હાર્દિક તો ન જ થઈ શકે.’[૧૭] પ્રસ્તુત પ્રશંસાનો મતલબ એ થયો કે પ્રારંભે રાનીપરજ પરિષદોમાં આદિવાસી પરંપરા અને રોજિંદી જીવનશૈલીનો ખાસ ખ્યાલ રાખવામાં આવતો હતો. ઉદા૦ તરીકે નદીકાંઠે કે ખુલ્લા મેદાનમાં પરિષદનું આયોજન,

ચાંદની રાતમાં પરિષદ, વૃક્ષ નીચે પરિષદ, ઝાડ-પાન, રૂ, લાકડું, પથ્થર, વગેરેનો શોભામાં વિનિયોગ, વગેરે રાનીપરજ પરિષદોની વિશેષતાઓ હતી. તેનાથી સ્થાનિક ગાંધીવાદી કાર્યકર્તાઓ તો ખરા જ સાથે સરદાર પટેલ અને મહાત્મા ગાંધી જેવા નેતાઓ પણ પ્રભાવિત થયા વિના રહી શક્યા ન હતા. ઉદા૦ તરીકે વેડછીની બીજી રાનીપરજ પરિષદના આયોજન વિશે ગાંધીજીએ કહ્યું હતું કે મેં ઘણી પરિષદો જોઈ છે, સ્વાભાવિક સૌંદર્યની દૃષ્ટિએ આવી પરિષદ મેં બીજે ક્યાંય નથી જોઈ. આ ઉદ્‌ગારમાં મને અતિશયોક્તિ નથી ભાસતી. કેમ જાણે કુદરતે આવીને અદશ્ય રીતે બધું ગોઠવી દીધું હોય નહીં એવો ભાસ થયો. કુદરત પાસેથી શીખી લેવું તેને આઘાત ન પહોંચાડવો એ ખરી કળા છે એમ મારી મતિ છે.[૧૮] માત્ર એકવાર નહિ વારંવાર તેમણે રાનીપરજ પરિષદનાં આયોજન, સાદી-સંયમી વ્યવસ્થા વગેરેનાં મોંફાટ વખાણ કરી અન્ય કોમના સંગઠકોને તેમાંથી પ્રેરણા લેવા માટે ઉશ્કેર્યા હતા. તેઓ જાણે કે આપણને વેડછી પરિષદનો આંખ્યે દેખ્યો અહેવાલ આપતા હોય તેમ લખે છે કે સામાન્ય રીતે પરિષદને સારુ કોઈ ખેતર શોધવામાં આવે. આપણા કળાશાસ્ત્રીઓએ આસપાસની જગ્યા જોઈને સૃષ્ટિ સૌંદર્યથી ઉભરાઈ જતો ભાગ પસંદ કર્યો. વેડછીની પાસે જ વાલ્મીકિ (આ નદીનું અગાઉ નામ ઝાંખરી હતું.) નામની નદી વહે છે. ઝાડોથી શોભી રહેલી ટેકરીઓની વચ્ચે તે નાચતી ચાલી જાય છે. આ સ્થળ પરિષદકારે પસંદ કર્યું. મુખ્ય માંચડો વહેતા પાણીમાં ગોઠવ્યો ને જેમ વૃક્ષોમાંથી ડાળો ફૂટી નીકળે તેમ આ માંચડાની સામે પ્રતિનિધિઓની બેઠક..., મંડપનો ઘુમ્મટ સુવર્ણ આકાશ હતું ને બેસવાને સારુ નદીની રેત હતી..., તેથી કુદરતી શણગારની કે જાજમ ઇત્યાદિની જરૂર જ ન રહી. માંચડા ઉપર જવાની પહેલી પગથી કોથળામાં રેતી ભરીને કરવામાં આવી. અહીં એક પણ છબી ન હતી અને સૂતરનો પણ એકે તાંતણો શણગારવામાં વાપરવામાં આવ્યો ન હતો. સૂતર મનુષ્યની કૃતિ છે ને ઘરમાં શોભે એ જણાવવાની ભાગ્યે જ જરૂર હોય. આકાશમાં જ્યાં ઘુમ્મટ છે ને રેતી જ્યાં ધરતી છે ત્યાં તો ઝાડપાન જ શોભે.[૧૯] ગાંધીજી પ્રસ્તુત વાત કહેવા એટલા માટે પ્રેરાયા હતા કે વેડછી પરિષદનો ખર્ચ માત્ર ૩૦૦ રૂ. થયો હતો. ટૂંકમાં, રાનીપરજ જેવા 'પછાત' સમુદાયોને રચનાત્મક કાર્યો અને સ્વાતંત્ર્ય સંગ્રામ જેવી ગંભીર અને લાંબા ગાળાની યોજનામાં સાંકળવા માટે સાદું અને સંયમી તથા આદિવાસી ઢબનું સંસ્થાકીય વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું.

અગાઉ નોંધ્યું તેમ રાનીપરજ પરિષદો સ્થાનિક કક્ષાની અને એક વિશિષ્ટ સમુદાય પૂરતી સીમિત હોવા છતાં તેને માર્ગદર્શન આપવા માટે ગાંધીજી અને સરદાર પટેલ જેવા મોટા ગજાના નેતાઓનું નેતૃત્વ સાંપડ્યું હતું. તેઓ આદિવાસીઓમાં સંસ્કૃતીકરણ, સમાજસુધારા, રચનાત્મક પ્રવૃત્તિઓ થકી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં તેઓનો લાભ પામવા માટે કટિબદ્ધ હતા. તેથી તેમનાં ભાષણો પણ સામાન્ય કરતાં જુદી ઢબનાં રહેતાં. તેમનો પહેલો પ્રયત્ન તો આદિવાસીઓને સંકુલ વાતાવરણમાંથી બહાર કાઢી સમાજની મુખ્ય ધારામાં ભેળવવાનો રહ્યો હતો. ઉદા૦ તરીકે મે-૧૯૨૮માં પૂના(મહુવા) ખાતે મળેલી છઠ્ઠી રાનીપરજ પરિષદમાં આદિવાસીઓમાં રહેલા જન્મજાત શૌર્ય, પરાક્રમના સદ્‌ગુણોને ઝકઝોરતા સરદાર પટેલે પ્રમુખસ્થાનેથી કહ્યું કે 'રાનમાં રહેનાર સિંહ-વાઘ તો ગામમાં રહેનાર મનુષ્યને ડરાવે છે, તો તમે રાનમાં રહેનારા થઈને શહેરીઓ જે તમારાથી ડરી જાય તેમનાથી કેમ ડરો છો? તાડ જેવું ઝાડ કે જેને પકડાય એવું ડાળખું પણ નથી હોતું એના ઉપર જીવને જોખમે ચઢી તાડી ઉતારવાની જેનામાં હિંમત છે એવા તમે લોકો, જે લોકોમાં તેના પર ચઢવાની હિંમત

નથી તેવા લોકોથી કેમ ડરો છો?'[૨૦] સરદાર જેવા જ વિચારો ગાંધીજીએ સૌમ્યતાથી રજૂ કર્યા હતા.

'કાળીપરજ-કાળી પ્રજા એટલે વર્ણે કાળી એમ નહીં, કાળા એટલે જે લોકોને શ્રમ મજૂરીથી આજીવિકા મેળવવી પડે તે..., તમે મજૂર છો એટલે પૂજ્ય-પૂજનીય છો. મજૂરનો જે દેશમાં આદર નથી અને જ્યાં એની નિંદા થાય, એનો અનાદર થાય તે દેશ નીચે ઊતરે છે. અહીં પણ અનાદર થાય છે. કાળીપરજ કહી તેમને ઉતારી પાડવા એ બરાબર નથી.'[૨૧] આગળની પરિષદમાં રાનીપરજોને સરદાર પટેલ એક કદમ આગળ લઈ ગયા. તેમણે દેશના આઝાદીના યજ્ઞમાં આદિવાસીઓના સહયોગની અનિવાર્યતા બતાવતાં કહ્યું કે 'હિંદુસ્તાન દેશે સ્વરાજની લડત માંડી તેમાં આપણે હિસ્સો આપ્યો છે. હિંદુસ્તાનને સાચું સ્વરાજ જોઈતું હોય તો તેણે સૌથી પહેલાં જંગલમાં વસ્તી રાનીપરજ જેવી અજ્ઞાન પ્રજાને સ્વરાજનો લાભ આપવો જોઈએ.'[૨૨] ટૂંકમાં, તેમનો આશય સ્વાતંત્ર્ય આંદોલનમાં છેવાડાના લોકોની સહભાગીદારી ઊભી કરવાનો હતો. આમ, રાનીપરજ પરિષદોને માધ્યમ બનાવી ગાંધી અને તેમના કાર્યકરોએ આદિવાસી સુધારણા, રચનાત્મક કાર્યોની સાંકળ દ્વારા સ્વતંત્રતા આંદોલનમાં આદિવાસીઓને સાંકળવામાં સફળ થયા અને આદિવાસીઓ 'રાજકીયકરણ' થવાવાળી છેલ્લી પ્રજા બની.

**રાનીપરજ પરિષદોના લેખા-જોખાંઃ**

રાનીપરજ પરિષદોનું મુખ્ય કાર્ય રચનાત્મક પ્રવૃત્તિઓ મારફત આદિવાસીઓમાં રચનાત્મક કાર્યો, સમાજસુધારણા દ્વારા રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં તેમનો લાભ પામવાનો હતો. ઉચ્ચ આદર્શો અને વ્યવહારુ પદ્ધતિ સાથે ૧૯૨૩થી શરૂ થયેલી રાનીપરજ પરિષદો ૧૯૪૧માં ૧૧ પરિષદો સુધી વિસ્તરી હતી. આઝાદી આવી તે પહેલાં રાનીપરજ પરિષદો વિસર્જિત થઈ ચૂકી હતી. તેની પાછળ આદિવાસીઓની વધતી જતી રાજકીય મહત્ત્વાકાંક્ષા અને તેઓ દ્વારા આદિવાસી હિતોને જ પ્રાધાન્ય આપવું જેવા મુદ્દાને જવાબદાર લેખવામાં આવે છે. *ખાદીભક્ત ચુનીભાઈ* ગ્રંથમાં રાનીપરજ પરિષદો બંધ પડવાનું વર્ણન આ પ્રમાણે થયું છેઃ 'હવે સ્વતંત્રતાના દિવસોમાં લોકોનાં મગજ દરેક રીતે અને દરેક દિશામાં છૂટા થઈને દોડી રહ્યાં હતાં. ક્યાંક-ક્યાંક તે કંઈક વિકૃત રીતે પણ દોડે તે સ્વાભાવિક હતું. દેશના ભણેલા-ગણેલા કોઈક કોઈક આદિવાસી આગેવાનોમાં 'આદિવાસીસ્તાન' બનાવવાના કોડ પણ જાગવા માંડ્યા હતા. અમારી તરફ (વેડછી વિસ્તાર) આ વિચારનો એટલો બધો નશો તો ચડ્યો ન હતો, પણ કોઈ કોઈ રાજદ્વારી વિચારના રાનીપરજ આગેવાનોને ધારાસભાઓમાં અમુક બેઠકો આદિવાસીઓ માટે અનામત રહેવી જોઈએ અને આ આદિવાસી બેઠકોની ચૂંટણી એકલા આદિવાસી મતોથી થવી જોઈએ એવા એવા વિચારોની લહેર આવવા લાગી હતી. થોડાં વર્ષથી ચુનીભાઈની રાનીપરજ પરિષદોમાં રેંટિયા ખાદીનું વાતાવરણ દબાઈ જતું હતું અને તેને બદલે રાજકીય ચર્ચાઓ જ વધારે થવા લાગી હતી. ચુનીભાઈને આ ગમતું નહોતું અને રાનીપરજ પરિષદો એ પહેલાંની જેમ રેંટિયા પરિષદો રહેવી જોઈએ એ ઝંખના તેમના મનમાં ચાલી રહી હતી પણ તે હવે તેમના હાથમાં રહ્યું ન હતું. આ સ્થિતિમાંથી છૂટવા ખાતર છેવટે અમે રાનીપરજ પરિષદો અમારી તરફથી ભરવાનું બંધ કરી દીધું.'[૨૩] પ્રસ્તુત મુદ્દાના સંદર્ભમાં રાનીપરજ

વિસ્તારોમાં તત્કાલીન સમયે ઊભા થઈ રહેલાં નવાં રાજકીય બળોની ચર્ચા કરવી જ રહી. ૧૯૩૦-૪૦ના દસકમાં દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં કિસાનસભા (૧૯૩૬) નામનું સંગઠન કાઠું કાઢવા મથી રહ્યું હતું. આદિવાસી સમસ્યાઓ વિરુદ્ધ ગાંધીવાદીઓના કાર્યક્રમો તેમને મોળા અને ફિક્કા લાગતા હોવાથી તેઓ જલદ કાર્યક્રમો ઇચ્છતા હતા. પ્રસ્તુત પરિસ્થિતિ ગાંધીવાદીઓને ભાગલા પડાવનારી અને આદિવાસીઓને ગુમરાહ કરનારી લાગતી હતી. તેથી રાનીપરજ પરિષદો તેના માટે નિમિત્ત ન બને અને રાનીપરજ વિસ્તારોમાં રચનાત્મક વાતાવરણ જળવાઈ રહે તે માટે ખાદીયાત્રાઓ અને ખાદીમેળાઓનો વિચાર કાર્યાન્વિત થયા હતા.[૨૪] રાનીપરજ પરિષદોના અંત સાથે આદિવાસીઓની મહત્ત્વપૂર્ણ સંસ્થાકીય પ્રવૃત્તિઓનો અંત આવ્યો, છતાં તાત્કાલિક અને લાંબા ગાળાની રીતે તેનાથી આદિવાસી સમાજ ખાસ્સો પ્રભાવિત રહ્યો હતો. રાનીપરજ પરિષદોની જમા-ઉધાર બાજુઓ તપાસીએ.

૧. આદિવાસીઓમાં સુધારણા કરવાના આશયથી કાર્યરત રાનીપરજ પરિષદોના શિરે આદિવાસીઓને મદ્યપાનમુક્ત કરવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી હતી. તે માટે પહેલી પરિષદ (૧૯૨૩)થી લઈ ૧૧મી પરિષદ (૧૯૪૧) સુધી તેમણે ઠરાવો, ચર્ચાઓ, ભાષણો કરી દારૂબંધીનો મુદ્દો સતત ચર્ચામાં રાખ્યો હતો. ગાંધી-સરદારનો પ્રભાવ તથા નવા કેળવાતા જતા આદિવાસી નેતાઓના પ્રયત્નોથી મદ્યપાનનિષેધની દિશામાં અસરકારક વાતાવરણ તૈયાર થયું હતું. *પ્રસ્થાન* માસિકમાં નોંધાયું છે કે આ પરિષદે ઘણા ઠરાવો કર્યા પણ ઠરાવોનો રાજા મદ્યનિષેધ સંબંધી ઠરાવ એ જ છે. તેઓ આજ સુધી મદ્યનિષેધના પ્રયત્નના અનેક ઊથલાઓ મારી ચૂક્યા છે. એ પ્રયત્નોને ફળસ્વરૂપે આજે ગામેગામ એવાં કુટુંબો જોવામાં આવે છે જેઓએ દારૂ-તાડી છોડી દીધાં છે અને ત્યારથી વિવેકીજીવન ગુજારી સુખી થયાં છે.[૨૫] સમકાલીન સામયિકમાં ક્ષેત્રકાર્યને આધારે નોંધાયેલી આ હકીકત છે. પ્રસ્તુત પરિવર્તન ગાંધીપ્રભાવનું તો ખરું જ પરંતુ એથી વિશેષ આદિવાસી સંસ્થાકીય પ્રવૃત્તિઓની બુનિયાદ પર સર્જાયેલું હતું. દક્ષિણ ગુજરાત જેવાં જ આશાસ્પદ પરિણામો સ્વરાજ્ય યુગમાં પંચમહાલમાં ભીલ પરિષદો દ્વારા સાંપડ્યાં હતાં.[૨૬] અલબત્ત, રાનીપરજ પરિષદોએ મદ્યપાનનિષેધનું ઊભું કરેલું વાતાવરણ કાયમી બની શક્યું ન હતું, છતાં તેણે દારૂને આદિવાસીઓ માટે અનૈતિક, અપવિત્ર વસ્તુ તો અવશ્ય બનાવી હતી. દારૂને ઈશ્વરસમર્પિત વસ્તુ સમજનારા આદિવાસીઓમાં આવેલું આ પરિવર્તન નાનું-સૂનું તો ન જ ગણાય.

૨. રાનીપરજ પરિષદોનો મહત્ત્વનો હેતુ આદિવાસી વિસ્તારોમાં રચનાત્મક કામો વિકસાવવાનો અને દર વર્ષે તેનાં તારણો કાઢવાનો હતો. તેમાંય વિશેષ કરીને ખાદીપ્રવૃત્તિ થકી આદિવાસીઓની આત્મનિર્ભરતાને વિશેષ લક્ષ્ય બનાવાયું હતું. શ્રી જુગતરામ દવેએ નોંધ્યું છે કે ચુનીભાઈ (મહેતા) રાનીપરજ પરિષદના નામે દર વર્ષે એકવાર વેડછી પ્રદેશના રેંટિયા ઉપાસકોને ભેગા કરતા. તે નિમિત્તે તે પોતાના કામનું સરવૈયું કાઢી લોકો સમક્ષ રજૂ કરતા, વર્ષ દરમ્યાન રાખ વળી ગઈ હોય તે ખંખેરી કાઢતા, એક નાનું સરખું પ્રદર્શન ભરી ખાદીની છેવટની પ્રગતિનો સંદેશો પણ લોકોના મન પર ઠસાવતા.[૨૭] ૧૯૨૩ની પહેલી પરિષદ સાથે જ નાનામોટા આશ્રમોની રચના દ્વારા રેંટિયા, ખાદીના કાંતણ-વણાટની પ્રવૃત્તિઓનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. પરિષદોમાં સમૂહકાંતણના સફળ પ્રયોગો થયા હતા. ગાંધી-સરદાર અને અન્ય પરિષદ પ્રમુખોનો ઝોક પણ મુખ્યત્વે ખાદી

થકી સાદાઈ, સંયમ અને સ્વનિર્ભરતા રહેતો. આવા સુવ્યવસ્થિત સંસ્થાકીય પ્રયત્નોના પરિણામે ગાંધીવાદી ખાદી કાંતણ-વણાટ પ્રવૃત્તિ બ્રિટિશ ગુજરાતના સીમાડા વળોટી પડોશનાં દેશી રજવાડાઓ અને મહારાષ્ટ્રના આદિવાસી વિસ્તારો સુધી પહોંચી હતી.[૨૮] આમ, ગાંધીવાદી ખાદી પ્રવૃત્તિઓનું આદિવાસીઓમાં વિકાસનું શ્રેય રાનીપરજ પરિષદોને જાય છે. તેના કર્ણધાર શ્રી ચુનીલાલ મહેતાએ ૧૯૪૧માં રાનીપરજ પરિષદોના અંત પછી વિકલ્પરૂપે ખાદીયાત્રાઓ અને ગાંધીમેળાઓનાં આયોજનો કર્યાં હતાં. તેના પાયામાં પણ ખાદીપ્રવૃત્તિઓ જ હતી.

૩. રચનાત્મક કામો થકી આદિવાસીઓ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં જોડાય એ ગાંધીવાદી કાર્યકર્તાઓની લાંબા ગાળાની યોજના હતી. પહેલી પરિષદ બાદ રચનાત્મક કાર્યો, રાષ્ટ્રવાદી નેતાઓનું નેતૃત્વ મળતાં રાનીપરજોમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ અને સ્વતંત્રતા આંદોલનમાં જોડાવાની હોંશ વધી હતી. ૧૯૨૮નો બારડોલી ખેડૂત સત્યાગ્રહ તે માટે પ્રથમ મોકો બન્યો હતો. નાકર આંદોલન કે અન્ય માર્ગે અંદાજે ૮૫ જેટલા રાનીપરજોએ જેલવાસ ભોગવ્યો હતો.[૨૯] ૧૯૩૦–૩૨ના સવિનય કાનૂનભંગ તથા હિંદ છોડો આંદોલન (૧૯૪૨) તથા અન્ય સ્થાનિક આંદોલનોમાં આદિવાસીઓની ભાગીદારી વધતી ચાલી હતી. અત્રે  ઉલ્લેખનીય છે કે દક્ષિણ ગુજરાતનું માત્ર વેડછી ગામ ૪૦ જેટલા સ્વાતંત્ર્ય સૈનિકોનો સમૃદ્ધ વારસો ધરાવે છે.[૩૦] પ્રસ્તુત પરિણામ આદિવાસી સંસ્થાકીય પ્રવૃત્તિઓના પ્રતાપે સર્જાયું હતું.

૪. રાનીપરજ પરિષદોએ આદિવાસીઓમાં જાહેરજીવનમાં પ્રવેશવાનો કે સરકારનો વિરોધ નહીં કરવાનો જે ડર હતો તે પણ કમી કર્યો હતો. રાનીપરજ પરિષદોમાં થયેલા ઠરાવોને આધારે તેઓ બારડોલી સત્યાગ્રહ વખતે નાકર માટે મક્કમ રહી શક્યા હતા, સાથે સત્યાગ્રહ, નાકરના આંદોલન દરમિયાન તેમના ધણિયામા(માલિકો)ઓની તરફેણમાં સરકાર, સરકારી અધિકારીઓના બહિષ્કારની સ્થિતિ સર્જી શક્યા હતા. ઉદા૦ તરીકે સીંગોદ ગામના દૂબળાઓએ સરકારી માણસોને પોતાના ધણિયામાઓ વિરુદ્ધ મદદ આપવાની ના પાડતો ઠરાવ કર્યો હતો.[૩૧] ટૂંકમાં, સંસ્થાકીય પ્રવૃત્તિઓની નિશ્રામાં સાંસ્થાનિક સત્તાના વિરોધમાં તેઓ ભદ્રવર્ગીય સમસ્યાઓને સાર્વજનિક સમસ્યાઓ માનતા થયા હતા. આ સમયે તેઓએ તેમના ધણિયામાઓ, સ્થાનિક ભદ્રવર્ગના શોષણની તીવ્રતાને વિસારે પાડી દીધી હતી.

૫. રાનીપરજ પરિષદોનું એક મહત્ત્વપૂર્ણ પરિણામ એ આદિવાસીઓમાં નેતૃત્વઉદ્ભવ અને વિકાસપ્રક્રિયા હતું. રાનીપરજ પરિષદોનું આયોજન આદિવાસીઓ દ્વારા રચાતા સ્વાગતમંડળથી થતું. ત્રીજી રાનીપરજ પરિષદથી સ્વાગત મંડળની વિધિવત્ જોગવાઈ થઈ હતી. પરિણામે ટેટિયાભાઈ પટેલ, ગોમજી લાલા ચૌધરી, જીવણસિંહ વળવી, કોટલા મહેતા ચૌધરી, કિશનસિંહ ગામિત જેવા અનેક નેતાઓ તૈયાર થયા. જીવણસિંહ વળવીએ શરૂ કરેલું *ચિનગારી* માસિક પણ આ જ પ્રક્રિયાની ફલશ્રુતિ હતી.[૩૨] વિશેષમાં આ નવ્ય આદિવાસી નેતાઓ સ્વતંત્રતાની લડતો, રચનાત્મક કાર્યો ઉપરાંત આદિવાસી સમાજ અને સ્થાનિક ભદ્રવર્ગની વચ્ચે ધરી સમાન હતો. તેઓ ગાંધીપ્રેરિત વર્ગમેળની વિચારણાના વાહકો પણ બન્યા હતા.

૬. સ્વરાજ્યયુગના પ્રારંભે રચનાત્મક પ્રવૃત્તિઓ અને રાનીપરજ પરિષદોના નિમિત્તે આદિવાસીઓ

જાહેરજીવનમાં આવતા થયા. રાનીપરજ પરિષદોમાં ભદ્રવર્ગો સાથેનો તેમનો સહવાસ, તેમની સદીઓ જૂની લઘુતાગ્રંથિ અને શાહુકારો-ભદ્રવર્ગ તરફની બીક કાઢનારો સાબિત થયો હતો. તે માટે ત્રણેક રાનીપરજ પરિષદોમાં પ્રમુખ રહેલાં સરદાર પટેલનાં ભાષણો વિશેષ નિમિત્ત ગણી શકાય. ઉદા૰ તરીકે ઉનાઈની સાતમી રાનીપરજ પરિષદમાં તેમણે ગર્જના કરતાં કહ્યું હતું કે કોઈ બંદૂક બતાવી બીવરાવે છે એમ સાંભળ્યું છે તેની બીક તમને લાગવી જોઈએ નહિ. પણ એ લોકો તમારા જંગલમાં તમારી વચ્ચે આવે ત્યારે તેમને જ બીક લાગવી જોઈએ.[૩૩] આવાં વક્તવ્યો અને રાનીપરજ પરિષદો નિમિત્તે ભદ્રવર્ગોનો સતત સહવાસ, વગેરેએ ભેગા મળી રાનીપરજને સમાજની મુખ્ય ધારામાં આણવાનું કાર્ય કર્યું. શાહુકારોનાં ધાકધમકી, ખોફ વગેરેને હિંમતપૂર્વક પાર કરી આદિવાસીઓ નાગરિકપણાની દિશામાં આગળ વધ્યા.

૭. ગાંધીવાદીઓની જરૂરિયાત અને રાનીપરજ આગેવાનોના ઉત્સાહના પરિણામે કાર્યરત બનેલી રાનીપરજ પરિષદો સ્વરાજ્યયુગીન સંસ્થાકીય પ્રવૃત્તિઓના ઇતિહાસમાં વિશેષ બની રહી હતી. તેમાં રચનાત્મક કાર્યોના નેજા નીચે આદિવાસીઓનું સામાજિક ઉત્થાન એ તેનું ધ્યેય હતું. આ પરિષદ નોખી-અનોખી કઈ રીતે હતી? તે *પ્રસ્થાન* માસિકના આધારે જોઈએ: ‘બ્રાહ્મણોની, અનાવિલોની, જૈનોની, ભાટિયાઓની એમ જુદીજુદી કોમોની સભાઓ અને પરિષદોનાં વર્ણનો છાપામાં મોટે અક્ષરે અપાયેલા ઘણીવાર જોવામાં આવે છે. એક રીતે આ રાનીપરજ પરિષદ પણ કોમી કહેવાય, પણ પેલી સભાઓથી આ સભા કોમી હોવા છતાં જુદી તરી આવે છે, કારણ કે એની બધી પ્રવૃત્તિઓ કોમી ન હોતાં સર્વદેશીય છે... બીજી બધી કોમની હિલચાલોમાં કોમી સ્વાર્થની હિલચાલ હોય છે. ત્યારે આ કોમમાં માણસ તરીકે સુધરવાની હિલચાલ ચાલી રહી છે. અજ્ઞાનને જીતવાની, હિંમત કેળવવાની, સંયમની ભાવનાથી મદ્યપાન ત્યાગની, અહિંસા ભાવનાથી માંસત્યાગની, નીતિધર્મ ભાવનાથી ભજનમંડળીની અને સ્વાશ્રય તથા સ્વદેશીની ભાવનાથી ખાદીની હિલચાલો તેઓ શાંતપણે ચલાવી રહ્યા છે.[૩૪] ટૂંકમાં, રાનીપરજ પરિષદો આદિવાસીઓનાં સામુદાયિક હિતો તો ખરાં જ સાથે સ્વસ્થ સમાજનિર્માણની પ્રક્રિયાનો ધર્મ પણ નિભાવતી હતી’.

રાનીપરજ પરિષદોમાં ગાંધીવાદીઓએ સામાજિક સુધારાના ભાગરૂપે ભારે ઘરેણાં પહેરવાની આદિવાસી પ્રથામાં બદલાવ લાવવાનું વિચાર્યું હતું. તેમની દરેક પરિષદમાં ભારે ઘરેણાંનો ત્યાગ કરવાનો ઠરાવ અવશ્ય થતો હતો. તેનાં આશાસ્પદ પરિણામો પણ પ્રાપ્ત થતાં હતાં. ઉદા૰ તરીકે વેડછી પરિષદ(૧૯૨૪)માં ગાંધીજીના પ્રભાવમાં આદિવાસી મહિલાઓએ ભારે ઘરેણાંનો ત્યાગ કરવાની શરૂઆત કરી દીધી હતી. આ સમયે એક બહેનના ગળામાં પહેરવાના પથ્થરના ઘરેણાંનું વજન અડધો મણ થયું હતું. આદિવાસી મહિલાઓ સુધારણાના આ માહોલમાં સૌભાગ્યના અને સામાજિક પ્રતિષ્ઠાના ચિહ્નરૂપ ભારે ઘરેણાંનો ત્યાગ કરતી પણ થઈ હતી.[૩૫] આમ, રાનીપરજ પરિષદોએ પરંપરાઓને ઓળંગી આદિવાસી સુધારાનો માર્ગ પ્રશસ્ત કર્યો હતો.

૮. ગાંધીવાદી પ્રવૃત્તિઓ રાનીપરજ પરિષદોના માધ્યમથી આદિવાસીઓમાં પ્રસરી હતી. આદિવાસીઓ માટે પ્રસ્તુત પ્રવૃત્તિઓ અને તેની કાર્યયોજના બેશક નવતર બની હતી. તેનાં અનેક જમા-ઉધાર પાસાં હતાં. પરંપરાગત આદિવાસી સંસ્થાના નવતર સ્વરૂપથી સમાજના મુખ્ય પ્રવાહ

અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં જોતરાયેલા આદિવાસીઓની અસલ સંસ્કૃતિ આ નવીન ઉપક્રમોથી ઝંખવાઈ હતી. 'પરંપરાને જાળવી રાખી આદિવાસીઓની પ્રગતિ' માટે કટિબદ્ધ બનેલા ગાંધીવાદીઓ વાસ્તવમાં આદિવાસી સંસ્કૃતિનાં નોખાં-અનોખાં તત્ત્વોની સાચવણી પ્રત્યે બેદરકાર રહ્યા હતા. અલબત્ત તેમના માટે આદિવાસી પરંપરાઓને સાંગોપાંગ વિકસાવવી શક્ય પણ ન હતું, પરંતુ કેટલાક કિસ્સામાં તેમની નીતિ બેધારી રહી હતી. ઉદા૦ તરીકે ૧૯૨૨–૨૩ના દેવી આંદોલન અને દેવીઓના ધૂણાઓનો લાભ લઈ ગાંધીવાદ દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં પ્રસર્યો હતો. પરંતુ ગાંધીવાદનાં મૂળિયાં જામ્યાં પછી દેવીના ધૂણાઓ, તેની પ્રવૃત્તિઓ તથા ભગતાઈને વહેમ ગણી તેને બંધ કરવાના ઠરાવો રાનીપરજ પરિષદોમાં જ કર્યા હતા. તેમાંની એક પરિષદમાં તો પ્રમુખ તરીકે સરદાર પટેલ પણ હતા. ટૂંકમાં, ગાંધીવાદીઓને રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય સંગ્રામના માર્ગમાં આદિવાસીઓની પરંપરાગત, ધાર્મિક પ્રવૃત્તિઓ પછાત અને જુનવાણી લાગતી હતી.

બીજી મહત્ત્વની બાબત એ હતી કે રાનીપરજ પરિષદોમાં આદિવાસીઓને એક ઠેકાણે અને મેદાની પ્રજાની જેમ વસવાટો કરવા માટે સમજાવાતા હતા. ઉદા૦ તરીકે મગરકુઈ રાનીપરજ પરિષદમાં ઠરાવાયું કે વેરાયેલા ને વિખરાયેલા રહેવાના રિવાજથી રાનીપરજ કોમ સભ્યતાના ઘણા લાભ વિનાની જંગલી હાલતમાં રહી છે, એમ આ પરિષદ માને છે. તેથી રાનીપરજ લોકોએ એકજથ્થે ગામ વસાવીને રહેવું જોઈએ, એવી ભલામણ કરે છે. એ જ રીતે તેમણે ચૌધરી આદિવાસીઓમાં પ્રચલિત ખંધાડપ્રથાને (ઘરજમાઈની પ્રથા) પડકારી. ઘરજમાઈના હક્કો નક્કી કરવાની હિમાયત કરી હતી.[૩૭] ટૂંકમાં, રાનીપરજ પરિષદોના માધ્યમથી ગાંધીવાદી કાર્યકર્તાઓ આદિવાસીઓની સદીઓ જૂની પરંપરાઓને સમૂળગી બદલવા ઇચ્છતા હતા. જે બિલકુલ વિઘાતક સાબિત થઈ શકે તેમ હતું. આમ, સંસ્થાકીય પ્રવૃત્તિઓમાં આદિવાસી સંસ્કૃતિની જાળવણી સામે પ્રશ્નાર્થો ખડા થયા હતા.

૯. રાનીપરજ પરિષદો એ ગાંધીવાદીઓનો આદિવાસીઓમાં વર્ચસ્વ જમાવવાનો મહત્ત્વપૂર્ણ મંચ હતો. પ્રારંભિક સ્તરે જ તેમણે આદિવાસી માનસ પર કબજો જમાવી આદિવાસીઓને આજ્ઞાંકિત, કહ્યાગરા બનાવવાની કવાયત શરૂ કરી હતી. તેઓએ સ્થાનિક સ્તરે સામાજિક સમરસતાના નામે આદિવાસી નેતાઓને પારસી, અનાવિલ, પઠાણો જેવા આદિવાસીઓના સદીઓ જૂના શોષકો, શાહુકારોના બહિષ્કારની મનાઈ ફરમાવી હતી. ગાંધીવાદ અને રાનીપરજ પરિષદોના પ્રકાશમાં તેઓ પોતાના શોષકોને ઓળખતા થયા હતા. તેમની સામે લડવા, બહિષ્કાર કરવા સુધ્ધાંની તેમની તૈયારી હતી, પરંતુ સરદાર પટેલ, કસ્તુરબા અને ગાંધીજી સહિતના નેતાઓએ આવા બહિષ્કાર સામે રોક લગાવી હતી. તેઓ તેમનાં ભાષણોમાં પણ પ્રસ્તુત મુદ્દાને સિફતપૂર્વક દાખલ કરતા હતા.[૩૮] એક તરફ બ્રિટિશ સત્તા સામે બહિષ્કાર વગેરેની લડતોમાં કોઈ કસર ન રાખનાર ગાંધીવાદીઓને ભારતીય સમાજની અંદરના આવા શોષકોના બહિષ્કાર જેવી પ્રવૃત્તિઓ મંજૂર ન હતી. જે સ્પષ્ટપણે ગાંધીવાદીઓની બેધારી નીતિ હતી, પરિણામે સ્વરાજ્ય પછી પણ આદિવાસી સમાજના આર્થિક શોષણ અને સામાજિક અન્યાયની પ્રવૃત્તિઓમાં ખાસ બદલાવ લાવી શકાયો ન હતો.

૧૦. રાનીપરજ પરિષદો એ ગાંધીવાદીઓની મહત્ત્વપૂર્ણ કૃતિ હતી. પ્રારંભિક સ્તરે તો સંસ્થાકીય પ્રવૃત્તિઓના સંદર્ભે રાનીપરજ પરિષદો આદિવાસી પ્રવૃત્તિઓના ક્ષેત્રે બિનહરીફ હતી, પરંતુ ૧૯૩૫ પછી દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં કિસાનસભા નામનું સંગઠન સક્રિય થયું હતું, તેઓ પણ આદિવાસીઓના આર્થિક શોષણ, સામાજિક અન્યાય વિરુદ્ધ કાર્યરત હતા. પરંતુ પ્રસ્તુત પ્રવૃત્તિઓમાં ગાંધીવાદીઓને તેમના મહાન સામ્રાજ્યના કાંગરા ખરતા દેખાયા અને કિસાનસભાથી આદિવાસીઓને દૂર રાખવાના પ્રયત્નો શરૂ થયા. તેનું નેતૃત્વ સરદાર પટેલે લીધું હતું. તેમણે પોતાનાં ભાષણોમાં કિસાનસભા પ્રવૃત્તિનો નવો ચોકો પરંતુ નકારાત્મક હોવાનું ભારપૂર્વક જણાવ્યું. ઉદા૦ તરીકે એક ભાષણ જોઈએઃ 'એમ કહેવાય છે કે આ જિલ્લાની અંદર માંડવી તાલુકામાં એક નવો પ્રચાર શરૂ થયો છે, તે કિસાનસભાનો છે... એ કિસાન પ્રવૃત્તિઓને કિસાનોને નુકસાન કરનારની છે, ને ખેડૂતોને ખાસ કરીને રાનીપરજને ભુલાવામાં નાંખનારી વસ્તુ છે. એની જુદીજુદી ચાલ છે. અમુક વિસ્તારમાં જાય ત્યાં એ કહે છે કે, અમે તો કોંગ્રેસના જ છીએ ને તેનું જ કામ કરીએ છીએ. ત્યારે શું જખ મારવા જુદો ચોકો ઊભો કરો છો. તેઓએ કિસાનસભાને હરિપુરા કોંગ્રેસ જેવું અધિવેશન યોજવા અને ખેડા જિલ્લાના પાટીદાર ખેડૂતોમાં ફેલાઈ જુઓ તેવો ટોણો પણ માર્યો હતો.[૩૯] આ જ પ્રકારની સ્થિતિ પંચમહાલમાં સમાજવાદી પ્રવૃત્તિઓ વિરુદ્ધ ભીલ એવા મંડળે સર્જી હતી.[૪૦] ટૂંકમાં, સ્વરાજ્યયુગમાં ગાંધીવાદીઓ આદિવાસી વિસ્તારોની સમસ્યાઓના નિવારણ માટે અન્ય કોઈ પરિબળોને સાંખી લેતા ન હતા. આ પ્રવૃત્તિ ઇજારાશાહીની હદે આગળ વધી હતી.

### ઉપસંહારઃ

રાનીપરજ પરિષદોનો ઇતિહાસ જોયા પછી તારણ રૂપે કહી શકાય કે ગાંધીવાદીઓએ ભદ્રવર્ગીય જ્ઞાતિપંચો, પંચાયતોનો રાષ્ટ્ર નવનિર્માણની દિશામાં યથોચિત લાભ પામવા જે પ્રયત્નો કર્યા તે જ શૃંખલામાં આદિવાસી પંચ-પંચાયતો પદ્ધતિને પણ નવતર સ્વરૂપ આપ્યું હતું. તેઓએ સ્વરાજ્યયુગના પ્રારંભે જ પરંપરાગત આદિવાસી સમુદાયોને સંસ્થાકીય ઢબે સંગઠિત કરી તેમનો કુશળ અને વ્યવહારુ ઉપયોગ રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્યની લડતો નિમિત્તે કર્યો હતો. ગુજરાતમાં ગાંધીયુગ દરમિયાન અનેકની સંખ્યામાં નાનાંમોટાં જ્ઞાતિસંગઠનો કાર્યરત હતાં, પરંતુ રાનીપરજ પરિષદો જેવી સુવ્યવસ્થિત, કાર્યપદ્ધતિ અને પરિણામલક્ષી પ્રવૃત્તિઓ થઈ હોય તેવું બન્યું નથી. ૧૯૪૧ પછી રાનીપરજ પરિષદો યોજાઈ ન હતી છતાં પ્રસ્તુત સંસ્થાકીય પ્રવૃત્તિઓની પીઠિકા પર આદિવાસી સમાજ નવા મોડ પર આવીને ઊભો રહી શક્યો હતો. અનુગામી આદિવાસી સંગઠનો માટે પણ રાનીપરજ પરિષદ ધ્રુવતારક સમી બની રહી.

### સંદર્ભઃ

૧. દેસાઈ, નીરા. *૧૯મી સદીમાં ગુજરાતમાં સામાજિક પરિવર્તન*, અમદાવાદઃ ૧૯૯૮, પૃ૦ ૨૮૦.

૨. પ્રસ્તુત વિગતો માટે જુઓ : ઈશ્વરલાલ દેસાઈ, *રાનીપરજમાં જાગૃતિ*, સુરતઃ ૧૯૬૪, પ્રકરણ-૩ અને પૃ૦ ૧૯–૨૦, David Hardiman. *The Coming of Devi*, Surat, 1986. V. K. Vashishtha, *Bhagat Movement*, Udaipur, 1997 અને અરુણ વાઘેલા, *પંચમહાલના આદિવાસીઓની વિકાસયાત્રા*, અમદાવાદઃ ૨૦૧૬, (બીજી આવૃત્તિ) પ્રકરણ-૫.

૩. પેટલ, પ્રેમાનંદ ધોળીદાસ. *નવસારી પ્રાંતની કાળીપરજ*, નવસારી, ૧૯૦૧, પૃ૰ ૩.

૪. *ગુજરાતી*, ૧૯ ઑક્ટો. ૧૯૧૯ 'ગુજરાતના ભીલ લોકોનું કંઈક દિગ્દર્શન' નામના રામજી વરેડિયાના લેખમાંથી.

૫. જુઓઃ *દક્ષિણ ગુજરાતની પહેલી ભીલ પરિષદનો ટૂંકો અહેવાલ*, મુંબઈઃ ૧૯૨૫, પૃ૰ ૩–૪ અને ૨૦.

૬. દેસાઈ, ઈશ્વરલાલ. પૃ૰ ૧૦.

૭. એજન, પૃ૰ ૧૫૭.

૮. એજન, પૃ૰ ૨૫.

૯. એજન

૧૦. એજન અને *કાળીપરજ પરિષદોના અહેવાલો*, સુરત, ૧૯૨૭.

૧૧. દેસાઈ, ઈશ્વરલાલ. પૃ૰ ૬૮.

૧૨. એજન, પૃ૰ ૨૬.

૧૩. એજન, પૃ૰ ૨૭.

૧૪. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર-૪૪, વેડછી પરિષદ વખતે ૧૦ હજાર પત્રિકાઓ છપાવી વ્યારાના પોષી પૂનમ અને ઉનાઈ સંક્રાંતિના મેળામાં વહેંચાઈ હતી (*કાળીપરજ પરિષદના અહેવાલો*, પૃ૰ ૧૨)

૧૫. *કાળીપરજ પરિષદના અહેવાલો*, પૃ૰ ૧૫.

૧૫અ. એજન, પૃ૰ ૨૧.

૧૬. એજન અને *રાનીપરજમાં જાગૃતિ*

૧૭. *પ્રસ્થાન* (માસિક), પુસ્તક-૩, અંક-૬, ચૈત્ર-૧૯૮૩, જુગતરામ દવેના 'કાળીપરજ કે રાનીપરજ ચર્ચા' નામના લેખમાંથી

૧૮. જુઓઃ *રાનીપરજમાં જાગૃતિ*, પૃ૰ ૧૨૦ પર વેડછી પરિષદમાં ગાંધીજીનું ભાષણ.

૧૯. એજન, પૃ૰ ૧૨૧.

૨૦. નવજીવન, ૬ મે ૧૯૨૮

૨૧. *રાનીપરજમાં જાગૃતિ*, પૃ૰ ૮૩.

૨૨. એજન, પૃ૰ ૯૦.

૨૩. દવે, જુગતરામ. *ખાદીભક્ત ચુનીભાઈ*, અમદાવાદઃ ૧૯૬૬, પૃ૰ ૧૮૧–૮૨.

૨૪. એજન, પૃ૰ ૧૮૨, આવી ત્રણ ખાદીયાત્રાઓ ૧૪-૩-૧૯૪૭ના રોજ વેડછીમાં ગુલામ રસુલ કુરેશી, ૨૩-૫-૧૯૪૮માં વેડછીમાં વૈકુંઠલાલ મહેતા, ૧૦-૪-૧૯૪૯ ઉમરામાં ડૉ૰ જીવરાજ મહેતાની નિશ્રામાં યોજાઈ હતી. જ્યારે ખાદીમેળાઓ ૧૯૪૯થી શરૂ થઈ ૧૯૮૪ સુધી ચાલ્યા હતા. (*વેડછીનો વડલો*, નારાયણ દેસાઈ, પૃ૰ ૩૩૧)

૨૫. *પ્રસ્થાન* (માસિક), ચૈત્ર ૧૯૯૧, પૃ૰ ૫૬૫.

૨૬. *યુગધર્મ* (માસિક), પુસ્તક-૪, અંક-૩, જેઠ ૧૯૮૦, પૃ૰ ૧૦.

૨૭. જુગતરામ દવે, પૃ૰ ૧૮૧.

૨૮. *પ્રસ્થાન*, પુ. ૩, અંક-૬, ચૈત્ર ૧૯૮૩, પૃ૰ ૪૩૪.

૨૯. જુઓઃ બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર-૪૬, સ્વરાજ આશ્રમ, બારડોલી.

૩૦. વેડછી ગામે કરેલા ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલી માહિતી

૩૧. બારડોલી ખબરપત્ર-૮

૩૨. *ચિનગારી* સામયિક ૧૯૩૮માં શરૂ થયું હતું.
૩૩. *રાનીપરજમાં જાગૃતિ*, પૃ૦ ૫૫.
૩૪. *પ્રસ્થાન*, પુ. ૩, અંક-૬, ચૈત્ર ૧૯૮૩, પૃ૦ ૪૩૪.
૩૫. *રાનીપરજમાં જાગૃતિ*, પૃ૦ ૨૮.
૩૬. એજન, પૃ૦ ૯૪–૯૫ અને જુઓઃ *કાળીપરજ પરિષદના (ઠરાવો)*
૩૭. *રાનીપરજમાં જાગૃતિ*, પૃ૦ ૯૬, ૧૦૧.
૩૮. એજન અને *કાળીપરજ પરિષદોના અહેવાલોમાં ઠરાવો અને ભાષણો*
૩૯. *રાનીપરજમાં જાગૃતિ*, પૃ.૧૦૨ અને *ફાર્બસ સભા ત્રૈમાસિક*માં અરુણ વાઘેલાનો લેખ 'કિસાનસભા આંદોલનને આદિવાસી પ્રતિસાદ' (પુસ્તક ૮૩, અંક-૩, જુલાઈ-સપ્ટે. ૨૦૧૮)



૪૦. પંડ્યા. કમળાશંકર. *વેરાન જીવન* (આત્મકથા), અમદાવાદઃ ૧૯૭૪, પૃ૦ ૯૩ અને ૯૭.

## આ અંકનાં લેખકો

### સંપાદક

**સિતાંશુ યશશ્ચન્દ્ર** : ૩૦૨ બી, શ્રવણ રેસિડેન્સી, કોસ્મિક એન્કલેવ, સમા, વડોદરા ૩૯૦ ૦૨૪, Email: sitanshuy@gmail.com

**હેમન્ત દવે** : ઇતિહાસ વિભાગ, માનવવિદ્યાભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ૩૮૮ ૧૨૦, મો. ૯૭૨૩૧૧૩૭૩૭, Email: nasatya@gmail.com

### લેખકો

**ઇલા ર૦ ભટ્ટ** : ૨૧–૨૨ ગોયલ ટાવર, જાહ્નવી રેસ્ટોરન્ટ પાસે, યુનિવર્સિટી રોડ, યુનિવર્સિટી એરિયા, અમદાવાદ, ગુજરાત ૩૮૦ ૦૧૫

**એસ૦ ડી૦ દેસાઈ** : બી-૫, સુચિતા એપાર્ટમેન્ટ, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯

**નિરંજન રાજ્યગુરુ** : સત નિર્માણ ફાઉન્ડેશન, આનંદ આશ્રમ, ઘોઘાવદર, ગોંડલ, જિ. રાજકોટ પીન. ૩૬૦ ૩૧૧ મો. ૯૮૨૩૪ ૭૧૯૦૪

**પ્રફુલ્લ રાવલ** : B/૧૨, માધવ એપાર્ટમેન્ટ, મ્યુનિસિપલ બગીચા સામે, વાસણા, અમદાવાદ, ૩૮૦ ૦૦૭

**દર્શના ધોળકિયા** : ન્યૂ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે, ભુજ ૩૭૦ ૦૦૧ (કચ્છ) મો. ૯૦૯૯૦ ૧૭૫૫૯, Email: dr.dholkiya@rediffmail.com

**અરુણ વાઘેલા** : પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ મો. ૯૬૩૮૯ ૮૧૩૮૮

**વિજય નિનામા** : ૨૦, વ્રજધામ સોસાયટી, અંકુર સ્કૂલ પાસે, ભૂરાવાવ, ગોધરા ૩૮૯ ૦૦૧ મો. ૭૫૬૭૦ ૭૯૧૪૫.

# ભીલસમાજના ગાંધીયુગીન સુધારક અને ઉદ્ધારક સુખદેવભાઈ ત્રિવેદી

વિજયકુમાર તેજાભાઈ નિનામા

૧૯મી અને ૨૦મી સદી દરમ્યાન ભારતમાં અનેક પ્રકારનાં સામાજિક અનિષ્ટો જેવાં કે અંધવિશ્વાસ, વહેમો, અજ્ઞાનતા, કુરિવાજો જેવા કે બાળકીને દૂધપીતી કરવી, સતીપ્રથા, વિધવાવિવાહનિષેધ, બાળલગ્ન ઉપરાંત વ્યસનોનું પ્રમાણ વ્યાપ્ત હતું. રાજા રામમોહનરાય અને અન્ય સમાજસુધારકો દ્વારા સમાજસુધારણા આંદોલનની શરૂઆત થઈ હતી. આ સમય દરમ્યાન સહજાનંદ સ્વામી, સયાજીરાવ ગાયકવાડ, નર્મદાશંકર, કરસનદાસ મૂળજી, મહીપતરામ રૂપરામ, દુર્ગારામ મહેતા, જુગતરામ દવે અને ગાંધીજીએ ગુજરાતમાં પ્રવર્તમાન દૂષણોને દૂર કરવા માટેના પ્રયત્નો હાથ ધર્યા હતા. આમ છતાં ગુજરાતનો આદિવાસી વિસ્તાર સમાજસુધારણાની આ પ્રવૃત્તિથી વંચિત રહ્યો હતો.

ગુજરાતના પંચમહાલના પૂર્વ પટ્ટી વિસ્તારમાં સામાજિક સુધારણાનો પાયો નાખનાર સુખદેવ વિશ્વનાથ ત્રિવેદી હતા. તેમના પર ગાંધીજીની વિચારસરણીનો પ્રભાવ હતો. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોના ભાગરૂપે પંચમહાલ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં સુખદેવભાઈના પ્રયત્નોથી આશ્રમશાળાઓ સ્થપાઈ હતી. તેમણે આ વિસ્તારના આદિવાસીઓ અને હરિજનોમાં વ્યાપ્ત અંધવિશ્વાસ, વહેમો, અજ્ઞાનતા, કુરિવાજો, લૂંટફાટ, નિરક્ષરતા, વ્યસનો, ચોરી અને અસ્પૃશ્યતા જેવાં દૂષણોને શિક્ષણના માધ્યમથી દૂર કરવાના પ્રયત્નો કર્યા હતા. તેના પરિણામે લાંબા ગાળે આ વિસ્તારમાં સામાજિક સુધારણા શક્ય બની.

સુખદેવ વિશ્વનાથ ત્રિવેદીનો જન્મ ૨૩મી નવેમ્બર ૧૮૮૩માં ગુજરાતના દાહોદમાં ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. બાલ્યકાળમાં જ પિતૃછાયા ગુમાવવાને કારણે તેમજ ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવાના કારણે ફક્ત ચાર ધોરણ સુધીનો જ અભ્યાસ કરીને ૧૭ વર્ષની વયે બાંધકામ ખાતાની સરકારી નોકરીમાં જોડાયા હતા. તેમનાં લગ્ન જેઠીબેન સાથે થયાં હતાં. તેમને છ બાળકો હતાં. ત્રણ પુત્રો – નરેન્દ્રભાઈ, અરવિંદભાઈ અને રાજેન્દ્રભાઈ તેમજ ત્રણ પુત્રીઓ – સાવિત્રીબેન, નિર્મળાબેન અને મંદાબેન છે (રૂબરૂ મુલાકાતઃ અરવિંદભાઈ ત્રિવેદીઃ ૨૨/૦૬/૨૦૧૫). તેમણે કરેલાં

સમાજસેવાનાં કાર્યોના પરિણામે તેઓ પંચમહાલમાં 'સુખદેવકાકા'ના હુલામણા નામે ઓળખાતા હતા.

ગોધરા મુકામે ગુજરાત રાજકીય પરિષદની બેઠક ૩, ૪ અને ૫મી નવેમ્બર ૧૯૧૭ના રોજ યોજવામાં આવી હતી. આ પરિષદમાં ગાંધીજીએ પોતાના પ્રવચનમાં દારૂનિષેધ, સ્વચ્છતા, કેળવણી, ગૌ-રક્ષા, સ્વદેશી વસ્તુનો ઉપયોગ, સત્યાગ્રહથી સંસારસુધારણા અને અસ્પૃશ્યતાસંબંધી પોતાના વિચારો પરિષદમાં હાજર રહેલા લોકો સમક્ષ રજૂ કર્યા. તેમણે સ્વરાજસંબંધી પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું કે, 'જો કુટુંબમાં કલહ હોય, ભાઈઓ એકબીજાની સાથે લડે, કુટુંબીઓ સાથે ન રહી શકે. અવિભક્ત એટલે કૌટુંબિક સ્વરાજ ભોગવનારાં કુટુંબોને ઝઘડાને લીધે વિભક્ત બને તો સ્વરાજ સારુ કેમ લાયક બનીએ?' (ગાંધી ૧૯૬૯ઃ ૧૪.૫૨) અહીં એમણે દેશમાં ઊંચ-નીચ, નાત-જાતના ભેદભાવ ભૂલી ભાઈચારાની ભાવના પ્રબળ કરવા ઉપર અને એ રીતે સ્વરાજ માટે લાયક થવા ઉપર ભાર મૂક્યો હતો.

ગોધરામાં રાજકીય પરિષદની સાથે જ પાંચમી નવેમ્બર ૧૯૧૭ના રોજ અંત્યજ પરિષદ મળી હતી. તેમાં પ્રવચન આપતાં ગાંધીજીએ કહ્યું હતું કે, 'અંત્યજ માણસોનો વર્ગ સમાજથી અલગ છે તે હિંદ માટે કલંક છે'. અને વધુમાં જણાવ્યું કે, 'નાત-જાત એ તો પાપ છે, સખત ગુનો છે, અસ્પૃશ્યોને હિંદુ ધર્મથી અળગા ન માનવા જોઈએ, તેમની સાથે હિંદુ સમાજના પ્રતિષ્ઠિત માણસો તરીકે વર્તન કરવું જોઈએ અને તેમના ધંધા પ્રમાણે તેઓ જે નાતને લાયક હોય તે નાતના ગણવા જોઈએ' (એજ, પૃ૦ ૬૪). આમ તેમણે અસ્પૃશ્યતાને કલંક ગણાવી તેને દૂર કરવા જણાવ્યું હતું. આ પરિષદમાં ૧૦ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા, જેમાં ખેડૂતોની બાબતોને ધ્યાનમાં લઈને તમના માટેનો પણ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. એ આ મુજબનો હતોઃ 'હંમેશના રિવાજ મુજબ જમીન મહેસૂલ બે હપતે ખેડૂતો પાસેથી ન લેતાં એક જ હપતે લેવામાં આવે છે તેથી ગરીબ ખેડૂતોને ઘણી જ હાડમારી ભોગવવી પડે છે. તેથી બે હપતેથી જ જમીન મહેસૂલના પૈસા વસૂલ કરવા અને હપતા લેવાનો સમય પાકની સ્થિતિ જોઈને ઠરાવવા આ પરિષદ સરકારને વિનંતી કરે છે' (એજ, પૃ૦ ૬૩). આ રાજકીય અને અંત્યજ પરિષદમાં સુખદેવભાઈ પણ હાજર રહ્યા હતા (ભીલ સેવા મંડળ, દાહોદ ૧૯૮૦ઃ ૩૬). એના પરિણામે તેઓ ગાંધીજીની વિચારસરણીથી પ્રભાવિત થયા હતા અને એમણે ગાંધીચીંધ્યા માર્ગે પંચમહાલના પૂર્વપટ્ટી વિસ્તારના આદિવાસીઓ અને અંત્યજો માટે સુધારણા પ્રવૃત્તિની શરૂઆત કરી હતી.

વરસાદ ન પડવાને કારણે ઈ૦ ૧૯૧૮માં પંચમહાલ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો હતો. પ્રજાની પરિસ્થિતિ અત્યંત દયનીય બની હતી. સરકાર દ્વારા આ દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં રાહતકેન્દ્રો ખોલવામાં આવ્યાં હતાં. આવાં જ રાહતકેન્દ્રોમાંના એક કેન્દ્ર ઉપર સુખદેવભાઈ કારકુન તરીકે ફરજ બજાવતા હતા. એ સમયના દુષ્કાળના નિયમ પ્રમાણે એક રાહત કેન્દ્ર ઉપર વધુમાં વધુ ૪૦૦ માણસો કામ કરી શકતા હતા. પરંતુ સુખદેવભાઈના રાહતકેન્દ્ર ઉપર તેમની ઉદારનીતિના કારણે ૪૦૦ની જગ્યાએ ૧૧૦૦ જેટલા માણસો કામ કરવા માટે આવવા લાગ્યા હતા. આથી સુખદેવભાઈએ ઉપલા અધિકારી પાસે બીજા એક કારકુનની માંગણી કરી. ઉપલા અધિકારીએ નિયમ મુજબ જ માણસોને કામ ઉપર રાખવા જણાવી દીધું. ત્યારે સુખદેવભાઈએ

કહ્યું કે, 'હું કાંઈ એમને બોલાવવા એમને ઘરે જતો નથી, એ બિચારા નિરાધાર લોકો પોતાના પેટ માટે આટલા લાંબા માઈલનો પંથ કાપીને આવે છે, એમને હું શી રીતે ના પાડું?' (શાહ ૧૯૫૫: ૯૯). સુખદેવભાઈના આ વાક્યમાં તેમની આદિવાસીઓ માટેની ઉદારનીતિ અને દયાભાવના જોવા મળે છે. આ પ્રસંગ બાદ અવારનવાર તેમની ઉપલા અધિકારી સાથે તકરાર થતી રહેતી. આ દુષ્કાળનાં રાહતકાર્યોમાં નિયમ કરતાં વધુ કામ મજૂરો પાસે કરાવવામાં આવતું અને કામે ચડવામાં કે કામ પૂર્ણ કરવામાં મોડું થાય તો દંડની વસુલાત કરવામાં આવતી. પરંતુ સુખદેવભાઈ આ દંડની વસૂલાત કરતા ન હતા ને ઉપલા અધિકારી સામે નમતું જોખતા ન હતા. ગાંધીજીની અસરના પરિણામે તેમનું મન બંડ પોકારવા તત્પર બનતું જતું હતું. આ સમય દરમ્યાન તેમના જીવનમાં બે બનાવ એવા બન્યા કે, જેના પરિણામે તેઓ ઈ૦ ૧૯૧૯ના જાન્યુઆરી મહિનામાં સરકારી નોકરીમાંથી રાજીનામું આપી દે છે.

**બનાવ: ૧** સુખદેવભાઈ જ્યાં નોકરી કરતા હતા ત્યાં એક સગર્ભા આદિવાસી સ્ત્રી મજૂરી કરવા માટે આવી હતી. થોડી મજૂરીનું કામ કર્યા બાદ આ સ્ત્રી એક ખાખરાના વૃક્ષ નીચે આરામ કરવા બેઠી ત્યારે સુખદેવભાઈએ આ સ્ત્રીને કામના સમયે આરામ કરતા જોઈ તેના ઉપર ગુસ્સે થઈ કામ ઉપર ચડવા માટે કહેવા ગયા. તેઓ ખૂબ જ ગુસ્સામાં હતા. પરંતુ જે સમયે તેઓ સ્ત્રી પાસે પહોંચ્યા તે જ સમયે સ્ત્રીએ એક બાળકને જન્મ આપ્યો. આ દૃશ્ય જોઈને તેમનું હૃદય ભરાઈ આવ્યું. તેમનો ગુસ્સો શાંત થઈ ગયો અને આ દૃશ્યના વિચારોએ તેમના મનમાં કબજો કરી લીધો હતો. તેમનું મન અપરાધની ભાવનાથી ભરાઈ ગયું (ભીલ સેવા મંડળ, દાહોદ ૧૯૮૦: ૩૬, ૩૭).

**બનાવ: ૨** ધોળા ખાખરા નામના ગામમાં રસ્તો બનાવવાનું કામ ચાલતું હતું. ત્યાં સુખદેવભાઈ મજૂરો ઉપર દેખરેખ રાખતા હતા. એક દિવસ એમના ઉપરી અમલદાર કામના નિરીક્ષણ માટે આવ્યા અને મજૂર મુકાદમને ચા બનાવી લાવવા જણાવ્યું. પરંતુ મજૂર પોતાની જગ્યાએથી ચા લેવા માટે ગયો નહીં, આથી ઉપરી અમલદારે ગુસ્સે થઈ મુકાદમને લાત મારી અપશબ્દો સંભળાવ્યા અને ફરીથી ચા બનાવી લાવવા હુકમ કર્યો, ત્યારે મુકાદમે આજીજીભર્યા શબ્દોમાં જણાવ્યું કે, 'સાહેબ આ દુષ્કાળમાં તો આકડાનું દૂધ પણ સુકાઈ ગયું છે તો ભેંસનું દૂધ ક્યાંથી લાવું?' (દેસાઈ ૨૦૦૨: ૨૬), આવું સાંભળી અમલદારે ગુસ્સે ભરાઈને અપશબ્દો બોલવાનું શરૂ કરી દીધું. સુખદેવભાઈથી આ બધું જોવાયું નહીં અને અમલદાર ઉપર ગુસ્સે થઈ રાજીનામું આપ્યું હતું (રૂબરૂ મુલાકાત – અરવિંદભાઈ ત્રિવેદી: ૨૨/૦૬/૨૦૧૫).

નોકરીમાંથી રાજીનામું આપ્યા બાદ સુખદેવભાઈએ ભીલો સાથે થતા અન્યાય સામે ન્યાય આપાવવાની પ્રતિજ્ઞા લીધી અને તેઓનું સેવાકાર્ય કરવાની શરૂઆત કરી. જેના લીધે એમના બ્રાહ્મણસમાજે એમને જ્ઞાતિ બહાર કાઢી મૂક્યા હતા, પરંતુ તેઓ લીધેલી પ્રતિજ્ઞા માટે મક્કમ રહ્યા હતા (ભીલ સેવા મંડળ, દાહોદ ૧૯૮૦: ૩૬). નોકરીનો ત્યાગ કર્યા બાદ સુખદેવભાઈએ ચૂપ ન રહી ૧૯૧૯ના દુષ્કાળની ગામેગામ ફરી માહિતી મેળવી અને ઉપલા અધિકારીઓની ગેરવર્તણૂક વિશેની માહિતી ભેગી કરવા માંડી. આ માહિતી તેઓ સ્થાનિક વર્તમાનપત્રોમાં મોકલી આપતા. આ સમયે મુંબઈમાં ગુજરાત સંકટ નિવારણ સમિતિની સ્થાપના થઈ હતી. એના પ્રમુખ

સર પુરુષોત્તમદાસ ઠાકરદાસ હતા અને ઇન્દુલાલ યાજ્ઞિક આ સમિતિના ગુજરાતના પ્રતિનિધિ હતા (શાહ ૧૯૫૫: ૧૦૦). તેઓ સર પુરુષોત્તમદાસને મળવા માટે મુંબઈ પણ ગયા હતા. તેમણે પંચમહાલ-દાહોદ વિસ્તારના દુષ્કાળનું આંખે જોયેલું વર્ણન આપ્યું. વધુમાં જણાવ્યું કે, 'મામલતદાર દુષ્કાળ નથી, દુષ્કાળ નથી એમ કહે છે આથી તમે જાતે આવીને પંચમહાલ-દાહોદની પરિસ્થિતિને નિહાળો તો તમને સાચી માહિતી જાણવા મળશે'. જેના પરિણામે સર પુરુષોત્તમદાસે તેમના મુનીમજી શ્રી એમ૦ એન૦ જોષીને આ વિસ્તારમાં ફરીને સાચી માહિતી મેળવી તેનો અહેવાલ આપવા જણાવ્યું. જેના પરિણામે મુનીમજી દાહોદ આવે છે, સુખદેવભાઈ તેમને દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ફેરવે છે. આ તપાસ દરમ્યાન મુનીમજીએ જોયું કે, 'મામલતદારો તથા બીજા અમલદારો અનાજનો ખાનગી વેપાર કરતા હતા અને વધુ ભાવ લઈને એનું વેચાણ કરતા હતા'. જો આ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે તો તેમની વધારાની આવક બંધ થઈ જાય. મુનીમજીએ પોતાના અહેવાલમાં લખ્યું કે, 'સુખદેવભાઈ જે કહે છે તે પૂર્ણ રીતે સાચું છે અને અહીંયાં લોકોની વિટંબણાઓનો કોઈ પાર નથી. ગામડાંમાં લોકોની સ્થિતિ દયનીય બની રહી છે અને બીજી બાજુ અમલદારો છાનો વેપાર કરી રહ્યા છે' (એજ). આ અહેવાલ સર પુરુષોત્તમદાસને આપ્યો, આ ઉપરાંત અન્ય કાર્યકરો પાસેથી પણ આ વિસ્તારના આવા જ અહેવાલો તેમને મળ્યા. આથી તેમણે મુંબઈના એ સમયના ગવર્નર સર જ્યોર્જ એમ્બોર્સ લૉઇડને (http//en.m.wikipedia.org: ૨૩-૦૭-૨૦૧૯) મળીને આ વિષયમાં ચર્ચા કરી. જેના પરિણામે ભ્રષ્ટ, બેદરકાર અને લાંચિયા અમલદારોની પંચમહાલ-દાહોદમાંથી બદલી કરવામાં આવી. સુખદેવભાઈના આવા પ્રયત્નોના પરિણામે ગવર્નર પોતે આ વિસ્તારની મુલાકાતે આવ્યા અને આ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી રાહતકાર્યો શરૂ કરાવ્યાં. દાહોદમાં પણ આવી દુષ્કાળજન્ય પરિસ્થિતિને પહોંચી વળવા માટે સ્થાનિક લોકોની મદદથી એક રાહત સમિતિની સ્થાપના કરવામાં આવી હતી. આ સમિતિ દ્વારા લોકોને સસ્તા ભાવે અનાજ મળે અને ઢોરો માટે ઘાસચારો મળે એ માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. સુખદેવભાઈને આ સમિતિના મંત્રી અને નર્મદાશંકરને આ સમિતિના સંચાલક બનાવવામાં આવ્યા હતા (યાજ્ઞિક ૧૯૯૯/૨૦૧૫: ૨.૨૨૮).

ઇન્દુલાલ યાજ્ઞિક ગુજરાત સંકટ નિવારણ સમિતિના પ્રતિનિધિ હોઈ વર્તમાનપત્રોમાં પંચમહાલ-દાહોદના દુષ્કાળ વિશે લેખો લખતા હતા. સુખદેવભાઈએ ઇન્દુલાલ યાજ્ઞિકને લખ્યું કે, 'દુષ્કાળ વિશે વર્તમાનપત્રોમાં લેખો લખો છો તે તો સારું પણ એક વખત અહીં આવી પરિસ્થિતિને નજરે જોઈ જાઓ તો ઘણો ફેર પડે'. જેના પરિણામે સુખદેવભાઈથી પ્રભાવિત થઈ તેઓને સરદાર વલ્લભભાઈ પટેલના ઘરે મળવા બોલાવ્યા હતા અને દુષ્કાળ વિશેની માહિતી મેળવી હતી. ત્યાર બાદ ૧૯૧૯ના જાન્યુઆરી માસમાં ઇન્દુલાલ યાજ્ઞિક દાહોદના દુષ્કાળગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેવા માટે આવ્યા હતા. સુખદેવભાઈએ તેમને દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ફેરવીને સાચી માહિતીથી વાકેફ કર્યા હતા. ત્યારથી ઇન્દુલાલ યાજ્ઞિક દુષ્કાળ સંદર્ભે ચાલતા રાહતકાર્યને નિહાળવા દાહોદ જતા હતા. ઇન્દુલાલ યાજ્ઞિકે ઘણીવાર સુખદેવભાઈ સાથે પગપાળા પ્રવાસ કરીને દાહોદ, ગરબાડા, લીમડી અને ઝાલોદના વિસ્તારોની મુલાકાત લઈને દુષ્કાળ રાહતકાર્યોની તપાસ ચલાવી હતી. તેઓ આ દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં કપડાં અને સસ્તી મકાઈ વહેંચવાનું કાર્ય કરતા હતા. આ વિસ્તારના આદિવાસીઓ સુખદેવભાઈને 'દાદા' તરીકે પૂજતા હતા. તેઓ આ સમયે નીડર સમાજસેવક તરીકે

ઓળખાતા થયા હતા (યાજ્ઞિક ૧૯૭૩/૨૦૧૧: ૬.૩૯૦-૩૯૧).

૧૯૧૯માં પંચમહાલના પૂર્વપટ્ટી વિસ્તારમાં દુષ્કાળની પરિસ્થિતિ ગંભીર હતી ત્યારે અમૃતલાલ ઠક્કર જમશેદપુરમાં કામ કરી રહ્યા હતા. તેમણે પંચમહાલના દુષ્કાળ વિશે વાંચ્યું હતું અને મનોમન આ વિસ્તાર માટે કંઈક કરવાનું વિચારી લીધું હતું. જમશેદપુરથી મુંબઈ આવ્યા બાદ તેમની મુલાકાત સર પુરુષોત્તમદાસ સાથે થઈ હતી. આ મુલાકાત દરમ્યાન સર પુરુષોત્તમદાસે ઠક્કરબાપાનું ધ્યાન આ દુષ્કાળગ્રસ્ત વિસ્તારો તરફ દોર્યું અને જણાવ્યું કે, 'મિસ્ટર ઠક્કર, આ તમારો વિષય છે, તમારા જેવાએ એક વખત ત્યાં જઈ આવવાની જરૂર છે. ત્યાં તત્કાળ રાહતકાર્ય કરવા માટે સ્થાનિક સમિતિ નીમી છે અને સુખદેવ ત્રિવેદી કરીને એક ઉત્સાહી આ બધું કામ કરે છે, છતાં એમને તમારા જેવા પીઢ અને કુશળ સેવકના માર્ગદર્શનની જરૂર છે' (શાહ ૧૯૫૫: ૧૦૧). સર પુરુષોત્તમદાસના સૂચનની એમના પર ઊંડી અસર પડી. મુંબઈ સમિતિના પ્રતિનિધિ તરીકે પંચમહાલના પૂર્વપટ્ટી વિસ્તારનાં રાહતકામો ચાલુ હોવા છતાં પ્રજાને અન્ય મદદની જરૂર છે કે નહીં તેની માહિતી મેળવવા અને રાહતકાર્ય વધુ સારી રીતે આ વિસ્તારમાં ચાલે તે માટે ઠક્કરબાપાને પંચમહાલ મોકલવામાં આવ્યા. ૧૯૧૯ના માર્ચ માસમાં તેઓ દાહોદ આવ્યા (એજ). સ્થાનિક રાહત સમિતિના કાર્યકરોને સાથે રાખીને એમણે આ વિસ્તારની માહિતી ચકાસણીનું આયોજન કર્યું. આ સમયે વાહનવ્યવહારની સગવડ ઓછી હતી. પરિણામે ગામડાંઓમાં પગપાળા અથવા બળદગાડામાં પ્રવાસ કરવો પડે તેમ હતું. એથી દુષ્કાળગ્રસ્ત ગામડાંઓમાં ફરવા માટે બળદગાડાની જોગવાઈ કરવામાં આવી હતી. આ બળદગાડું ચલાવવાની કામગીરી સુખદેવભાઈએ ઉપાડી કારણ કે તેઓ દુષ્કાળગ્રસ્ત વિસ્તારથી સુપરિચિત હતા, જેથી ટૂંક સમયમાં અસરગ્રસ્ત વિસ્તારોનો વાસ્તવિક ચિતાર પ્રવાસ કરી મેળવી શકાય. આ પ્રવાસ દરમ્યાન તેમણે દુષ્કાળગ્રસ્ત વિસ્તારના માણસોને 'ઘરમાં કેટલા માણસો છે? આવક શી છે? ખર્ચ શું છે? પહેલાં કેમ ગુજારો કરતા હતા? અત્યારે કેમ ચાલે છે?' (એજ, પૃ૦ ૧૦૩) આવા ઝીણવટભર્યા પ્રશ્નો પૂછી જેમને મદદ કરવા જેવી લાગે તેમને અનાજ, કપડાં ને કામળાની મદદ કરતા. આમ બંનેએ સાથે મળીને ૧૦ દિવસમાં દાહોદ-ઝાલોદ વિસ્તારનાં અંતરિયાળ ગામોમાં ૨૫૦ કિ૦મી૦થી પણ વધુ પ્રવાસ કરીને ૧૧ જેટલાં રાહતકેન્દ્રોની મુલાકાત લઈ માહિતી મેળવી અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરી હતી. અંતિમ આંકડા મુજબ આ રાહતકેન્દ્રોમાં સોળ હજાર માણસોએ કામ કર્યું હતું અને બાર હજાર માણસોને મદદ આપવામાં આવી હતી (એજ, પૃ૦ ૧૦૬). આ પ્રવાસ દરમ્યાન ઠક્કરબાપા સુખદેવભાઈના વધુ પરિચયમાં આવ્યા. આ પ્રવાસ દરમ્યાન તેઓ સુખદેવભાઈની ભીલો માટેની સહાનુભૂતિ અને એમને મદદ કરવાની ધગશથી ખૂબ પ્રભાવિત થયા હતા.

૧૯૨૧-૨૨માં ચોમાસુ નિષ્ફળ જવાને લીધે આ વિસ્તારમાં દુષ્કાળની સ્થિતિ ઉદ્ભવી હતી. આ દુષ્કાળની સ્થિતિમાં પણ અમલદારોએ મહેસૂલ એક જ હપતામાં વસૂલ કરવાનું નક્કી કર્યું હતું. જેના પરિણામે આ વિસ્તારના લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા. આ મહેસૂલ ખેડૂતો ભરી શક્યા નહીં, આથી અમલદારોએ તેમના ઉપર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું. જેમ કે દિવસ-રાત ભૂખ્યા ચોકમાં બેસાડી રાખવા, ગાળો આપવી અને માર મારવો જેવી સજા કરવામાં આવતી. તેમની આવી ત્રાસદાયક સજાના પરિણામે આદિવાસી ખેડૂતો ખૂબ જ ભયભીત બન્યા હતા. એક આદિવાસી ખેડૂત અમલદારોના આવા ત્રાસથી બચવા માટે પોતાની પુત્રીને જેસાવાડા જઈને વેચી આવ્યો હતો

(યાજ્ઞિક ૧૯૫૬: ૩.૫૦). આવી ગંભીર પરિસ્થિતિમાં આ આદિવાસીઓને મદદરૂપ બનવા માટે ઇન્દુલાલ અને ઠક્કરબાપા સુખદેવભાઈ સાથે આવા વિસ્તારોમાં ફર્યા હતા અને જરૂરી મદદ તેમજ સેવા આપી હતી.

ઠક્કરબાપાને દુષ્કાળના સમયમાં ભીલ આદિવાસીઓને ટુકડો રોટલો મેળવવા માટે, શરીરે ઢાંકવા કપડાં મેળવવા માટે અને બે આનાની મજૂરીનું કામ મેળવવા માટે ફરતા જોઈ દુ:ખ થતું હતું. ૧૯૨૦-૨૧ના દુષ્કાળ સમયે સુખદેવભાઈ અને ઠક્કરબાપા કપડાંની સહાય આપવા માટે ઝાલોદ વિસ્તારના શંકરપુરા ગામમાં ગયા હતા. તેઓને આવતા જોઈને એક ભીલ સ્ત્રી ઘરમાં જતી રહી હતી. તેને કપડાંની મદદ મેળવવા બહાર બોલાવવામાં આવવા છતાં તે સ્ત્રી ઘરની બહાર આવતી નથી. બહાર ન આવવાનું કારણ આપતાં તે સ્ત્રીએ જણાવ્યું કે, 'તેણીએ પોતાના શરીર પર એક પણ વસ્ત્ર પહેર્યું નથી'. આ સાંભળીને ઠક્કરબાપાને દુ:ખ થયું અને તેઓએ બહારથી જ કપડાંની મદદ આપી. આ કપડાં પહેરી તે સ્ત્રી ઘરની બહાર આવી તેઓને મળી (હઠીલા ૨૦૦૦: ૨). આદિવાસીઓની આવી દરિદ્રતાને જોઈને ઠક્કરબાપાએ આ વિસ્તારના આદિવાસીઓ માટે કાયમી સ્વરૂપનું કામ કરવાનો નિર્ણય કર્યો હતો. એના પરિણામે તેમણે દાહોદના દુષ્કાળ રાહત સમિતિના કાર્યાલયને ભીલ સેવા મંડળમાં તબદીલ કર્યું. આ રીતે, ડિસેમ્બર ૧૯૨૨માં ભીલ સેવા મંડળની દાહોદમાં સ્થાપના કરી હતી (ભીલ સેવા મંડળ, દાહોદ ૨૦૦૪: ૨૪). આ મંડળના પ્રમુખ તરીકે ઠક્કરબાપા અને મંત્રી તરીકે સુખદેવભાઈની વરણી કરી હતી (દેસાઈ ૨૦૦૨: ૨૭). આ મંડળ દ્વારા આદિવાસી વિસ્તારનાં બાળકોને ભણાવવાની, દારૂનિષેધ, રેંટિયા કાંતવાની પ્રવૃત્તિ, અસ્પૃશ્યતા નિવારણ, પ્રૌઢશિક્ષણ, દુષ્કાળના સમયમાં રાહત કામગીરી, વગેરે જેવી પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે.

મંડળની સ્થાપના બાદ મંડળ સામે પ્રથમ પ્રશ્ન નાણાંભંડોળનો ઉદ્ભવ્યો હતો. આ પ્રશ્નના નિરાકરણ અર્થે ઠક્કરબાપાના કહેવાથી સુખદેવભાઈ અમદાવાદ ગયા હતા. અમદાવાદના જુદા-જુદા વિસ્તારોમાં ફરીને તેઓ મંડળ માટે દાન લેવા મિલમાલિકો અને શ્રીમંતોના ઘરે જતા હતા. આ સમય દરમ્યાન તેમને ઘણી વખત અપમાનજનક શબ્દો પણ સાંભળવા પડતા હતા. જેમ કે, એકવાર સુખદેવભાઈ રેવડી બજારમાં એક દુકાનદારને ત્યાં ભંડોળ મેળવવા માટે ગયા. થડા ઉપર બેઠેલા શેઠે એમને 'ફુરસદ નથી, કાલે આવજો' એવું કહ્યું. આથી સુખદેવભાઈએ ભીલ સેવા મંડળનો અહેવાલ મૂકીને શેઠને એ વાંચવાની ભલામણ કરી, જેથી શેઠને મંડળની પ્રવૃત્તિઓની જાણકારી મળે. સુખદેવભાઈનાં વાક્યોથી શેઠે ગુસ્સે થઈ કહ્યું કે, 'તમે જાઓ છો કે નોકરને કહીને ધક્કો મારીને બહાર કાઢવાનું કહું?' (શાહ ૧૯૫૫: ૧૬૭). આવા અપમાનજનક શબ્દો સાંભળવા છતાં પણ તેઓએ દાન ઉઘરાવવાનું છોડ્યું ન હતું અને દાન પ્રાપ્ત કરી આર્થિક રીતે મંડળને સધ્ધર બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું. તેઓ ભીલ સેવા મંડળના આજીવન સભ્ય બની રહ્યા હતા અને મંડળના માધ્યમથી ભીલોની સેવામાં પ્રવૃત્તિમય રહ્યા હતા.

ભીલ સેવા મંડળની સ્થાપના બાદ નવી શાળા અને આશ્રમો શરૂ કરવાની કામગીરી કરવામાં આવી. મંડળ તરફથી શાળા અને આશ્રમો શરૂ કરવા માટે સ્વયંસેવકો ગામોમાં જતા હતા, ત્યાં શરૂઆતથી જ તેઓના પગ ન જામવા દેવા માટેની નીતિ કેટલાક કર્મચારીઓ દ્વારા અપનાવી

લેવામાં આવી હતી કેમ કે તેમને બીક હતી કે શિક્ષણના પરિણામે આ વિસ્તારમાં તેમનું શાસન પૂર્ણ થઈ જશે (એજ, પૃ૦ ૧૫૩). આ કારણે સુખદેવભાઈ ઉપર મીરાખેડીની જમીન માટે દાવો કરવામાં આવ્યો હતો. સુખદેવભાઈએ મીરાખેડીમાં સંસ્થા માટે ખેતીની જમીન લઈને ત્યાં આશ્રમ માટે એક ઝૂંપડી બનાવી હતી. ખેતી માટેની આ જમીન ઉપર ખેતી સિવાય આશ્રમને લગતું અન્ય કાર્ય કરવા માટે તેમના ઉપર દાવો કરીને નેવું રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો. આ બાબતને લઈને સુખદેવભાઈ કલેક્ટરને મળ્યા અને કહ્યું કે, 'મેં ગાંધીજી જેવા નિષ્ણાત વકીલના માર્ગદર્શન બાદ જ આ ઝૂંપડી બનાવી છે'. અને વધુમાં જણાવ્યું કે, 'ખેતી તો હું કરું જ છું, પરંતુ નવરાશના સમયમાં બાળકોને ભણાવું છું એટલે કાનૂનના નિયમ પ્રમાણે મને દંડ ન થવો જોઈએ'. છતાં પણ દંડની રકમમાંથી મુક્તિ ન આપતાં દંડની રકમ નેવું રૂપિયાથી ઘટાડીને દસ રૂપિયા કરવામાં આવી. છેલ્લે સુખદેવભાઈએ દસ રૂપિયા ભરીને આ બાબતમાંથી છુટકારો મેળવ્યો હતો (એજ, પૃ૦ ૧૫૪–૧૫૫).

દુષ્કાળના કપરા સમયમાં ઠક્કરબાપાએ દાન અને કપડાં મેળવવા માટે અપીલ બહાર પાડી હતી. બીજી બાજુ એમણે આ વિસ્તારના લોકોને સાથે રાખીને રેંટિયો સૂતર કાંતીને આવક ઊભી કરવા માટેના પ્રયત્નો શરૂ કર્યા હતા. ભીલોમાં આ રેંટિયાપ્રવૃત્તિ ખાસ પ્રચલિત થઈ હોવાથી રેંટિયાબારસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ શુભ દિવસે ગાંધીજી દાહોદમાં હાજર હોવા જોઈએ એવું સુખદેવભાઈને લાગતાં તેઓ દુષ્કાળના બહાને ગાંધીજીને દાહોદ બોલાવી લાવ્યા. આ પ્રસંગે સુખદેવભાઈએ પ્રતિજ્ઞા લીધી હતી કે, 'જ્યાં સુધી સ્વરાજ નહીં મળે ત્યાં સુધી માથે ટોપી પહેરીશ નહીં અને દાઢી વધારીશ'. તેમની આ દેશભક્તિની પ્રતિજ્ઞા વિશે ગાંધીજીને જાણ થતાં ગાંધીજીએ તેમને 'સુખદેવ મિયાં' તરીકે ઓળખાવ્યા હતા (ભીલ સેવા મંડળ, દાહોદ ૧૯૮૦: ૩૭). ગામેગામ ફરીને સુખદેવભાઈ લોકોની જરૂરિયાત વિશેની માહિતી મેળવતા હતા. આવી મુસાફરીમાં સતત વ્યસ્ત રહેવાના કારણે તેમણે રેંટિયો કાંતવાનું છોડી દીધું હતું. ૨ જાન્યુઆરી ૧૯૨૫માં ગાંધીજી પંચમહાલ આવ્યા ત્યારે આ વાતની જાણ તેમણે ગાંધીજીને કરી ત્યારે ગાંધીજીએ કહ્યું કે, 'એમણે કરેલી કામગીરીની વ્યસ્તતાને લીધે એ કાંતવાનું છોડી દે એ તો અસહ્ય છે. આપણા કામ કરનારાઓ જ ન કાંતે તો ભારે દુર્દશા થાય ને! ભાઈ સુખદેવને કાંતવાનું નથી ગમતું એમ નહીં પણ એમને કાંતતા આળસ થાય છે. હું કોઈ પણ ગુજરાતી પાસે આ શબ્દ સાંભળવા નથી માંગતો' (દેસાઈ ૧૯૬૫: ૭.૮). આમ ગાંધીજીએ સુખદેવભાઈને આળસ છોડી રેંટિયો કાંતવાનું જણાવ્યું હતું. ઝાલોદ વિસ્તારમાં આ રેંટિયાપ્રવૃત્તિ બે વર્ષ ચાલી હતી (ભીલ સેવા મંડળ, દાહોદ ૧૯૮૦: ૩૭).

૧૯૩૦માં સુખદેવભાઈ ઠક્કરબાપાની રજા લઈ ગાંધીજી સાથે લડતમાં જોડાયા હતા. ધરાસણા સત્યાગ્રહમાં ત્રણ હજાર જેટલા સ્વયંસેવકો પોલીસની લાઠીઓથી ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ સ્વયંસેવકોમાં સુખદેવભાઈ પણ હતા (શાહ ૧૯૫૫: ૪૫). ઉપરાંત સવિનય કાનૂનભંગના માર્ગે જંગલ સત્યાગ્રહ કરવા માટે આદિવાસીઓને તેમણે પ્રેરિત કર્યા હોવાથી તેમની ધરપકડ કરી એમને અમદાવાદ, નાસિક અને યરવડા જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા. યરવડાના જેલવાસ દરમિયાન ભોજન સારું ન મળતાં તેમણે ૨૭ કેદીઓ સાથે મળીને વિરોધમાં ઉપવાસ કર્યા હતા. આમ જેલમાં તેઓ અંગ્રેજોનો વિરોધ કરવાનું ચૂક્યા ન હતા. ત્યાર બાદ ગાંધી-અર્વિન કરાર થતાં

છ મહિના બાદ રાજદ્વારી કેદીઓને છોડી મૂકવામાં આવતાં તેઓ પણ મુક્ત થયા (ભીલ સેવા મંડળ, દાહોદ ૧૯૮૦: ૩૮). ૧૯૩૧માં ગાંધીજીએ ગોળમેજી પરિષદમાંથી પરત આવી રાષ્ટ્રીય ચળવળ શરૂ કરવાનું નવયુવાનોને જણાવ્યું હતું. આ ચળવળમાં પણ સુખદેવભાઈ જોડાયા હતા પરિણામે તેમની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં તેમને દરરોજ હાજરી આપવાનું જણાવી છોડી મૂકવામાં આવ્યા હતા. પરંતુ તેઓએ સત્યાગ્રહ કરી કાયદાનો ભંગ કર્યો હોવાથી અઢી વર્ષ માટે સાબરમતી જેલમાં કેદ કરવામાં આવ્યા હતા (એજ). ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં પણ સુખદેવભાઈ જોડાયા હતા. એમની પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવા આ સમયે બ્રિટિશ સરકારે તેમને નજરકેદ રાખ્યા હતા (એજ). હિંદ છોડો ચળવળમાં આપેલા યોગદાનની કદર બદલ દાહોદ નગરપાલિકા દ્વારા સુખદેવભાઈના કુટુંબીઓને તા. ૦૨/૧૦/૧૯૯૨ના રોજ મરણોત્તર સન્માનપત્ર આપવામાં આવ્યું હતું (રૂબરૂ મુલાકાત – અરવિંદભાઈ ત્રિવેદીઃ ૨૨/૦૬/૨૦૧૫).

સુખદેવભાઈએ ગુજરાત રાજ્ય સિવાય અન્ય રાજ્યમાં પણ સમાજસેવાની ફરજ અદા કરી હતી. ૧૫ જાન્યુઆરી ૧૯૩૪ના રોજ બિહારમાં ધરતીકંપ અને ત્યાર બાદ રેલસંકટની પરિસ્થિતિ ઉદ્ભવી હતી (www.indiawaterportal.org.: ૨૩/૦૭/૨૦૧૯). ત્યાં તેમણે રેલસંકટગ્રસ્ત વિસ્તારનાં અનાથ બાળકો માટે ચાર અનાથાશ્રમો તેમજ ત્યક્તાઓ અને કન્યાઓ માટે એક આશ્રમની સ્થાપના કરાવી હતી (ભીલ સેવા મંડળ – દાહોદ ૧૯૮૦: ૩૯). ૧૯૪૪માં ઓરિસ્સામાં અતિવૃષ્ટિ સમયે સુખદેવભાઈએ આઠ મહિના સુધી ત્યાં રહીને લોકોની સેવા કરી હતી. આ વિસ્તારના લોકો માંસાહારી હતા જ્યારે સુખદેવભાઈ શાકાહારી હોવાથી શાકાહારી ભોજન ન મળતાં ઘણી વાર એમને ભૂખ્યા રહેવું પડતું હતું. આ વિસ્તારમાં આવેલા ચંડીખોલના પહાડમાં જ્યાં શબર ભીલોનું પ્રમાણ વધારે છે ત્યાં તેમણે આ જાતિનાં બાળકો માટે એક આશ્રમની સ્થાપના કરી હતી (એજ, પૃ૦ ૩૮). આમ, તેમણે ગુજરાત સિવાય અન્ય રાજ્યમાં સેવા આપી હતી.

સુખદેવભાઈ તાલુકા અને જિલ્લા કૉંગ્રેસ સમિતિના ઉપપ્રમુખપદે ચૂંટાયા હતા. આ રીતે એમણે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. મુંબઈ ધારાસભામાં લક્ષ્મીદાસ શ્રીકાન્તભાઈને ઠક્કરબાપાએ દિલ્હીમાં આદિવાસી અને પછાત જાતિના કમિશનર તરીકે મોકલ્યા હતા. એના પરિણામે મુંબઈ ધારાસભાની જગ્યા ખાલી થતાં તે સ્થાન ઉપર સુખદેવભાઈની નિમણૂક કરવામાં આવી હતી. ૧૯૫૧ની પ્રથમ સામાન્ય ચૂંટણી થઈ ત્યાં સુધી તેઓ ધારાસભ્ય તરીકે રહ્યા હતા (એજ, પૃ૦ ૪૦).

૧૯૫૨ની મુંબઈ ધારાસભાની ચૂંટણીમાં અંબાલાલ વ્યાસ દાહોદ-ઝાલોદ તાલુકાની અનામત બેઠક પર ચૂંટાઈ આવ્યા હતા. પરંતુ થોડા સમયમાં જ તેઓ બીમાર પડતાં સુખદેવભાઈ તેમને મળી ખબર-અંતર પૂછવા માટે ટીંટોડી આશ્રમમાં ગયા હતા અને પરત દાહોદ આવ્યા હતા. તેના બીજા દિવસે સુખદેવભાઈ પર લકવાનો હુમલો થયો હતો. સારવાર કરાવ્યા છતાં તેઓ સાજા થઈ શક્યા નહીં. પરિણામે તેઓ પથારીવશ બન્યા હતા. પથારીવશ હોવા છતાં તેઓ ગરીબ આદિવાસીઓ અને જરૂરિયાતમંદ માણસોને ફોન દ્વારા અથવા રૂબરૂ ફરિયાદ સાંભળી યોગ્ય નિકાલ કરી આપતા હતા (એજ). લકવાગ્રસ્ત હોવા છતાં તેઓ રૂબરૂ મળવા જતા હશે તેવો પુરાવો ભીલ સેવા મંડળ દ્વારા સ્થાપિત સુખદેવ આશ્રમશાળામાંથી પ્રાપ્ત થાય છે, જે હાલના દાહોદ જિલ્લાના ફતેપુરા

તાલુકાના વાંગડ ગામમાં આવેલો છે. તેઓ ૧૭ જૂન ૧૯૬૧ના રોજ આ આશ્રમશાળામાં ગયા હતા અને તેમણે આશ્રમશાળાની મુલાકાતી ડાયરીમાં આશ્રમશાળા વિશે પોતાનો અભિપ્રાય લખ્યો હતો (સુખદેવ આશ્રમશાળા, વાંગડ, મુલાકાતી ડાયરી). એ ઉપરથી કહી શકાય કે એમણે બીમાર અવસ્થામાં લોકો માટેનું સેવાકાર્ય છોડ્યું ન હતું. આવા ભીલોમાં 'કાકા'ના હુલામણા નામે પ્રસિદ્ધ બનેલા સુખદેવભાઈએ તારીખ ૨૧ નવેમ્બર ૧૯૬૩ના રોજ દેહત્યાગ કર્યો હતો.

ભીલ સેવા મંડળ – દાહોદ દ્વારા ઠક્કરબાપાની જન્મજયંતી (૨૯ નવેમ્બર)ના દિવસે ૨૦૧૫ના રોજ સુખદેવભાઈની સ્મૃતિરૂપે પુત્ર અરવિંદભાઈના હસ્તે એમના પૂતળાનું અનાવરણ ભીલ કન્યા આશ્રમશાળા – દાહોદના પટાંગણમાં કરવામાં આવ્યું હતું. સુખદેવભાઈની સાથે ઠક્કરબાપા, મોરારજી દેસાઈ, ડાહ્યાભાઈ નાયક અને શ્રીકાંતભાઈ શેઠનાં પૂતળાઓનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું (અંગત મુલાકાત – અરવિંદભાઈ ત્રિવેદીઃ ૨૫/૦૭/૨૦૧૯).

ઇન્દુલાલ યાજ્ઞિક તેમની આત્મકથામાં સુખદેવભાઈ વિશે લખે છે કે, 'પંચમહાલમાં નીડર અને સેવાભાવી બે મુખ્ય સેવકો હતા. એક ગોધરામાં વામનરાવ મુકાદમ અને બીજા દાહોદમાં સુખદેવભાઈ ત્રિવેદી. દાહોદના રાહતકામમાં મારા સાથી મિત્ર માર્ગદર્શક તો સુખદેવભાઈ જ હતા. એ ભીલોની સમગ્ર સેવાપ્રવૃત્તિમાં એ મૂળ પુરુષ સાથે મારે બે વર્ષથી સગાભાઈ જેવો સંબંધ થયો હતો. અમારા ઘડતર અને ભણવામાં ભેદ હોવા છતાં ભીલો માટે અમારા દિલમાં એકસરખો જોશ ભભકતો હતો અને એ દુઃખી થતા લોકોની સેવા કરવાનો અવસર ચૂકતા નહીં. તેમનો સંદેશો મળતાં હું પણ તેમની સાથે રાહતકાર્યોમાં જોડાતો અને તેમની સાથે ગામડે ગામડે ફરતો અને લોકોને મદદ કરતો. તે વખતે સુખદેવભાઈને વણીકરદાદા નેતા તરીકે પૂજતા અને અન્ય સર્વે તેમને નીડર અને ખડતલ સમાજસેવક તરીકે ચાહતા' (યાજ્ઞિક ૧૯૫૫/૨૦૧૧: ૨.૨૧૯).

ઠક્કરબાપાનો પણ સુખદેવભાઈ પ્રત્યે બહુ ઊંચો અભિપ્રાય હતો. એક જગ્યાએ તેઓ સુખદેવભાઈનો પરિચય આપતાં જણાવે છે કે, 'સુખદેવભાઈ વિશ્વનાથ ત્રિવેદી જે સુખદેવકાકાના નામે ઓળખાય છે એ ભીલોની સેવા કરનાર પિતા અને હું માતા છીએ એમ ગણી શકાય' (શાહ ૧૯૫૫: ૧૪૩).

## સંદર્ભસૂચિ

ગાંધી, મોહનદાસ કરમચંદ. ૧૯૬૯. *ગાંધીજીનો અક્ષરદેહ,* ગ્રંથ-૧૪. અમદાવાદઃ નવજીવન પ્રકાશન મંદિર.
દેસાઈ, ઇલાબેન. ૨૦૦૨. *ધૂપ-સુંગધ.* દાહોદઃ રૂનવાલ મુદ્રક.
દેસાઈ, મહાદેવ. ૧૯૬૫. *મહાદેવભાઈની ડાયરી.* ચંદુલાલ ભગુભાઈ દલાલ (સંપા૦) પુસ્તક ૭મું (૩૦-૧૨-૧૯૨૪થી ૩૦-૦૪-૧૯૨૫). અમદાવાદઃ સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ.
ભીલ સેવા મંડળ – દાહોદ, ૧૯૮૦. *સુવર્ણ જયંતી મહોત્સવ.* અમદાવાદઃ નવજીવન મુદ્રણાલય.
ભીલ સેવા મંડળ – દાહોદ, ૧૯૮૨. *રામબાણ.* દાહોદઃ મહાવીર પ્રિન્ટિંગ પ્રેસ.
ભીલ સેવા મંડળ – દાહોદ, ૨૦૦૪. *અમૃત મહોત્સવ.* દાહોદઃ નવજીવન મુદ્રણાલય.
યાજ્ઞિક, ઇન્દુલાલ. ૧૯૫૫/૧૯૭૦. *આત્મકથા* ભાગ–૨. અમદાવાદઃ વસંત પ્રિન્ટિંગ પ્રેસ.
યાજ્ઞિક, ઇન્દુલાલ. ૧૯૫૫/૨૦૧૧. *આત્મકથા* ભાગ–૧, ૨. વડોદરાઃ અરુણાબેન મહેતા મેમોરિયલ ટ્રસ્ટ.

યાજ્ઞિક, ઇન્દુલાલ. ૧૯૫૬. *આત્મકથા* ભાગ–૩. અમદાવાદઃ વસંત પ્રિન્ટિંગ પ્રેસ.
યાજ્ઞિક, ઇન્દુલાલ. ૧૯૭૩/૨૦૧૧. *આત્મકથા* ભાગ–૬. વડોદરાઃ અરુણાબેન મહેતા મેમોરિયલ ટ્રસ્ટ.
રૂબરૂ મુલાકાત.
અરવિંદભાઈ ત્રિવેદી. દાહોદ. ઉંમર-૬૫. ૨૨/૦૬/૨૦૧૫. (શ્રી સુખદેવભાઈ વિશ્વનાથ ત્રિવેદીના પુત્ર).
શાહ, કાન્તિલાલ. ૧૯૫૫. *ઠક્કરબાપા* (હિન્દી અનુવાદક રામનારાયણ ચૌધરી). અમદાવાદઃ નવજીવન મુદ્રણાલય.
સુખદેવ આશ્રમશાળા - વાંગડ. મુલાકાતી ડાયરી.
હઠીલા ચુનીભાઈ. ૨૦૦૨. *ગુજરાતની નવી તાલીમ સંસ્થાઓની પરિચયમાળા*, પુષ્પ–૯. ભીલ સેવા મંડળ – દાહોદ(હિન્દી અનુવાદઃ અશોક વર્મા). અમદાવાદઃ ગૂજરાત વિદ્યાપીઠ.
http://www.indiawaterportal.org/search/site/Bihar%201934. 23/07/2019.
https://en.wikipedia.org/wiki/List_of_governors_of_Bombay. 23/07/2019.

૮૦ કે ૮૫ ટકા માણસોનાં જીવનની જરૂરિયાતોનો વિચાર કરવાને બદલે, મુઠ્ઠીભર માણસોની જરૂરિયાતોનો અથવા રાજ્યનાં થોડાં ખાતાંઓની જરૂરિયાતોનો જ વિચાર કરી યોજાયેલી કેળવણી એ રાષ્ટ્રીય કેળવણી તો નથી જ, પણ ખોટી કેળવણી હોવાથી અવિદ્યા જ છે.

(કિશોરલાલ ઘ૰ મશરૂવાળા, *ગાંધી-વિચાર-દોહન*, પૃ૰ ૧૫૪.)



પિડિલાઇટ
પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિ. મુંબઈ – ફેવિકોલ બ્રાન્ડના નિર્માતા